અમદાવાદથી પ્રકાશિત થતું ગુજરાતી દૈનિક

# ચેનલ નાઈન નેટવર્ક ગુજરાત

તારીખ : ૧૧ જુલાઈ ૨૦૨૩, મંગળવાર | વર્ષ : ૧૪ | તંત્રી : પટેલ સુરેશ રમણલાલ | કિંમત : રૂા. ૨.૦૦
વિક્રમ સંવત ૨૦૭૯, અષાઢ વદ નોમ | અંક : ૩૩૮ | અમદાવાદ | પાના : ૮

ઓફિસ : ૩૧૫, સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રોડ, વસ્ત્રાપુર, અમદાવાદ - ૩૮૦ ૦૧૫. ટેલિફોન : ૦૭૯-૨૬૭૬૫૭૩૩ e-mail : cnngujarat@yahoo.com, cnngujarat@gmail.com RNI Reg. No. GUJGUJ/2009/28886

## ન્યૂઝ બ્રિફ

### પ.બંગાળની ચૂંટણીઓની હિંસા સહન ન કરી શકાય : દિગ્વિજયસિંહ



। નવી દિલ્હી, તા.૧૦ ।

પશ્ચિમ બંગાળમાં પંચાયત ચૂંટણી દરમિયાન થયેલી હિંસા બાદ રાજકારણ ગરમાયું છે. આ વચ્ચે હવે કોંગ્રેસના નેતા અને મધ્યપ્રદેશના પૂર્વ મુખ્યમંત્રી દિગ્વિજય સિંહનું નિવેદન સામે આવ્યું છે. સોમવારેઆ મુદ્દે બોલતા દિગ્વિજય સિંહે કહ્યું કે આવી ઘટનાઓને સહન ન કરી શકાય. તેમણે કહ્યું, હું મુખ્યમંત્રી મમતા બેનરજીનો પ્રશંસક રહ્યો છું પરંતુ વર્તમાન પરિસ્થિતિ આપણા લોકતંત્ર માટે સારી નથી.

### જમ્મુ-કાશ્મીરના ડોડામાં ૫.૪ની તિવ્રતાનો ભૂકંપ

। જમ્મુ, તા.૧૦ ।

જમ્મુ-કાશ્મીરના ડોડા જિલ્લામાં ફરી એકવાર ભૂકંપનો આંચકો અનુભવાયો હતો જેને લીધે લોકો ફફડી ઊઠ્યા હતા. આ વખતે વહેલી સવારે ૫.૩૮ વાગ્યાના સુમારે ધરા ધ્રૂજી હતી. નેશનલ સેન્ટર ફોર સિસ્મોલોજી દ્વારા આ માહિતી આપવામાં આવી હતી. સદભાગ્યે કોઈ જાનહાનિ થઈ નથી. જૂનથી અત્યાર સુધીની વાત કરીએ તો છેલ્લા એક મહિનામાં જમ્મુ-કાશ્મીરના ડોડામાં જ આવેલો આ ૧૨મો ભૂકંપ હતો. આ વખતે આવેલા ભૂકંપનું કેન્દ્ર જમીનથી ૧૦ કિ.મી. ઊંડે હતું. સદભાગ્યે અત્યાર સુધી કોઈ જાનહાનીના અહેવાલ આવ્યા નથી. અગાઉ ૧૩ જૂને ડોડામાં જ ૫.૪ની તીવ્રતાના ભૂકંપને લીધે અનેક ઈમારતો અને મકાનોમાં તિરાડો પડી ગઈ હતી.

### શિવસેનાના ચિહ્નને લઈ સુપ્રીમ કોર્ટમાં ૩૧ જુલાઈએ સુનાવણી

। મુંબઈ, તા.૧૦ ।

શિવસેનાના ચિહ્નને લઈને ઉદ્ધવ જૂથ દ્વારા દાખલ કરવામાં આવેલી અરજી પર વહેલી સુનાવણીની માંગ પર સુપ્રીમ કોર્ટે ૩૧ જુલાઈએ સુનાવણીનો આદેશ જાહેર કર્યો છે. ઉદ્ધવ જૂથે ચૂંટણી પંચના નિર્ણયને સુપ્રીમ કોર્ટમાં પડકાર્યો છે. ચૂંટણી પંચે શિંદે જૂથને ધનુષ-બાનના ચૂંટણી ચિહ્ન અને પક્ષ પર અધિકારો આપ્યા હતા, જેને ઠાકરે જૂથ દ્વારા પડકારવામાં આવ્યો છે.

## ઉત્તર અને પશ્ચિમ ભારતમાં ભારે વરસાદે તબાહી મચાવી

# દેશના અનેક રાજ્યોમાં વરસાદી આફતથી ૫૦થી વધુનાં મોત

## દેશભરમાં મુશળધાર વરસાદને કારણે ભૂસ્ખલન, આભ ફાટવા, મકાન ધરાશાયી થવા, વૃક્ષો પડવા અને વીજળી પડવા જેવી ઘટનાઓથી ભારે તબાહી

। નવી દિલ્હી, તા.૧૦ ।

ઉત્તર અને પશ્ચિમ ભારતમાં ભારે વરસાદે તબાહી મચાવી છે. હિમાચલ પ્રદેશ સહિતના પહાડી રાજ્યોને સૌથી વધુ નુકસાન થયું છે. છેલ્લા ૨૪ કલાકમાં મુશળધાર વરસાદને કારણે ભૂસ્ખલન, આભ ફાટવા, મકાન ધરાશાયી થવા, વૃક્ષો પડવા અને વીજળી પડવા જેવી ઘટનાઓથી અત્યાર સુધીમાં લગભગ ૫૦ લોકોના મોત થઈ ચૂક્યા છે. યમુના નદી ચેતવણીના સ્તરને પાર પહોંચવાની તૈયારીમાં છે. બપોરે ૨ વાગ્યે જૂના રેલવે બ્રિજ પર નદીનું જળસ્તર ૨૦૪.૮૮ મીટર નોંધાયું હતું. નદીનું જોખમ સ્તર ૨૦૫.૩૩ મીટર છે. બપોરે ૨ વાગ્યે હથનીકુંડ બેરેજમાંથી ૨,૧૩,૬૭૯ ક્યુસેક પાણી છોડવામાં આવ્યું છે. હિમાચલ પ્રદેશના વિક્ટોરિયા બ્રિજ અને પંચવક્ત્ર મંદિરની આસપાસના મંડીના ભયાનક દ્રશ્યો જોવા મળ્યા હતા.ગુજરાતમાં સવારે ૬ વાગ્યાથી બપોરે ૧૨ વાગ્યા સુધીમાં ૧૦૭ તાલુકામાં વરસાદ નોંધાયો છે. સાબરકાંઠાના તલોદમાં અને મહીસાગરના લુણાવાડા સૌથી વધુ ૪-૪ ઈંચ વરસાદ વરસ્યો છે. હિમાચલ પ્રદેશમાં મોડી રાત્રે બચાવ કામગીરીમાં, ટીમે મંડી જિલ્લાના નાગવૈન ગામ નજીક બિયાસ નદીમાં વરસાદ પછી નદીના જળસ્તરમાં વધારો થવાને કારણે ફસાયેલા ૬ લોકોને બચાવ્યા.



### દિલ્હીમાં મિન્ટો બ્રિજના અંડરપાસની નીચે પાણી ભરાયું

દેહરાદૂનના શિમલા બાયપાસ ચોક પાસે આવેલા રામગઢ ગામના. વીડિયોમાં વરસાદી નદીના ઝડપી વહેતા પાણીમાં ફસાયેલી બસમાંથી મુસાફરો સુરક્ષિત રીતે બહાર નીકળવાનો પ્રયાસ કરતા જોવા મળે છે. હકીકતમાં, હિમાચલ રોડવેઝની ચંદીગઢથી હરિદ્વાર જઈ રહેલી મુસાફરોથી ભરેલી બસ વરસાદી નદીમાં પાણી આવવાને કારણે ફસાઈ ગઈ હતી. બસમાં બેઠેલા મુસાફરોએ બસની છત પર ચઢીને અને પછી સલામત સ્થળે કૂદીને પોતાનો જીવ બચાવ્યો હતો. કસોલમાં રસ્તાના કિનારે હાઈવે પર વાહનો પાર્ક કરેલા હતા. આ દરમિયાન પાર્વતી નદીમાં પૂર આવ્યું હતું. લોકો કંઈ સમજે કે વાહનો હટાવે તે પહેલા ધમસમતા આવેલું નદીનું વહેણ તમામ વાહનોને ખેંચી ગયું હતું. આ જ રીતે મંડીમાં પૂરમાં કુલ્લુ-બંજાર-લુહરી-રામપુરાને જોડતો ૫૦ વર્ષ જૂનો પુલ પણ પાણીમાં વહી ગયાનો વીડિયો સોશિયલ મીડિયામાં વાયરલ થયો છે.

## ઈસરો દ્વારા કામગીરી હાથ ધરાશે

# લોન્ચિંગ વ્હીકલ એસએસએલવીને ખાનગી ક્ષેત્રને સોંપવાની તૈયારીઓ

### વ્હીકલ ૫૦૦ કિગ્રા વજનના ઉપગ્રહોને લો-અર્થ ઓર્બિટમાં મૂકવા માટેની સેવાઓ પ્રદાન કરે છે

। નવી દિલ્હી, તા.૧૦ ।

ટૂંક સમયમાં ઈન્ડિયન સ્પેસ રિસર્ચ ઓર્ગેનાઈઝેશન તેના નાના સેટેલાઈટ લોન્ચ વ્હીકલને ખાનગી ક્ષેત્રને ટ્રાન્સફર કરશે. આ પહેલા, તે રોકેટ દ્વારા બે ડેવલપ મેન્ટ ફ્લાઈટ્સ લોન્ચ કરશે, જે ૫૦૦ કિગ્રા વજનના ઉપગ્રહોને લો-અર્થ ઓર્બિટમાં મૂકવા માટેની સેવાઓ પ્રદાન કરે છે. એક વરિષ્ઠ અધિકારીએ જણાવ્યું હતું કે, સ્પેસ એજન્સીએ મિની રોકેટને ઉદ્યોગમાં સ્થાનાંતરિત કરવા માટે બિડિંગ રૂટ પર જવાનું નક્કી કર્યું છે. અમે એસએસએલવીને સંપૂર્ણપણે ખાનગી ક્ષેત્રને ટ્રાન્સફર કરીશું. ગયા વર્ષે ઓગસ્ટમાં એસએસએલવીની પ્રથમ ઉડાન બીજા તબક્કાના વિભાજન દરમિયાન 'ઈક્વિપ મેન્ટ બે ડેક' પર સંક્ષિપ્ત વાઈબ્રેશન ડિસ્ટર્બન્સને કારણે વિક્ષેપિત થઈ હતી. ઈસરોએ ખામીનું સંપૂર્ણ વિશ્લેષણ કર્યું અને સુધારાત્મક પગલાં લીધા અને પછી ફેબ્રુઆરીમાં સફળતા પૂર્વક એસએસએલવી લોન્ચ કર્યું. એસએસએલવી એ ઈસરોના ઈઓએસ-૦૭, અમેરિકન કંપની અન્તરિસ જાનુસ -૧ અને ચેન્નઈ સ્થિત સ્પેસ સ્ટાર્ટ-અપ 'સ્પેશ કિડ્ઝ કેએસ આઝાદી એસએટી -૨ ઉપગ્રહોને ૪૫૦-કિમીની ભ્રમણકક્ષામાં મૂક્યા છે.

### સ્પેસ એજન્સીએ મિની રોકેટને ઉદ્યોગમાં સ્થાનાંતરિત કરવા માટે બિડિંગ રૂટ પર જવાનું નક્કી કર્યું

નાના રોકેટ, જેમ કે એસએસએલવી, ટાર્ગેટ નેનો- અને માઈક્રો-ઉપ ગ્રહ, જેનું વજન અનુક્રમે 10 kg અને 100 kg કરતાં ઓછું છે અને માંગ પર પ્રક્ષેપણ સેવાઓ પૂરી પાડે છે. ગયા વર્ષે ઈસરોએ હિન્દુસ્તાન એરોનોટિક્સ લિમિટેડ અને લાર્સન એન્ડ ટુબ્રોના કન્સોર્ટિયમને પાંચ ધ્રુવીય સેટેલાઈટ લોન્ચ વ્હીકલ (પીએસએલવી) બનાવવા માટે કોન્ટ્રાક્ટ આપ્યો હતો.

## મણિપુરના પશ્ચિમી કંગપોકપી વિસ્તારમાં અથડામણો

# મણિપુરની હિંસામાં પોલીસ કર્મીનું મોત, ૧૦થી વધુ ઘાયલ

### ગોળીબાર કંગપોકલી જિલ્લાના કાંગચુપ વિસ્તારના ગામો પહાડી વિસ્તારોને નિશાન બનાવીને કરવામાં આવ્યો



। ઈમ્ફાલ, તા.૧૦ ।

મણિપુરના પશ્ચિમી કંગપોકપી વિસ્તારમાં આખીરાત હિંસક અથડામણો ચાલી હતી, ત્યારબાદ આજે એક પોલીસ કર્મચારીનું મોત નિપજ્યું હોવાના અહેવાલો સામે આવ્યા છે. આ ઘટનામાં ૧૦ અન્ય લોકો પણ ઈજાગ્રસ્ત થયા છે. એક અધિકારીએ આ માહિતી આપી છે. તેમણે કહ્યું કે, વહેલી સવારે ૩.૦૦ વાગ્યાથી ૬.૦૦ વાગ્યા સુધી શાંતિ રહી હતી, જોકે ત્યારબાદ ફેયેંગ અને સિંગદા ગામમાં ધડાધડ ગોળીબારનો અવાજો સંભળાયો હતો. અધિકારીએ જણાવ્યું કે, આ ગોળીબાર કંગપોકલી જિલ્લાના કાંગચુપ વિસ્તારના ગામો અને પહાડી વિસ્તારોને નિશાન બનાવીને કરવામાં આવ્યો... આસામ રાઈફલ્સ ૨ ગામો વચ્ચે 'બફર ઝોન'નું સંચાલન કરે છે. અધિકારીઓએ પણ સામસામે આવી ચઢેલી જૂથોમાં જાનહાનિ થઈ હોવાનું જણાવ્યું છે. તેમણે કહ્યું કે ગોળીબાર બંધ થયા પછી જ પરિસ્થિતિ વિશે સાચી માહિતી જાણી શકાશે. મણિપુરમાં અનુસૂચિત જનજાતિ (એસટી)નો દરજ્જો આપવાની મેઈતી સમુદાયની માંગના વિરોધમાં ત્રીજી મેએ ૫ર્વતીય જિલ્લાઓમાં આદિવાસી એકજુટતા માર્ચનું આયોજન કરાયા બાદ હિંસક ઘટનાઓ શરૂ થઈ હતી.

## કેન્દ્ર સરકારના વટહુકમ મામલે સુપ્રીમનો ચુકાદો

# દિલ્હી અંગે વટહુકમ મામલે કેન્દ્રને સુપ્રીમની નોટિસ, કેજરીને રાહત

### દિલ્હી સરકારને ઉપરાજ્યપાલને પક્ષકાર તરીકે સામેલ કરવા માટેની અરજીમાં સુધારો કરવાની મંજુરી અપાઈ

। નવી દિલ્હી, તા.૧૦ ।

આજે સુપ્રીમ કોર્ટે દિલ્હીમાં કેન્દ્ર સરકારના વટહુકમ મામલે મહત્વપૂર્ણ ચુકાદો આપ્યો છે. કેન્દ્ર સરકારના વટહુકમ વિરુદ્ધ દિલ્હી સરકારની અરજી પર આજે સુપ્રીમ કોર્ટમાં સુનાવણી હાથ ધરાઈ હતી, જેમાં કોર્ટે કેન્દ્ર સરકારને નોટીસ પાઠવી છે. કોર્ટે દિલ્હીમાં લવાયેલા વટહુકમ મામલે કેન્દ્ર સરકારને૨ અઠવાડિયામાં જવાબ રજુ કરવા આદેશ કર્યો છે. ઉપરાંત ઉપ રાજ્યપાલને પક્ષકાર તરીકે સામેલ કરવાની અરજીમાં સુધારો કરવાની પણ મંજૂરી આપી છે. ચીફ જસ્ટિસ ડી.વાય. ચંદ્રચુડની અધ્યક્ષતાવાળી ખંડપીઠે આ અરજી પર સુનાવણી કરી છે, જેમાં જસ્ટિસ પી.એસ.નરસિમ્હા પણ આ ખંડપીઠનો એક ભાગ હતા. દિલ્હી સરકાર તરફથી વરિષ્ઠ વકીલ અભિષેક મનુ સિંઘવી કોર્ટમાં હાજર રહ્યા હતા. તેમણે કોર્ટમાં કહ્યું કે, તેઓ દિલ્હી સરકાર તરફથી દલીલો રજુ કરી રહ્યા છે. વટહુકમ મામલે લાંબી ચર્ચા બાદ સુપ્રીમ કોર્ટે કેન્દ્ર સરકારને નોટીસ જારી કરી બે સપ્તાહમાં જવાબ રજુ કરવા જણાવ્યું છે. દિલ્હી સરકારને



ઉપરાજ્યપાલને પક્ષકાર તરીકે સામેલ કરવા માટેની અરજીમાં સુધારો કરવાની પણ મંજુરી અપાઈ છે. દિલ્હી સરકારે વટહુકમ પર સ્ટે મૂકવાની માંગ કરી હતી. દિલ્હીમાં ચૂંટાયેલી સરકારને લાંબી લડાઈ બાદ એડમિનિસ્ટ્રેશન સર્વિસિઝનો અધિકાર મળ્યો હતો. જોકે કેન્દ્ર સરકારે વટહુકમ લાવી દિલ્હી સરકાર પાસેથી આ અધિકાર પરત લઈ લીધો... કેન્દ્ર સરકારે ૧૯મી મેએ વટહુકમ (ગવર્નમેન્ટ ઑફ નેશનલ કેપિટલ ટેરિટરી ઑફ દિલ્હી (સુધારા) વટહુકમ, ૨૦૨૩) દ્વારા એક ઓથોરિટી બનાવી, જે ગ્રુપ-એ અધિકારીઓની ટ્રાન્સફર અને પોસ્ટિંગ કરશે.

## પશ્ચિમ બંગાળમાં શિક્ષક ભરતી કૌભાંડ કેસમાં કાર્યવાહી

# મમતાના ભત્રીજા સામેની સીબીઆઈ-ઈડી તપાસ પર રોકનો સુપ્રીમનો ઈનકાર

### સાંસદ અભિષેક બેનર્જી ઇચ્છે તો તે આ કેસને રદ્દ કરવા માટે હાઇકોર્ટમાં અરજી દાખલ કરી શકે છે

। કોલકાતા, તા.૧૦ ।

પશ્ચિમ બંગાળમાં શિક્ષક ભરતી કૌભાંડ કેસમાં ટીએમસીના રાષ્ટ્રીય મહાસચિવ અને સાંસદ અભિષેક બેનર્જીને કોઈ રાહત મળી નથી. સુપ્રીમ કોર્ટે સેન્ટ્રલ બ્યુરો ઓફ ઈન્વેસ્ટિગેશન અને એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટની તપાસ પર સ્ટે આપવાનો અરજી ફગાવી દીધી છે. કલકત્તા હાઈકોર્ટે અભિષેક સામે તપાસનો આદેશ આપ્યો હતો. સુપ્રીમ કોર્ટે સુનાવણી દરમિયાન કહ્યું કે, જો અભિષેક બેનર્જી ઈચ્છે તો તે આ કેસને રદ્દ કરવા માટે હાઈકોર્ટમાં અરજી દાખલ કરી શકે છે. નોંધનીય છે કે, અભિષેક બેનર્જીએ ઈડી ઓફિસમાં હાજર થવાનો ઈક્કાર કરી દીધો હતો.

## ચીનની આર્થિક શક્તિ ગણાતા પ્રાંતની ચોંકાવનારી ઘટના

# ચીનમાં નર્સરી સ્કૂલમાં છરીથી હુમલામાં છ લોકોનાં મોત થયા

### અન્ય એક ઘાયલ, મૃતકોમાં એક શિક્ષક, ત્રણ વિદ્યાર્થીનીઓ અને એક પતિ-પત્નીનો સમાવેશ

। ગ્વાંગડોંગ, તા.૧૦ ।

ચીનની આર્થિક શક્તિના કેન્દ્ર તરીકે ઓળખાતા ગ્વાંગડોંગ પ્રાંતની એક નર્સરી સ્કૂલમાંથી ચોંકાવનારી ઘટના સામે આવી છે. મળેલા અહેવાલો મુજબ આ ઘટનામાં છ લોકોના મોત થયા છે, જ્યારે અન્ય એક ઘાયલ થયો છે. અહેવાલોમાં પ્રાંતીય સરકારના પ્રવક્તાના હવાલાથી કહેવામાં આવ્યું છે કે મૃતકોમાં એક શિક્ષક, ત્રણ વિદ્યાર્થીનીઓ અને એક પતિ-પત્નીનો સમાવેશ છે.



ન્યૂઝ બ્રિફ

## ગુજરાતમાં ૨૪ કલાકમાં ૨૪૫ તાલુકમાં મેઘમહેર

| અમદાવાદ, તા.૧૦ |

રાજ્યમાં વરસાદનો બીજો રાઉન્ડ બરાબર જામ્યો છે. સૌરાષ્ટ્ર-કચ્છ સહિત રાજ્યના અનેક જિલ્લાઓમાં મેહુલિયો જાણી મનમૂકીને વરસી રહ્યો છે. આ સાથે હવામાન વિભાગ તરફથી આગામી ૩ દિવસ ભારેથી અતિભારે વરસાદની આગાહી કરાઈ છે. હવામાન વિભાગના જણાવ્યા અનુસાર, આજે રાજ્યના તમામ જિલ્લામાં વરસાદની આગાહી છે. પરંતુ આણંદ અને ભરૂચમાં ભારેથી અતિભારે વરસાદ થઈ શકે છે. હવામાન વિભાગના જણાવ્યા અનુસાર આજે બનાસકાંઠા, સાબરકાંઠા, પાટણ, મહેસાણા, ગાંધીનગર, અરવલ્લી, અમદાવાદ, ખેડા, દાહોદમાં મધ્યમથી ભારે વરસાદની સંભાવના છે. પંચમહાલ, વડોદરા, છોટાઉદેપુર, નર્મદા, સુરત, તાપી, નવસારી, વલસાડ, ડાંગ, કચ્છ, સુરેન્દ્રનગર, મોરબી, બોટાદ, રાજકોટ, જામનગર, દ્વારકા, પોરબંદર, ગીર સોમનાથ, જૂનાગઢ, અમરેલી, ભાવનગરના મોટાભાગના વિસ્તારોમાં વરસાદની આગાહી કરવામાં આવી છે. આ દરમિયાન રાજ્યમાં છેલ્લા ૨૪ કલાકમાં ૨૪૫ તાલુકામાં વરસાદ નોંધાયો છે. સૌથી વધુ પાટણના સાંતલપુરમાં સાડા છ ઈંચ વરસાદ ખાબક્યો છે. રાજકોટના કોટડાસાંગાણીમાં છ ઈંચ અને ગાંધીનગરના માણસમાં છ ઈંચ વરસાદ પડ્યો છે. ૧૩ તાલુકામાં દોઢ ઈંચથી વધુ અને ૩૦ તાલુકામાં એક ઈંચ સુધીનો વરસાદ નોંધાયો છે.

## અરવલ્લીમાં સતત પાંચમાં દિવસે વરસાદી માહોલ યથાવત

| મોડાસા, તા.૧૦ |

અરવલ્લી પર મેઘરાજા મહેરબાન છે, સતત પાંચ દિવસથી અહીં વરસાદી માહોલ જામ્યો છે. હવામાન વિભાગ દ્વારા કરાયેલા આગાહી પ્રમાણે સતત વરસાદ થઈ રહ્યો છે. આ પંથકમાં વહેલી સવારે પણ વરસાદ થયો હતો. ભારે વરસાદના કારણે કેટલાક ખેતરોમાં પાણી ભરાવાની ઘટનાઓ પણ સામે આવી છે. મહત્વનું છે કે, હવામાન વિભાગ દ્વારા આજે પણ ઉત્તર ગુજરાતના ભાગોમાં ભારે વરસાદ થવાની શક્યતાઓ વ્યક્ત કરી છે. મોડાસામાં થયેલા વરસાદના કારણે નીચાણવાળા વિસ્તારોમાં પાણી ભરાયા છે, જેમાં મુખ્ય ચાર રસ્તા, હંગામી બસ સ્ટેન્ડ પર જળબંબાકારની સ્થિતિ સર્જઈ છે. અરવલ્લીના મોડાસા પંથકમાં સવારથી વરસાદી માહોલ છે, શામળાજીના વેણપુર, રંગપુર સહિતના પંથકોમાં ભારે વરસાદ થયો છે. આ વિસ્તારોમાં ભારે વરસાદ થવાથી કેટલાક ખેતરોમાં પાણી ભરાઈ જવાની ઘટનાઓ સામે આવી છે. વરસાદના કારણે રસ્તા પર પણ પાણી ભરાવાની ઘટના બની છે. રસ્તાઓ પર પાણી આવી જવાથી ટ્રાફિકની ગતિમાં ઘટાડો થયો હતો. સતત થઈ રહેલા વરસાદના લીધે તાપમાનમાં ભારે ઘટાડો નોંધાયો છે.




## અમદાવાદના મીઠાખળીમાં મકાન ધરાશાયી થતા એકનું મોત

### મકાન ધરાશાયી થતા તાત્કાલીક ફાયર બ્રિગેડને જાણ કરવામાં આવી હતી, જે બાદ ફાયર બ્રિગેડની ટીમ ઘટના સ્થળે પહોંચી હતી




| અમદાવાદ, તા.૧૦ |

ગુજરાતમાં ચોમાસાની શરૂઆતથી જ ભારે વરસાદ જોવા મળી રહ્યો છે. જેને લઈને અનેક જગ્યા મકાન ધારાશાયી થવાની ઘટનાઓ પણ સામે આવી હતી. આજે અમદાવાદના મીઠાખળી ગામમાં ત્રણ માળનું મકાન ધરાશાયી થયું હોવાની ઘટના સામે આવી રહી છે. ગુજરાતમાં ચોમાસાની શરૂઆતથી જ ભારે વરસાદ જોવા મળી રહ્યો છે. જેને લઈને અનેક જગ્યા મકાન ધારાશાયી થવાની ઘટનાઓ પણ સામે આવી હતી. આજે અમદાવાદના મીઠાખળી ગામમાં ત્રણ માળનું મકાન ધરાશાયી થયું હોવાની ઘટના સામે આવી રહી છે. આ મકાન ધરાશાયી થતા તાત્કાલીક ફાયર બ્રિગેડને જાણ કરવામાં આવી હતી. જે બાદ ફાયર બ્રિગેડની ટીમ ઘટના સ્થળે પહોંચી હતી. જણાવવામાં આવી રહ્યું છે કે, પરિવારના તમામ લોકોનું રેસ્ક્યૂ કરવામાં આવ્યું છે. આ ઘટનાની જાણ થતા એલીસબ્રીજ ધારાસભ્ય અમિત શાહ પણ ઘટનાસ્થળ પર પહોંચી ગયા છે. ફાયરબ્રિગેડની ટીમ દ્વારા તાત્કાલિક ધોરણે રેસ્ક્યૂ ઓપરેશન કરી સતત ૩૦ મિનિટની શોધખોળ બાદ તેઓને કાટમાળમાંથી બહાર કાઢવામાં આવ્યા હતા. આ બાદ, તમામ લોકોને તાત્કાલિક ધોરણે સારવાર માટે ૧૦૮ દ્વારા હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. મળતી માહિતી પ્રમાણે, આ ધરાશાયી થનાર ધરાશાયી થયેલું ત્રણ માળનું મકાન વર્ષો જૂનું હતું. આ પહેલા પણ અમદાવાદના મણિનગરમાં આવેલા સ્લમ ક્વાર્ટસમાં બાલ્કનીનો એક ભાગ ધરાશાયી થયો હતો. જેમાં અનેક લોકો કાટમાળમાં ફસાયા હતા.

### મોટાભાગના લોકોને પડે છે ટ્રાન્સપ્લાન્ટની જરૂર

## ડ્રાય સ્ટેટ ગુજરાતમાં દારુના કારણે જ લીવરના દર્દીઓ વધ્યા

### ૭૦થી ૭૫ ટકા લીવર સિરોસિસ દારુના લીધે અથવા નોન-આલ્કોહોલિક સ્ટીટોહેપેટાઈટિસના કારણે થાય છે

| અમદાવાદ, તા.૧૦ |

ગુજરાતની ગણતરી ડ્રાય સ્ટેટમાં થાય છે પરંતુ હાલમાં જ લીવર ટ્રાન્સપ્લાન્ટના જે આંકડા આવ્યા છે તે જોયા પછી પ્રશ્ન થાય કે શું ગાંધીના ગુજરાતમાં ખરેખર દારુબંધી છે? રાજ્યમાં ૩૦થી ૪૦ ટકા અથવા એક તૃતીયાંશ લીવર ટ્રાન્સપ્લાન્ટ દારુ સંબંધિત તકલીફોને કારણે થયેલા છે. ગુજરાત યુનિવર્સિટી ઓફ ટ્રાન્સપ્લાન્ટ સાયન્સના વાઈસ ચાન્સેલર અને લીવર ટ્રાન્સપ્લાન્ટના હેડ ડૉ. પ્રાંજલ મોદીએ કહ્યું કે, તેમણે હાલમાં જ ૬૦૦મું લીવર ટ્રાન્સપ્લાન્ટ કર્યું છે. લીવરમાં સિરોસિસ દારુના લીધે થાય છે કે પછી નોન-આલ્કોહોલિક સ્ટીટો હેપેટાઈટિસના લીધે થાય છે તેનું કોઈ ચોક્કસ વર્ગીકરણ નથી કરવામાં આવ્યું. પરંતુ ૭૦થી ૭૫ ટકા કેસોમાં આ બે કારણોસર જ લીવર ફેઈલ થઈ જાય છે. બાકીના કેસ વાયરલ અને ચેપી રોગો તેમજ હેપેટાઈટિસ જેવી સ્થિતિને લીધે થાય છે", તેમ ડૉ. મોદીએ ઉમેર્યું. આગળ વધતા પહેલા એ સમજી લઈ કે, સિરોસિસ અને સ્ટીટો હેપેટાઈટિસ શું છે. લીવરને નુકસાન થાય ત્યારે તેના પ્રથમ તબક્કાને ફાયબ્રોસીસ કહેવામાં આવે છે. યકૃતના ફાયબ્રોસીસમાં તેની તંદુરસ્ત પેશીઓ પર ડાઘ બને છે. આ સ્થિતિમાં લીવર યોગ્ય રીતે કામ કરતું નથી. ઈજાગ્રસ્ત પેશીઓ યકૃતની અંદર રક્તપ્રવાહને અવરોધો છે. જેથી લીવરના સ્વસ્થ કોષોને નુકસાન થવા લાગે છે. ફાયબ્રોસિસ પછી લીવરને વધુ નુકસાન થયું હોય તો આ સ્થિતિને લીવર સિરોસિસ કહેવાય છે. ફેટી લીવર એટલે કે લીવરની ઉપર ચરબી જમા થઈ જવી તે. જે લોકો દારુ નથી પીતા પરંતુ વધુ પડતું તેલ-મસાલાવાળો ખોરાક ખાય છે, વધુ વજન ધરાવે છે તેમને નોન-ફેટી લીવર ડિસીઝ થાય છે. આ ડિસીઝના એડવાન્સ સ્ટેજને સ્ટીટોહેપેટાઈટિસ કહેવામાં આવે છે. બીમારીઓ વ્યક્તિઓમાં ભેદભાવ નથી કરતી તે કોઈને પણ થઈ શકે છે. લીવર ફેઈલ થવાની સ્થિતિનું પણ એવું જ છે વ્યક્તિ ગમે-તે વર્ગનો કેમ ના હોય તે આ સ્થિતિમાં મૂકાઈ શકે છે. એમાં પણ પુરુષોમાં લીવર ફેઈલ થવાનું જોખમ વધુ રહેલું છે, તેમ ડૉ. મોદીએ ઉમેર્યું. ૬૦૦ લીવર ટ્રાન્સપ્લાન્ટમાંથી ૫૩૨ લીવર ટ્રાન્સપ્લાન્ટ મૃત વ્યક્તિના અંગદાન થકી પ્રાપ્ત થયેલા લીવરથી કરવામાં આવ્યા છે. સરકારી સંસ્થા સંચાલિત પ્રોગ્રામ હેઠળ સૌથી વધુ લીવર ટ્રાન્સપ્લાન્ટ આ રીતે થાય છે, તેમ ડૉ. મોદીએ વાત આગળ વધારતા કહ્યું હતું. ડેટા દર્શાવે છે કે, લીવરની બીમારીથી પીડાતા દર્દીઓની ઉંમર એક-એક દશકો ઘટી રહી છે. હાલ સિરોસિસના કારણે દાખલ થતાં દર્દીઓની સરેરાશ ઉંમર ૪૦-૪૫ની છે જ્યારે નોન-આલ્કોહોલિક સ્ટીટો હેપેટાઈટિસની સમસ્યા ૫૦ વર્ષની વયના લોકોમાં જોવા મળે છે. છેલ્લા ત્રણ વર્ષમાં જ કુલ ટ્રાન્સપ્લાન્ટના ૫૭ ટકા જેટલા ટ્રાન્સપ્લાન્ટ થયા છે. ડેટા પ્રમાણે, ફક્ત ૨૦૨૨માં જ ૧૮૬ ટ્રાન્સપ્લાન્ટ થયા છે. લીવર ટ્રાન્સપ્લાન્ટ કરતાં સર્જનો અને હેપેટોલોજીસ્ટે દારુના લીધે થતી લીવરની બીમારી પર ભાર આપ્યો છે. શહેરના સિનિયર ગેસ્ટ્રોઈન્ટેસ્ટિનલ (પેટ અને આંતરડાના ડૉક્ટર) અને લીવર ટ્રાન્સપ્લાન્ટ સર્જન ડૉ. હિતેશ ચાવડાનું કહેવું છે કે, તેમણે અને તેમની ટીમે અત્યાર સુધીમાં ૩૩ લીવર ટ્રાન્સપ્લાન્ટ કર્યા છે.

### ગેમ પછી દીકરીએ ઈમેજ ગેલેરી ખોલી દીધી

## પિતાના અન્ય છોકરીઓ સાથે ફોટોઝ મળતા ચકચાર

### પરિણિતાએ આખો મોબાઈલ ફોન ચેક કરી નાખતા પતિની તમામ કાળી કરતૂતો સામે આવી ગઈ હતી

| અમદાવાદ, તા.૧૦ |

અત્યારે મોબાઈલ એક એવી જરૂરિયાત બની ગઈ છે કે એના વિના નાના બાળકોથી લઈ વૃદ્ધો પણ રહી શકતા નથી. ફોનમાં ગેમ, ફોટોઝ, વીડિયોઝ, ચેટિંગ અને ઓનલાઈન શોપિંગ સહિતના કામો આંગળીના ટેરવે થઈ જતા હોય છે. હવે તેવામાં ઘણીવાર આ ફોનના એક પાસવર્ડ અનલોકથી ઘણા લોકોની પોલ ખૂલી જતી હોય છે. આવો જ એક કિસ્સો અમદાવાદ શહેરમાં સામે આવ્યો છે. ૩૩ વર્ષીય પરિણિતાને તેની બાળકીએ અચાનક આવીને જણાવ્યું કે મમ્મી...મમ્મી.. પપ્પાના ફોનમાં તેમના ઘણીબધી છોકરીઓ સાથે ફોટોઝ છે. જોતજોતામાં પતિની ગેરહાજરીમાં ત્યારપછી બાળકીના કહેવા પર પત્નીએ ફોન ચેક કર્યો અને પતિની એક પછી એક પોલ ખૂલતી થઈ હતી. આ દરમિયાન પતિ જેવો ઘરે આવ્યો કે તેનો દાવ થઈ ગયો હતો. જોધપુર ખાતે રહેતા પરિવારમાં અત્યારે એક મોબાઈલ ફોનના કારણે હોબાળો મચી ગયો છે. દીકરીએ તેના પિતાનો મોબાઈલ ફોન ચેક કર્યો હતો અને તેમાંથી પિતાના અંગતપળોના ફોટોઝ મળ્યા હતા. જેમાં તેના પિતા અન્ય યુવતીઓ સાથે વિચિત્ર ફોટોઝ ક્લિક કરાવ્યા હતા. એટલું જ નહીં અંગતક્ષણોના પણ અનેક ફોટોઝ હોવાથી જોવાજેવી થઈ હતી. દીકરીએ દોડીને આ મુદ્દે તેની માતાને જણાવી દીધું હતું. જેથી કરીને માતાએ જોતજોતામાં આખો ફોન દીકરી પાસેથી ઝૂંટવી લીધો અને ચેક કર્યો હતો. ફોનના કોન્ટેક્ટ્સ, વ્હોટ્સએપ મેસેજ, ગેલેરી, વીડિયો-ફોટોઝ સહિતની એપ્લિકેશન્સ ચેક કરતા પરિણિતાના માથે આભ ફાટ્યું હતું. મહિલાએ જેવો પતિનો સમગ્ર ફોન ચેક કર્યો કે તરત જ અંદર અનેક ફોટોઝ જોવા મળ્યા હતા. તેણે અન્ય યુવતીઓ સાથેની વાતચીત પણ જોઈ લીધી હતી. આથી કરીને પરિણિતાએ તાત્કાલિક પતિને તેની પાસે બોલાવ્યા હતા. ઉલ્લેખનીય છે કે આ દરમિયાન રૂમમાં માત્ર દીકરી અને તેની માતા જ હતા. બીજા રૂમથી પતિ તેની પત્ની પાસે આવતા દાવ થઈ ગયો હતો. પરિણિતાએ સમગ્ર હકિકત તેની સામે રજૂ કરી દીધી હતી. એટલું જ નહીં તેણે આ ફોટોઝ અને અન્ય કેટલીક ચેટના સ્ક્રિનશોટ્સ પોતાના ફોનમાં લઈ લીધા અને પતિને બતાવ્યા હતા. તેણે કહ્યું કે મારી પીઠ પાછળ તમે જે કરી રહ્યા છો એ બધું મને સમજાય છે. લો આ પુરાવા અને આ બધુ શું માંડી રાખ્યું છે એ જરા મને કહેજો. ઉલ્લેખનીય છે કે પહેલા તો પરિણિતાના પતિએ આ વાતનો સ્વીકાર જ ન કર્યો. પરંતુ જોતજોતામાં પત્નીએ એક પછી એક એવા એવા ફોટોઝ બતાવ્યા કે પતિને તમ્મર આવી ગયા હતા. બંને વચ્ચે ઊગ્ર બોલાચાલી થઈ હતી અને પછી મામલો બિચક્યો હતો. પત્નીએ જણાવ્યું કે તમે આ બધું અફેર અને યુવતીઓ સાથે ફરવાનું બંધ કરી દો. ત્યારે પતિને ગુસ્સો આવ્યો અને પરિણિતા સાથે દુર્વ્યવહાર કરવા લાગ્યો હતો. મુદ્દો એટલો ગરમ થયો કે પરિણિતાના પતિએ સૌથી પહેલા તેની દીકરીને માર માર્યો હતો. તેણે કહ્યું કે મારા ફોનમાં આ બધુ જોવાની શું જરૂર હતી. મારો ફોન આમ નહીં લેવાનો.

## કચ્છમાં સિઝનનો સૌથી વધુ ૧૦૪ ટકા વરસાદ નોંધાયો

| અમદાવાદ, તા.૧૦ |

રવિવારના રોજ ગુજરાતના અનેક વિસ્તારોમાં ધોધમાર વરસાદ પડ્યો હતો. ત્યારે કચ્છમાં આ સિઝનનો ૧૯.૦૫ ઈંચ વરસાદ પડ્યો છે. જે આ સિઝનનો ૧૦૪ ટકા છે, એવા રિપોર્ટ્સ પાર્થ શાસ્ત્રીના છે. ગુજરાત સ્ટેટ ડિઝાસ્ટર મેનેજમેન્ટ ઓથોરિટીના ડેટા મુજબ, માત્ર જૂન મહિનામાં જ કચ્છમાં ૧૪.૦૧ ઈંચ અથવા સિઝનનો કુલ ૭૭ ટકા વરસાદ નોંધાયો હતો અને રેકોર્ડ સમયમાં ૧૦૦ ટકા સુધી પહોંચી ગયો હતો. પાછલા દાયકામાં ફક્ત દેવભૂમિ દ્વારકામાં ૧૫૧ ટકા, પોરબંદરમાં ૧૦૦ ટકા જુલાઈ ૨૦૨૦ના પહેલા ભાગમાં સમગ્ર સિઝનનો વરસાદ પડ્યો હતો. કચ્છ માટે સૌથી પહેલો શ્રેષ્ઠ વરસાદ ગયા વર્ષે ૧૫ જુલાઈ સુધી ૯૮ ટકા હતો. સમગ્ર ગુજરાતમાં રવિવારે વરસાદે ૪૦ ટકાનો આંકડો પાર કર્યો હતો. અમદાવાદના પશ્ચિમ વિસ્તારમાં રવિવારે વાતાવરણમાં પલટો આવ્યો હતો. જે બાદ અહીં જોરદાર વરસાદ પડ્યો હતો. સવારની શરુઆત અને બપોરની આસપાસ હળવોથી મધ્યમ વરસાદ પડ્યો હતો. રાણીપમાં ૧.૦૪ ઈંચ, બોડકદેવમાં ૦.૯૨ ઈંચ, ચાંદલોડિયામાં ૦.૮૮ ઈંચ, સાયન્સ સિટીમાં ૦.૮૪ ઈંચ અને બોપલમાં ૦.૬૧ ઈંચ વરસાદ ખાબક્યો હતો. અમદાવાદમાં મોસમનો અત્યાર સુધીનો ૪૮ ટકા વરસાદ વરસી ચૂક્યો છે. ભારે વરસાદ બાદ વાસણાના ડેમને બે ગેટ પણ ખોલવામાં આવ્યા હતા.

## વિશેષ લેખ

### ચંદ્રયાન-૩ ચંદ્રની સપાટી પર સુરક્ષિત ઉતરાણ કરવા માટે ઉડાન ભરશે

# ઈસરોની જાહેરાતઃ અંતરિક્ષ ક્ષેત્રમાં આ ભારતની બીજી મોટી સફળતા



સાંપ્રત પ્રવાહો

લેખક : દીપક જગતાપ




ઈન્ડિયન સ્પેસ રિસર્ચ ઓર્ગેનાઈઝેશન (ISRO) એ મિશન ચંદ્રયાન-૩ ની પ્રક્ષેપણ તારીખ જાહેર કરી છે. ચંદ્રયાન-૩, ૧૪ જુલાઈએ બપોરે ૨.૩૫ કલાકે લોન્ચ થશે. ચંદ્રયાન-૩ ચંદ્રની સપાટી પર સુરક્ષિત ઉતરાણ કરવા માટે ઉડાન ભરશે. આ પહેલા ઈસરોના અધ્યક્ષ એસ સોમનાથે કહ્યું હતું કે અંતરિક્ષ ક્ષેત્રમાં આ ભારતની બીજી મોટી સફળતા હશે.

આ પહેલા મીડિયા રિપોર્ટ અનુસાર લોન્ચની તારીખ ૧૨થી ૧૯ જુલાઈ વચ્ચે જણાવવામાં આવી રહી હતી. ચંદ્રયાન-૧, ચંદ્રયાન-૨ બાદ ભારતનું આ ત્રીજું ચંદ્ર માટેનું મિશન છે. ચંદ્રયાન-૩ સ્પેસક્રાફ્ટને નવા પ્રક્ષેપણ રોકેટ એલવીએમ-૩ સાથે જોડવામાં આવ્યું છે. ઈસરોના વૈજ્ઞાનિકો એ ૫ જુલાઈના દિવસે આંધ્રપ્રદેશના શ્રીહરિકોટા સ્થિન સતીશ ધવન અંતરિક્ષ કેન્દ્રમાં આ કામ પૂરુ કર્યું હતું. હવે ચંદ્રયાન-૩ લોન્ચિ સ્થળથી લોન્ચ માટે તૈયાર છે.

ચંદ્રયાન-૩ મિશનના ૩ મુખ્ય ઉદ્દેશ્યો ચંદ્રની સપાટી પર સુરક્ષિત અને સોફ્ટ લેન્ડિગ કરવું રોવરને ચંદ્ર પર ભ્રમણ કરાવવું ચંદ્રને લઈને વૈજ્ઞાનિકોના મહત્વના પ્રયોગો સફર બનાવવાના છે. ઈસરોના ચીફ એસ સોમનાથે કહ્યું કે અમે ચંદ્રયાન-૨ મિશનમાં નિષ્ફળ ગયા છીએ. એવું જરૂરી નથી કે આપણે દરેક વખતે સફળ થઈએ, પરંતુ મહત્વની વાત એ છે કે આપણે તેમાંથી શીખીને આગળ વધવું જોઈએ. નિષ્ફળતા મળવાનો અર્થ એ નથી કે આપણે પ્રયાસ કરવાનું છોડી દઈએ. ચંદ્રયાન-૩ મિશનમાંથી આપણને ઘણું શીખવા મળશે અને આપણે ઈતિહાસ રચીશું. ISRO ચંદ્રયાન મિશન હેઠળ ચંદ્રનો અભ્યાસ કરવા માંગે છે. ભારતે ૨૦૦૮માં પ્રથમ વખત ચંદ્રયાન-૧ સફળતા પૂર્વક લોન્ચ કર્યું હતું. આ પછી ભારત ૨૦૧૯માં ચંદ્રયાન-૨ના પ્રક્ષેપણમાં નિષ્ફળ રહ્યું હતું.

ISRO ચંદ્રયાન મિશન હેઠળ ચંદ્રનો અભ્યાસ કરવા માગે છે. ભારતે ૨૦૦૮માં પ્રથમ વખત ચંદ્રયાન-૧ સફળતાપૂર્વક લોન્ચ કર્યું હતું. આ પછી ભારત ૨૦૧૯માં ચંદ્રયાન-૨ના પ્રક્ષેપણમાં નિષ્ફળ રહ્યું હતું. હવે ભારત ચંદ્રયાન-૩ લોન્ચ કરીને ઈતિહાસ રચવાનો પ્રયાસ કરી રહ્યું છે. તેને શ્રીહરિકોટાના સતીશ ધવન સ્પેસ સેન્ટરથી લોન્ચ કરવામાં આવશે. આ ત્રણ સિવાય ચંદ્રયાન-૨માં વધુ એક ભાગ હતો, જેને ઓર્બિટર કહેવામાં આવે છે. આ વખતે તેને મોકલવામાં આવ્યો નથી. ચંદ્રયાન-૨નું ઓર્બિટર ચંદ્રની પરિક્રમા કરી રહ્યું છે. હવે ISRO તેનો ઉપયોગ ચંદ્રયાન-૩માં કરશે.

ચંદ્રયાન-૨ મિશન ભારત અને વિશ્વને ચંદ્રની સપાટી પર વિસ્તૃત સ્થળ જેવા અભ્યાસો, વિસ્તૃત ખનિજશાસ્ત્રીય વિશ્લેષણ અને અન્ય કેટલાક પ્રયોગો હાથ ધરીને ચંદ્રની ઉત્પત્તિ અને ઉત્ક્રાંતિની વધુ સારી સમજ મેળવવામાં મદદ કરવા માટે હતું. ત્યાં રહેતા ચંદ્રયાન-૧ દ્વારા કરવામાં આવેલી શોધોની પણ માહિતી મેળવવાની હતી. આ મિશનનો હેતુ માત્ર અંતરિક્ષમાં ભારતના પદચિહ્નને વિસ્તૃત કરવાનો જ નહીં, પરંતુ કોઈને પ્રેરણા આપવાનો પણ છે.

ભારતના બીજા ચંદ્ર મિશન 'ચંદ્રયાન-૨'માં ચંદ્ર પર પાણીના અણુઓની હાજરીની જાણકારી મળી હતી. મિશન દરમિયાન મળેલા ડેટા પરથી આ વાત સામે આવી છે. ઈન્ડિયન સ્પેસ રિસર્ચ ઓર્ગેનાઈઝેશન (ઈસરો)ના ભૂતપૂર્વ ચેરમેન એ એસ કિરણ કુમારના સહયોગથી લખાયેલા એક રિસર્ચ પેપરમાં જણાવવામાં આવ્યું છે કે, ચંદ્રયાન-૨માં જે ઉપકરણો હતા તેમાં ઈમેજિંગ ઈન્ફ્રારેડ સ્પેક્ટ્રોમીટર (આઈઆઈઆરએસ) નામનું ઈન્સ્ટ્રૂમેન્ટ હતું, જે વૈશ્વિક વૈજ્ઞાનિક ડેટા મેળવવા માટે ૧૦૦ કિલોમીટરની ધ્રુવીય ભ્રમણકક્ષામાં કામ કરી રહ્યું હતું. કરન્ટ સાયન્સ જર્નલમાં પ્રકાશિત થયેલા પેપરમાં કહેવામાં આવ્યું છે કે આઈઆઈઆરએસનથી મળેલા પ્રારંભિક ડેટા સ્પષ્ટપણે ચંદ્ર પર ૨૯ ડિગ્રી ઉત્તર અને ૬૨ ડિગ્રી ઉત્તર અક્ષાંશ વચ્ચે વિસ્તૃત હાઈડ્રેશન અને અનમિક્સ્ડ હાઈડ્રોક્સાઈલ (ઓએચ) અને પાણી (એચ ૨ ઓ) અણુઓની હાજરી દર્શાવે છે. તેમાં જણાવવામાં આવ્યું હતું કે વિપુલ પ્રમાણમાં ખડકોમાં ચંદ્રના ઘાટા મેદાનોની તુલનામાં વધુ OH (હાઈડ્રોક્સાઈલ) અથવા સંભવતઃ H2O (પાણી) અણુઓ હતા. ચંદ્રના દક્ષિણ ધ્રુવ પર થશે લેન્ડ ચંદ્રયાન-૩ને ચંદ્રમાના દક્ષિણ ધ્રુવ પર લેન્ડ કરવામાં આવશે. આ મિશનને સફળતાપૂર્વક પૂર્ણ કરવા માટે તેમાં અનેક વધારાના સેન્સર જોડવામાં આવ્યા છે. તેની ઝડપને માપવા માટે તેમાં એક 'લેઝર ડોપર વેલોસીમીટર' સિસ્ટમ લગાવવામાં આવી છે. દરેક ટેસ્ટિંગમાં PASS ચંદ્રયાન-૩ મિશનના લોન્ચિંગ વ્હિકલના ક્રાયોજેનિક ઉપરી ફેઝ ને રફ્તાર આપનારા CE20 ક્રાયોજેનિક એન્જિન ઉડાન ટેમ્પ રેચર ટેસ્ટિંગમાં સફળ રહ્યું હતું. તે પહેલા લેન્ડરનું એક ટેસ્ટિંગ પણ સફળતાપૂર્વક પૂર્ણ થયું. ચંદ્રની સપાટીની મળશે જાણકારી ચંદ્રયાન મિશન સાથે અનેક પ્રકારના વૈજ્ઞાનિક ઉપકરણો મોકલવામાં આવશે. જેનાથી લેન્ડિંગ સાઈટની આસપાસની જગ્યામાં ચંદ્રમાની સપાટી, ચંદ્રમાના ભૂકંપ અને સપાટી પ્લાઝ્મા અને સંરચનાની થર્મલ ફિઝિકલ પ્રોપર્ટીઝની જાણકારી મેળવવામાં મદદ થશે.





ગાંધીનગર ખાતે એસ. જયશંકર રાજ્યસભાની ચૂંટણી ફોર્મ ભર્યું હતું. આ પ્રસંગે મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલ અને આર.સી. પાટીલ સાથે જોવા મળ્યા હતાં.

**ન્યૂઝ બ્રિફ**

## બીએસઈએ સ્થાપના દિવસ પર નવા લોગોનું અનાવરણ કર્યું

। મુંબઈ, તા.૧૦ ।

આજે બોમ્બે સ્ટોક એક્સચેન્જ એટલે કે બીએસઈનો ૧૪૯મો સ્થાપના દિવસ છે. આ ખાસ અવસર પર બોમ્બે સ્ટોક એક્સચેન્જ દ્વારા નવા લોગોનું અનાવરણ કરવામાં આવ્યું હતું. બીએસઈના ચેરમેન એસ.એસ. મુંદ્રા, એમડી અને સીઈઓ સુંદરરામન રામામૂર્તિ અને અન્ય મેનેજમેન્ટ લોકો આ કાર્યક્રમમાં હાજર હતા. એમડી અને સીઈઓ સુંદરરામન રામામૂર્તિએ કહ્યું કે ૧૪૯માં સ્થાપના દિવસની ઉજવણી કરવા માટે તમારા બધાની સામે હાજર રહીને અમે સૌભાગ્યની લાગણી અનુભવીએ છીએ. આ સંસ્થામાં યોગદાન આપનાર તમામ લોકોનો હું આભારી છું. બીએસઈના ચેરમેન એસ.એસ. મુન્દ્રાએ જણાવ્યું હતું કે અમારો ઉદ્દેશ્ય બીએસઈને વાઈબ્રન્ટ બનાવવાનો છે. નવા લોગોનો અર્થ છે પ્રકૃતિ પાંચ તત્વોથી બનેલી છે, આ લોગો તેનું જ પ્રતીક છે. પૃથ્વી, આકાશ, વાયુ, અગ્નિ અને પાણી. બોમ્બે સ્ટોક એક્સચેન્જ દેશનું પ્રથમ અને સૌથી મોટું સિક્યોરિટીઝ માર્કેટ છે, જે વર્ષ ૧૮૭૫માં નેટિવ શેર અને સ્ટોક બ્રોકર્સ એસોસિએશન તરીકે શરૂ થયું હતું.

## રેપ પીડિત મહિલાએ આપેલી નિશાનીથી યુપીથી આરોપી જબ્બે

। મુંબઈ, તા.૧૦ ।

મુંબઈમાં ઓટોમાં મહિલા સાથે દુષ્કર્મનો મામલો સામે આવ્યો છે. પોલીસે મહિલાની નિશાનદેહી પર ઉત્તર પ્રદેશથી આરોપીની ધરપકડ કરી છે. આરોપી યુપીનો રહેવાસી છે અને મુંબઈમાં રહીને ઓટો ડ્રાઈવરનું કામ કરે છે. પોલીસના જણાવ્યા પ્રમાણે આરોપીનું નામ ઈન્દ્રજીત સિંહ છે. તેમણે મહિલા સાથે દુષ્કર્મ આચરતા પહેલા તેની સાથે મારપીટ પણ કરી હતી. આરોપીએ મહિલાને આ અંગે કોઈને ન કહેવાની ધમકી આપી હતી. પોલીસે જણાવ્યું કે, ઘટનાના થોડા દિવસો બાદ ૨૦ વર્ષની મહિલાના પેટમાંથી લોહી નીકળવા લાગ્યું હતું. બે મહિના પહેલા ઓપરેશન બાદ મહિલાની ડિલિવરી થઈ હતી. જ્યારે મહિલાને લોહી નીકળવા લાગ્યું તો પરિવારજનો તેને હોસ્પિટલ લઈ ગયા. ઘાના નિશાન જોઈને ડોક્ટરે મહિલાને પૂછપરછ કરી તો તેણે ડોક્ટરને આખી વાત કહી. ત્યારબાદ પોલીસે નજીકના આરે પોલીસ સ્ટેશનમાં કેસ નોંધ્યો હતો. કેસ દાખલ કર્યા બાદ પોલીસે મામલાની તપાસ હાથ ધરી હતી. પીડિતાએ પોલીસને જણાવ્યું કે તે સીબીડી-બેલાપુરમાં તેની માસીના ઘરે ગઈ હતી. ત્યાંથી મહિલાએ ગૌરેગાંવ સ્થિત તેના ઘરે પરત જવા માટે નવી મુંબઈ સુધી ઓટો બુક કરી. જ્યારે મહિલા ઓટોમાં સવાર થઈને આરે કોલોની પહોંચી ત્યારે રિક્ષા ચાલક તેને એકાંત વિસ્તારમાં લઈ ગયો. મહિલાને એકાંત વિસ્તારમાં લઈ ગયા બાદ આરોપી ઈન્દ્રજીતે પહેલા મહિલા સાથે મારપીટ કરી હતી અને પછીતેનીસાથેદુષ્કર્મઆચર્યું.દુષ્કર્મબાદ આરોપીએ મહિલાને ધમકી પણ આપી હતી કે જો તે આ વિશે કોઈને કહેશે તો ખરાબ થશે. ઘટનાને અંજામ આપ્યા બાદ તે સ્થળ પરથી ફરાર થઈ ગયો હતો. ગુનો કર્યા બાદ ઈન્દ્રજીત મુંબઈ છોડીને યુપી ભાગી ગયો હતો. મહિલાની ફરિયાદ બાદ જ્યારે તપાસ આગળ વધી ત્યારે પોલીસે ઓટો માલિકને કસ્ટડીમાં લઈને પૂછપરછ કરી.




નવી દિલ્હીમાં ચોમાસાના ભારે વરસાદના કારણે દિલ્હીના આઈટીઓ રોડ ખાતે ટ્રાફિક જામની સ્થિતિ સર્જાઈ હતી.

**રામમંદિર ટેક્નોલોજીની દ્રષ્ટીએ પણ અવ્વલ**

# કુદરતી આફતો સામે રામમંદિર ૧૦૦૦ વર્ષ સુધી અડગ રહેશે

### મંદિરના નિર્માણમાં ક્યાંય પણ લોખંડનો ઉપયોગ કરાયો નથી, મંદિરનો પાયો ભૂકંપ પ્રતિરોધક ક્ષમતા ધરાવે છે

। અયોધ્યા, તા.૧૦ ।

શ્રી રામ જન્મભૂમિ સંકુલમાં નિર્માણાધીન રામ મંદિર માત્ર ભવ્યતા જ નહીં પરંતુ ટેકનોલોજીની દ્રષ્ટિએ પણ ટોચ પર રહેશે. રામ મંદિરના નિર્માણ માટે કાર્યકારી સંસ્થાના એન્જિનિયરોએ દાવો કર્યો છે કે રામ મંદિર ૮.૦ રિક્ટર સ્કેલની તીવ્રતાના ભૂકંપ સામે પણ સુરક્ષિત રહેશે. મંદિરને કુદરતી આફતોથી બચાવવા માટે ખાસ ટેકનિકનો ઉપયોગ કરવામાં આવ્યો છે. જેના કારણે રામ મંદિર ઓછામાં ઓછા એક હજાર વર્ષ સુધી અડગ રહેશે. મંદિરના નિર્માણમાં ક્યાંય પણ લોખંડનો ઉપયોગ કરવામાં આવ્યો નથી.

એક્ઝિક્યુટિવ બોડી એક એન્જિનિયરે કહ્યું કે રામ મંદિરનો પાયો ભૂકંપ પ્રતિરોધક ક્ષમતા ધરાવે છે. સીબીઆરઆઈ રૂરકી અને ચેન્નઈના વૈજ્ઞાનિકોએ રામ મંદિરને ભૂકંપ પ્રૂફ બનાવવા માટે વિશેષ સંશોધન કર્યું છે. રામ મંદિરને એક સુરક્ષિત માળખું જાહેર કરવામાં આવ્યું છે જે આઠ રિક્ટર સ્કેલ પર ભૂકંપના આંચકાનો સામનો કરી શકે છે.

**દેશના અનેક રાજ્યોમાં વરસાદને લીધે ભારે મુશ્કેલી**

# ડ્રાઈવરની બેદરકારીથી બસ પાણીના પ્રવાહમાં ફસાઈ ગઈ

### વીડિયોમાં વહેતા પાણીમાં ફસાયેલી બસમાંથી મુસાફરો સુરક્ષિત રીતે બહાર નીકળવાનો પ્રયાસ કરતા જોવા મળે છે

। દેહરાદૂન, તા.૧૦ ।

દેશના અલગ-અલગ રાજ્યોમાં વરસાદને કારણે અનેક જગ્યાએ લોકોને ભારે મુશ્કેલીનો સામનો કરવો પડી રહ્યો છે. ઉત્તરાખંડમાં પણ ભારે વરસાદ લોકો માટે મુશ્કેલીનું કારણ બન્યો છે. વરસાદની ઋતુમાં નદીઓના જળસ્તરમાં વધારો થતાં અચાનક પાણીનો પ્રવાહ વાહનચાલકોને ભારે પડી રહ્યો છે. આવી સ્થિતિમાં દેહરાદૂનના શિમલા બાયપાસ પર એક બસ પાણીના જોરદાર પ્રવાહમાં ફસાઈ ગઈ હતી. બસ ડ્રાઈવરની બેદરકારીને કારણે અનેક લોકોના જીવ જોખમમાં પડી ગયા હતા.

આ ઘટનાનો એક વીડિયો પણ સામે આવ્યો છે. આ વીડિયો દેહરાદૂનના શિમલા બાયપાસ ચોક પાસે આવેલા રામગઢ ગામનો છે. વીડિયોમાં વરસાદી નદીના ઝડપી વહેતા પાણીમાં ફસાયેલી બસમાંથી મુસાફરો સુરક્ષિત રીતે બહાર નીકળવાનો પ્રયાસ કરતા જોવા મળે છે.

**સ્થાનિક શેરબજારમાં ઘણા ઉતાર-ચઢાવ**

# સેન્સેક્સ અને નિફ્ટીમાં ઉછાળો રિલાયન્સ ૪ ટકાના ઉછાળા સાથે બંધ

### સેન્સેક્સમાં ૬૪, નિફ્ટીમાં 33 પોઈન્ટનો વધારો, ટાટા સ્ટીલ-જેએસડબલ્યુ સ્ટીલના શેર પણ ઉછાળા સાથે બંધ

। મુંબઈ, તા.૧૦ ।

સ્થાનિક શેરબજારો આજે તેજી સાથે બંધ થયા છે. બીએસઈસેન્સેક્સ ૬૩.૭૨ પોઈન્ટ એટલે કે ૦.૧૦ ટકાના વધારા સાથે ૬૫,૩૪૪.૧૭ પોઈન્ટના સ્તર પર બંધ થયો હતો. તેવી જ રીતે,નિફ્ટી ૩૩.૪૫ પોઈન્ટ એટલે કે ૦.૧૭%ના વધારા સાથે તે ૧૯,૩૬૫.૨૫ પોઈન્ટના સ્તરે બંધ રહ્યો હતો. રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝનો શેર નિફ્ટીમાં ૩.૯૮ ટકાના વધારા સાથે બંધ થયો હતો. એ જ રીતે ટાટા સ્ટીલ અને જેએસડબલ્યુ સ્ટીલના શેર પણ ઉછાળા સાથે બંધ થયા હતા. મેટલ સિવાય અન્ય તમામ ક્ષેત્રીય સૂચકાંકો લાલ નિશાન સાથે બંધ થયા છે. મેટલ ઈન્ડેક્સ ૧.૮ ટકાના ઉછાળા સાથે બંધ રહ્યો હતો. બીએસઈમિડકેપ ઈન્ડેક્સ ૦.૪૫ ટકા અને સ્મોલકેપ ઈન્ડેક્સ ૦.૨૫ ટકા ઘટીને બંધ થયા છે. સેન્સેક્સ પર રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝનો શેર આજે ૩.૭૮ ટકાના વધારા સાથે બંધ રહ્યો હતો. એ જ રીતે ટાટા સ્ટીલ, ભારતી એરટેલ, સન ફાર્મા, ઈન્ડસઈન્ડ બેંક, કોટક મહિન્દ્રા બેંક, આઈસીઆઈસીઆઈબેંક, ટાટા મોટર્સ અને અલ્ટ્રાટેક સિમેન્ટના શેર લીલા નિશાન સાથે બંધ થયા હતા. એચસીએલટેક સેન્સેક્સ પર ૨.૯૪ ટકાના નુકસાન સાથે સૌથી વધુ બંધ રહ્યો હતો. તેવી જ રીતે, ટાઈટન ૨.૯૧%, પાવરગ્રીડ ૨.૧૧%, વિપ્રો ૧.૫૩%, ટીસીએસ ૧.૫૨%, એચયુએલ ૧.૪૬%, એક્સિસ બેંક ૧.૩૬%, નેસ્લે ઈન્ડિયા ૧.૧૫%, બજાજ ફાઈનાન્સ ૦.૯૬%, મહિન્દ્રા એન્ડ મહિન્દ્રા ૦.૯૬% અને ફાઈનાન્સમાં ૦.૯૬% ટકા જેટલો ઘટાડો થયો છે. જિયોજિત ફાઈનાન્શિયલ સર્વિસિસના રિસર્ચ હેડ વિનોદ નાયરે જણાવ્યું હતું કે એકંદરે ભારતીય શેરબજારમાં નબળાઈ જોવા મળી હતી, પરંતુ મુખ્ય શેરોમાં મજબૂત ખરીદીને કારણે શેરબજારો નજીવા વધારા સાથે બંધ થયા હતા. સૌથી વધુ નબળાઈ આઈટીસેક્ટરમાં જોવા મળી હતી કારણ કે કંપનીઓની રિઝલ્ટ સિઝન શરૂ થવાની છે અને એવું માનવામાં આવે છે કે આઈટીસેક્ટરની કમાણીના આંકડા બહુ ઊંચા નહીં આવે.

**હૈદ્રાબાદમાં છાત્રોની આત્મહત્યાના કિસ્સા વધ્યા**

# હૈદ્રાબાદમાં MBBSના છાત્રની હાથની નસ કાપીને આત્મહત્યા

### ૨૧ વર્ષીય વિદ્યાર્થી છેલ્લા કેટલાક સમયથી ડિપ્રેશનમાંથી પસાર થઈ રહ્યો હતો, આ માટે તે સારવાર લઈ રહ્યો હતો

। હૈદરાબાદ, તા.૧૦ ।

તેલંગાણાના હૈદરાબાદમાં હાલના દિવસોમાં આપઘાતના કિસ્સાઓ સતત વધી રહ્યા છે. આ ક્રમમાં હવે એમબીબીએસના વિદ્યાર્થીએ બ્લેડ વડે હાથની નસ કાપીને આપઘાત કરી લીધો છે. આપઘાતનો આ મામલો જગતગીરીગુટ્ટા વિસ્તારનો છે. મળેલ માહિતી અનુસાર આ ૨૧ વર્ષીય વિદ્યાર્થી છેલ્લા કેટલાક સમયથી ડિપ્રેશનમાંથી પસાર થઈ રહ્યો હતો.

આ માટે તે સારવાર પણ લઈ રહ્યો હતો. પરંતુ છેલ્લા બે મહિનાથી વિદ્યાર્થીએ ડિપ્રેશન વિરોધી દવાઓ લેવાનું બંધ કરી દીધું હતું. મળેલા અહેવાલો અનુસાર મૃતકના પરિજનોએ જણાવ્યું હતું કે વિદ્યાર્થીએ ગઈકાલે ભોજન કર્યું હતું. પછી પોતાના રૂમમાં ચાલ્યો ગયો હતો. જે બાદ પરિવારજનો કોઈ કામ માટે ઘરની બહાર ગયા હતા. જ્યારે તેઓ ઘરે પરત ફર્યા ત્યારે તેમણે તેમના પુત્રની લાશ લોહીથી લથપથ હાલતમાં પલંગ પર પડેલી મળી હતી. તેની પાસે બ્લેડ પણ હતી. આ બધું જોઈને તેઓ ડરી ગયા હતા. તેઓએ તરત જ તેને હોસ્પિટલ લઈ ગયા હતા. પરંતુ અહીં ડોકટરોએ તેને મૃત જાહેર કર્યો હતો. ત્યારબાદ માતા-પિતાએ આ અંગે પોલીસને જાણ કરી હતી. પોલીસે મૃતદેહને પોસ્ટમોર્ટમ માટે મોકલી આપ્યો હતો. તેઓ દરેક એંગલથી મામલાની તપાસ કરી રહ્યા છે. પરંતુ અત્યાર સુધીની તપાસમાં આ આપઘાતનો મામલો જણાઈ રહ્યો છે. હાલ પોલીસની તપાસ ચાલુ છે. આ અગાઉ નિઝામપેટના બાચુપલ્લીમાં ૧૬ વર્ષની એક વિદ્યાર્થીનીએ હોસ્ટેલના પાંચમા માળેથી કૂદીને આપઘાત કર્યો હતો. પોલીસના જણાવ્યા અનુસાર વિદ્યાર્થિનીનો મૃતદેહ લોહીથી લથપથ જમીન પર પડેલો જોવા મળ્યો હતો, ત્યારબાદ કોલેજ પ્રશાસનને તેની જાણ કરવામાં આવી હતી.

કોલેજ પ્રશાસનને માહિતી મળ્યા બાદ પોલીસ ઘટનાસ્થળે પહોંચી હતી અને મૃતદેહને પોસ્ટમોર્ટમ માટે સરકારી હોસ્પિટલમાં મોકલી આપ્યો હતો. આ વિદ્યાર્થીની કામારેડ્ડી શહેરની રહેવાસી હતી અને બાચુપલ્લીમાં કોલેજની હોસ્ટેલમાં રહેતી હતી.

**જુલાઈ-૨૩ સુધીમાં એવરેજ સેલેરી સર્વેનો ડેટા જાહેર**

# દેશમાં સોલાપુરમાં સૌથી વધુ સરેરાશ મળી,૨૮ લાખથી વધુ સેલરી મળે છે

### ભારતમાં એવરેજ વાર્ષિક સેલેરી રૂપિયા ૧૮,૯૧,૦૮૫ છે જ્યારે મોસ્ટ કોમન અર્નિંગ રૂપિયા ૫,૭૬,૮૫૧ છે

। નવી દિલ્હી, તા.૧૦ ।

જુલાઈ ૨૦૨૩ સુધીમાં એવરેજ સેલેરી સર્વેનો ડેટા આવી ગયો છે. ભારતમાં એવરેજ વાર્ષિક સેલેરી રૂ. ૧૮,૯૧,૦૮૫ છે જ્યારે મોસ્ટ કોમન અર્નિંગ રૂ. ૫,૭૬,૮૫૧ છે. બીજી તરફ પુરુષો અને સ્ત્રીઓ વચ્ચેની સેલેરીમાં તફાવત પણ વધુ છે. પુરુષોને એવરેજ સેલેરી ૧૯ લાખ ૫૩ હજાર રૂપિયા અને મહિલાઓને એવરેજ સેલેરી ૧૫ લાખ ૧૬ હજાર રૂપિયાથી વધુ મળે છે. એવરેજ સેલેરી સર્વે વિશ્વભરના ૧૩૮ દેશોમાં હજારો વ્યક્તિઓનો સેલેરી ડેટા રજૂ કરે છે અને તેનું વિશ્લેષણ કરે છે. ભારત માટે આપવામાં આવેલી માહિતી ૧૧,૫૭૦ લોકોની સેલેરી પર આધારિત છે. વિવિધ કારકિર્દી ક્ષેત્રોમાં મેનેજમેન્ટ અને બિઝનેસમાંથી સૌથી વધુ સરેરાશ આવક રૂ. ૨૯ લાખ ૫૦ હજાર ૧૮૫ છે. ત્યારબાદ લોકોએ લો પ્રોફેશનમાંથી આવક મેળવી છે જેમાં વાર્ષિક સરેરાશ આવક ૨૭ લાખ ૨ હજાર ૯૬૨ રૂપિયા થઈ છે. સર્વેના આંકડા પ્રમાણે ૨૦ વર્ષથી વધુનો અનુભવ ધરાવતા લોકોને ૩૮ લાખ ૧૫ હજાર ૪૬૨ રૂપિયા સેલેરી આપવામાં આવે છે. બીજી તરફ ૧૬ થી ૨૦ વર્ષનો અનુભવ ધરાવતા લોકોને ૩૬ લાખ ૫૦ હજારથી વધુ સેલેરી મળે છે. બીજી તરફ ડોક્ટરેટની ડિગ્રી ધરાવતા લોકો સૌથી વધુ પગાર સરેરાશ ૨૭ લાખ ૫૨ હજારથી વધુ કમાય છે જ્યારે હાઈસ્કૂલની ડિગ્રીથી નીચેના લોકો વાર્ષિક ૧૧ લાખ ૧૨ હજારથી વધુ કમાય છે. દેશની રાજધાની નવી દિલ્હીમાં લોકોની એવરેજ સેલેરી ૨૦ લાખ ૪૩ હજાર ૭૦૩ રૂપિયા છે. ત્યાં ૧,૮૯૦ લોકોનો સર્વે કરવામાં આવ્યો છે. ભુવનેશ્વરમાં એવરેજ સેલેરી ૧૯ લાખ ૯૪ હજાર ૨૫૯ રૂપિયા છે. રાજસ્થાનના જોધપુરની એવરેજ વાર્ષિક સેલેરી રૂ.૧૯,૪૪,૮૧૪ છે. પુણે અને શ્રીનગરમાં એવરેજ વાર્ષિક સેલેરી ૧૮ લાખ ૯૫ હજાર ૩૭૦ રૂપિયા છે. અને હૈદરાબાદમાં વાર્ષિક સેલેરી ૧૮ લાખ ૬૨ હજાર ૪૦૭ રૂપિયા છે.

સર્વે રિપોર્ટ પ્રમાણે શહેરોમાં એવરેજ વાર્ષિક સેલેરીની દ્રષ્ટિએ સોલાપુર સૌથી વધુ આંકડાઓ વાળુ શહેર તરીકે ઉભરી આવ્યું છે. જે વાર્ષિક ૨૮ લાખ ૧૦ હજાર ૦૯૨ રૂપિયા ચૂકવે છે. જોકે આ શહેરમાં માત્ર બે લોકોનો જ સર્વે કરવામાં આવ્યો છે. બીજી તરફ મુંબઈમાં ૧,૭૪૮ લોકોનો સર્વે કરવામાં આવ્યો છે ત્યાં લોકોની એવરેજ સેલેરી ૨૧ લાખ ૧૭ હજારથી વધુ છે. આ ઉપરાંત બેંગ્લોરમાં લોકોની એવરેજ વાર્ષિક સેલેરી ૨૧.૦૧ લાખથી વધુ છે. અહીં લગભગ ૨,૮૦૦ લોકોનો સર્વે કરવામાં આવ્યો છે. ભારતના યુપીમાં સૌથી વધુ એવરેજ સેલેરી ૨૦,૭૩૦ રૂપિયા છે.

# સીમા હૈદરે રાધે રાધેનો પટ્ટો અને તેમજ માંગમાં સિંદૂર પુર્યું

### નેપાળ થઈને ભારતમાં પ્રવેશેલી સીમાએ સચિન સાથે લગ્ન કરી લીધા છે અને હવે તે કાયમ ભારતમાં જ રહેવા માગે છે

। નવી દિલ્હી, તા.૧૦ ।



પ્રેમ માટે પાકિસ્તાનથી ભારત આવેલી સીમા હૈદરની કહાની સૌને ચોંકાવી દે છે. સીમાની મુલાકાત ઓનલાઈન ગેમિંગ દ્વારા ઉત્તર પ્રદેશના નોઈડામાં રહેતા સચિન મીના સાથે થઈ હતી. પરંતુ હવે આ સ્ટોરી ઘણી આગળ વધી ગઈ છે. નેપાળ થઈને ભારતમાં પ્રવેશેલી સીમાએ સચિન સાથે લગ્ન કરી લીધા છે અને હવે તે કાયમ ભારતમાં જ રહેવા માંગે છે. સીમા હૈદરે તેના ગળામાં 'રાધે-રાધે'નો પટ્ટો અને માંગ માં સિંદૂર પૂરીને સંપૂર્ણપણે ભારતીય રૂપ ધારણ કરી લીધુ છે. સીમાનું કહેવું છે કે, તે હવે નવું જીવન શરૂ કરવા માંગે છે અને ભારતમાં રહેવા માંગે છે. સરહદ પાર કરવા અંગે સીમાએ કહ્યું કે, જો સચિન મારા માટે પાકિસ્તાન આવવા તૈયાર હોય તો હું તેના માટે ભારત કેમ ન આવું. પાકિસ્તાનથી નીકળીને સીમા હૈદર પહેલા દુબઈ પહોંચી અને પછી ત્યાંથી તે નેપાળ અને પછી ભારતમાં પ્રવેશવામાં સફળ રહી. સીમાએ જણાવ્યું કે તે પાકિસ્તાનમાં રહીને ભારતના વિઝા માટે અરજી કરી રહી હતી પરંતુ તેને મંજૂરી આપવામાં આવી ન હતી. વારંવાર રિજેક્ટ થયા બાદ તેણે નેપાળ માટે વિઝા માટે અરજી કરી કારણ કે ત્યાં મંજૂરી ફક્ત ૨ દિવસમાં જ મળી રહી હતી. આવી સ્થિતિમાં તેણે ભારતમાં વાયા નેપાળ એન્ટ્રી લેવાનું નક્કી કર્યું. સીમા હૈદરની ઓળખ ૪ જુલાઈના રોજ પ્રકાશમાં આવી જ્યારે તેની ભારતમાં ધરપકડ કરવામાં આવી. તે મે મહિનામાં જ ભારત આવી ગઈ હતી. અને પોતાની ઓળખ છુપાવીને રહેતી હતી. સીમાએ જણાવ્યું કે, તે કરાચીથી દુબઈ ગઈ અને ત્યાંથી નેપાળ આવી પછી કાઠમંડુથી બસ લઈને દિલ્હી પહોંચી. અહીં સચિને તેને એક રૂમ ભાડે અપાવ્યો જ્યાં તે તેના બાળકો સાથે રહી શકે.

## તંત્રી લેખ...

# ઓપરેશન ઓલઆઉટ

જમ્મુ કાશ્મીરમાં શાંતિ સ્થાપિત કરવાના પ્રયાસ મોટા પાયે કરવામાં આવી રહ્યા છે જેના ભાગરૂપે છેલ્લા કેટલાક સમયથી ચાલી રહેલા ઓપરેશન ઓલઆઉટના પરિણામસ્વરૂપે એકપછી એક મોટી સફળતા હાથ લાગી રહી છે. તમામ કુખ્યાત ત્રાસવાદી સંગઠનોની કમર તુટી ચુકી છે. હવે ત્રાસવાદીઓ તેમના અસ્તિત્વની લડાઈ લડી રહ્યા છે. જમ્મુકાશ્મીરમાં સક્રિય ત્રાસવાદી સંગઠન હિઝબુલ મુજાહીદ્દીન અને લશ્કરે તોયબાના તમામ ટોપના ત્રાસવાદીઓ ફુંકાઈ ચુક્યા છે. આ ઓપરેશન હેઠળ માર્યા ગયેલા ત્રાસવાદીઓ પાસેથી મોટી માત્રામાં વિસ્ફોટક પણ કબજે કરવામાં આવી રહ્યા છે. ગયા વર્ષે ૨૦૦થી વધારે ત્રાસવાદીઓને ઠાર કરવામાં આવ્યા હતા. આ વર્ષે પણ મોટી સંખ્યામાં ત્રાસવાદીઓ માર્યા ગયા છે. જેમા પોસ્ટર બોય ટાઈગરનો પણ સમાવેશ થાય છે. બુરહાન વાની ગેંગનો સફાયો કરવામાં આવ્યો છે. જો કે જમ્મુ કાશ્મીરમાં શાંતિ સ્થાપિત કરવા અને લોકોમાં આત્મવિશ્વાસ ભરવા માટે અનેક પગલાની જરૂર છે. સામાન્ય લોકો સુરક્ષા દળો અને સેનાની પૂરતી મદદ કરે તે જરૂરી છે. સ્થાનિક ત્રાસવાદીઓને રક્ષણ અને આશ્રય આપવાના બદલે તેમના સંબંધમાં ગુપ્ત માહિતી સુરક્ષા દળોને માહિતી આપે તે જરૂર છે. ત્રાસવાદ સામેની લડાઈમાં સૌથી મહત્વપૂર્ણ ભૂમિકા નાગરિકોની રહે છે. જો તમામ સતર્ક અને સાહસી તરીકે રહેશે તો ત્રાસવાદને પગ ફેલાવવાની તક મળશે નહી. દુનિયાની તમામ સરકાર, નેતા, ત્રાસવાદની સામે એક થઈ રહ્યા છે. એક થઈને જ ત્રાસવાદનો અંત લાવી શકાય છે. લોકો હુમલા બાદ નારાજગી પ્રગટ કરવા માટે આગળ આવે છે તેને ત્રાસવાદની હાર તો કહી શકાય છે પરંતુ ત્રાસવાદનો ખાતમો બાકી છે. આના માટે સમગ્ર માનવતા એક થાય તે જરૂરી છે. ત્રાસવાદને જીવિત રાખનાર, તેમને મદદ કરનાર. તેમને આશ્રય આપનાર દેશોની સામે પણ પગલા લેવા પડશે. સ્લીપર સેલને નષ્ટ કરવાની દિશામાં પગલા લેવા પડશે. ત્રાસવાદને મદદ કરનાર કોઈ પણ વ્યક્તિ, સંગઠન અથવા તો દેશ કેમ ન રહે તેની સામે સંયુક્ત યુદ્ધ છેડી દેવાની જરૂર છે. જો આવુ કરવામાં નહી આવે તો કઠોર પ્રતિક્રિયા, થવા તો લશ્કરી કાર્યવાહીથી ત્રાસવાદીઓ થોડાક દિવસ તો શાંત રહી શકે છે પરંતુ ફરી કોઈને કોઈ જગ્યાએ હુમલો કરીને રક્તપાત સર્જી દેશે. ભારત, અમેરિકા, ફ્રાન્સ, બ્રિટન ત્રાસવાદીઓના હિટલિસ્ટમાં રહ્યા છે. તેમને દુનિયાના અન્ય દેશોની સાથે મળીને પોતાની ગુપ્તચર વ્યવસ્થાને સુધારી દેવા, સુરક્ષા દળોને આધુનિક કરવા અને ત્રાસવાદી સંગઠન પર કાર્યવાહી ની યોજના બનાવવી પડશે. જમ્મુ કાશ્મીરમાં ત્રાસવાદી હુમલાની વાત હવે સામાન્ય બની ચુકી છે. ત્રાસવાદી હુમલોનો બનાવ જે કોઈ પણ હોય પરંતુ મોટો પ્રશ્ન એ થાય કે તે હુમલાને અમે કઈ રીતે હાથ ધરીએ છીએ. આ અમારી નબળાઈ છે કે આવી ત્રાસવાદી ઘટનાને હાથ ધરતી વેળા અમે ત્રાસવાદીઓને જીવિત પકડી પાડવાના પ્રયાસ કરતા નથી. જેથી કેટલીક નક્કર વિગત હાથ લાગતી નથી. હવે ત્રાસવાદીઓ સામે ઓપરેશન ઓલઆઉટ અસરકારક તબક્કામાં છે. ત્રાસવાદીઓની કમર તોડી નાંખવામાં આવી છે. સુરક્ષા દળોને દરરોજ કોઈને કોઈ મોટી સફળતા હાંસલ થઈ રહી છે.

## પાણીની કમીથી એલર્જીની શંકા છે

પાણીમાં કેટલીક વખત જીવાણુની સાથે ઝેરી તત્વો પણ મિક્સ થઈ જાય છે. આના કારણે બિમારી થઈ શકે છે. દર વર્ષે ૨૨મી માર્ચના દિવસે વિશ્વ જળ દિવસની ઉજવણી કરવામાં આવે છે. દુષિત પાણીના કારણે કેટલીક બિમારી ફેલાઈ જાય છે. શરીર માટે પાણી કેમ જરૂરી છે તેને લઈને હમેંશા પ્રયોગ થતા રહ્યા છે. પુરતા પ્રમાણમાં શરરીમાં પાણી હોવાના કારણે શરીરમાં ચુસ્તી અને ઉર્જા બનેલી રહે છે. થાકનો અનુભવ થતો નથી. દુષિત તત્વો યુરિન અને પરસેવા તરીકે શરીરની બહાર નિકળે છે. આના કારણે શરીરમાં ફાઈબર સારી રીતે અવશોષિત થઈ જાય છે. આના કારણે રોગ પ્રતિકારક ક્ષમતા વધે છે અથવા તો ઈમ્યુનિટી પાવર વધી જાય છે. તે જોડમાં લુબ્રિકેશનને વધારે છે. વજન આના કારણે નિયંત્રિત રહે છે. પાણીની કમી થવાની સ્થિતીમાં એલર્જી થવાનો ખતરો વધે છે. ફેફસામાં ઈન્ફેક્શન, અસ્થમા અને આંતરડાની બિમારીને દુર કરે છે. શરદી, ગરમી અને કિડનીની બિમારીથી પણ બચાવે છે. આના કારણે લોહીમાં પાણીનુ પ્રમાણ ઘટી જાય છે. બ્લડ પ્રેશર વધી જાય છે. આ ઉપરાંત પાણીમાં અનેક પ્રકારના મિનરલ હોય છે. જે કેટલાક રોગથી બચાવે છે. દુષિત પાણીમાં વાયરસ હોવાન કારણે કમળા સહિતના કેટલાક રોગ થઈ શકે છે. પાણીમાં કેટલીક ચીજો મિક્સ હોય છે. પાણીમાં આર્સેનિક ફ્લોરાઈડ, કેડમિયમ, લેડ, મરકરી, નિકોલ, સિલ્વર, લોખંડ અને મેગનીજ, કેલ્શિયમ, બોરિયમ, ક્રોમિયમ અને કોપર હોય છે. જેવા હેવી મેટલની સાથે સાથે નાઈટ્રેટ, સ્લફેટ, બોરેટ અને કાર્બોનેટ જેવા લવણ પણ મિક્સ કરેલા હોય છે. આના કારણે આંતરડામાં બળતરા, લોહીની કમી, કેન્સર, સ્ટ્રોક, હાર્ટ સાથે સંબંધિત રોગ, ગરદન તેમજ અન્ય કેટલીક બિમારી થાય છે. પાણીને શુદ્ધ કરવા માટે સૌથી પહેલા પાંચ મિનિટ સુધી તેને તેજ આગ પર ગરમ કરવામાં આવે છે. જેના કારણે તેમાં હાનિકારક તત્વો નષ્ટ થઈ જાય છે. ક્લોરીનની ૧૬ બુન્દથી ચાર લીટર પાણી શુદ્ધ થઈ શકે છે. ૨૦ લીટર પાણીમાં ક્લોરીનની એક બુન્દ નાંખીને તેને એક કલાક બાદ ઉપયોગમાં લઈ શકાય છે. પહેલા પીવાની બાબત યોગ્ય નથી.જનરલ ડાયાબિટીશ કેરમાં ફ્રાંસના અભ્યાસમાં જણાવવામાં આવ્યું છે કે જે લોકો એક દિવસમાં બે ગ્લાસ અથવા તો તેનાથી પણ ઓછું પાણી પીવે છે તે લોકોમાં હાઈ બ્લડ સુગરનું સ્તર જોવા મળે છે. તેના કારણે આ પ્રકારના લોકો ડાયાબિટીશથી ગ્રસ્ત થઈ શકે છે. અભ્યાસમાં જણાવવામાં આવ્યું છે કે બે ગ્લાસથી ઓછું પાણી પીનાર લોકોમાં ડાયાબિટીશનો ખતરો વધી જાય છે. ૩૬૧૫ પુખ્તવયના લોકોને આવરી લઈને કરવામાં આવેલા અભ્યાસમાં જણાવવામાં આવ્યું છે કે વોટર થેરાપી ખૂબ જ ઉપયોગી છે. ૩૦થી ૬૫ વર્ષની વયના લોકોને આવરી લઈને આ અભ્યાસની પ્રવૃત્તિ હાથ ધરવામાં આવી હતી. અભ્યાસની શરૂઆતમાં આ તમામ લોકોમાં સામાન્ય બ્લડ સુગરની સપાટી હતી. નવ વર્ષના અભ્યાસના ગાળા બાદ અભ્યાસના ભાગરૂપે રહેલાં ૫૬૫ લોકોને હાઈ બ્લડ સુગરની તકલીફ જોવા મળી હતી અને ૨૦૨ લોકોમાં ટાઈપ-૨ ડાયાબિટીશની અસર દેખાઈ હતી. દરરોજ બે ગ્લાસથી ઓછું પાણી પીનાર લોકોમાં હાઈ બ્લડ સુગર થવાની શક્યતા ૨૮ ટકા ઓછી છે. જે લોકોએ આનાથી પણ ઓછું પાણી પીવે છે તે લોકોમાં ખતરો વધારે છે. આ જોખમ હાર્મોન સાથે સીધી રીતે સંબંધિત છે. આનો મતલબ એ થયો કે મોટાપ્રમાણમાં પાણી ખૂબ જ ઉપયોગી છે. તમામ લોકો સારી રીતે જાણે છે કે શરીરમાં ૬૦ ટકા હિસ્સા પાણીમાં છે.

## પરમાત્માએ બાળક સ્વરૂપે જન્મ આપ્યો ત્યારે, આ નવ દ્વાર વાળું દેહ દેવળ એકદમ પવિત્ર હતું

# આપણી અસાવધાનીને કારણે આ નવ દ્વારમાંથી કોઈને કોઈ મેલ અંદર ગયો અને એને કારણે આ દેહ દેવળ દૂષિત થયું



**સદગુરુ વચનામૃત**
સંકલન ફાલ્ગુની વસાવડા (ભાવનગર)



હે ઈશ્વર.

આપના શ્રીચરણોમાં મારા સહ પરિવાર સાદર સાષ્ટાંગ પ્રેમ પ્રણામ. સર્વકર્માણિ મનસા સંન્યાસ્યાસ્તે સુખં વશી, નવદ્વારે પુરે દેહી નૈવ કુર્વન્ન કારયન્. ભગવાન યોગ યોગેશ્વર શ્રીકૃષ્ણ અર્જુનને સમજાવે છે કે અંતે તો ભોગની આસક્તિઓ છોડી, કર્મનો અહમ છોડી, એટલે કે કર્તા પણનો અહમ રાખ્યા વગર કર્મયોગ કરવો એ જ સૌથી શ્રેષ્ઠ છે, અને એને જ કર્મ સન્યાસ પણ કહેવાય છે. પરંતુ જીવ ભોગ પ્રત્યે આસક્ત થયા વગર રહેતો નથી, અને એટલે તે ભોગ, શરીર સાથે સાથે અજ્ઞાનને પોષણ આપે છે, અને દરેક કર્મમાં હું પણું સિદ્ધ કરવા માટે જિંદગી વ્યતિત કરી નાખે છે. સૃષ્ટિની રચના માનવીના ઉપભોગ માટે જ કરવામાં આવી છે, એ વાત પણ સત્ય છે, પરંતુ અન્ય જીવના કલ્યાણને ધ્યાનમાં રાખીને જો ઉપભોગની વૃત્તિને પોષવામાં આવે તો ભોગ એટલું ખરાબ નથી. પરંતુ મારા એકલાનો જ હક કે અધિકાર પહેલો, એ ભાવની વાત ખોટી છે, અને એને કારણે જ સમાજમાં અજકતા ફેલાય છે. જેનું મન પોતાને વશ છે, જે જીતેન્દ્રિય છે, તે પોતાના અંતઃકરણને શુદ્ધ કરવા માટે જ કર્મ કરે છે, અને અંતકરણમાં ક્યારેય રાગ દ્વેષને સ્થાન આપતા નથી. આવી બધી કેટલી એ સરળ તથા ગહન જ્ઞાનની વાતો ભગવાન અર્જુનને કહે છે, અને છતાં અર્જુન સંસારી જીવ છે, માટે તેનો સંશય હજી યથાવત છે કે, યુદ્ધ કર્મ કરવું કે નહીં? ભગવાન કહે છે કે, અંતે તો પ્રકૃતિની ત્રિગુણમય પ્રવૃત્તિ જ પોતાની જાળ અનુસાર સર્વ પાસે કર્મ કરાવે છે. પરંતુ તે છતાં જ્ઞાનયોગીઓ અને કર્મયોગીઓ આ જાળમાં ફસાતા નથી, અને કર્તાપણાનો ભાવ મનમાં રાખતા નથી, માટે તે કર્મ બંધનમાં બંધાતા નથી. ઉપરના શ્રીમદ ભગવત ગીતાના પાંચમા અધ્યાયના તેરમા શ્લોકમાં ભગવાન અર્જુનને કહે છે કે હે અર્જુન અંતઃકરણ જેના વશમાં છે, એવાં સાંખ્યયોગનું આચરણ કરનાર મનુષ્ય કશું ન કરતો, કે ન કરાવતો, રહીને જ નવદ્વારના શરીરરૂપી ઘરમાં સઘળાય કર્મોને મનથી ત્યજીને આનંદપૂર્વક સચિનાનંદઘન પરમાત્માનાં સ્વરૂપમાં સ્થિત રહે છે.

ઉપરના શ્લોકમાં ત્રણ વાત મુખ્ય સમજવા જેવી છે (૧) અંતઃકરણ જેના વશમાં છે. (૨) નવદ્વારરૂપી શરીર. (૩) સચ્ચિદાનંદઘન સ્વરૂપ પરમાત્મા.

આપણે કેટલી એ વાર ચિંતનમાં અંતઃકરણ શબ્દનો પ્રયોગ કર્યો છે અને એની સાથે અંતઃકરણ ચતુષ્કોણ એમ પણ કહ્યું છે. એટલે કે મન, બુદ્ધિ, ચિત્ત, અહંકાર આ ચારેય ખૂણાથી જે રચના બને છે એ અંતઃકરણ છે, અને એ ચારેય ખૂણા સંતુલિત રહે, એ રીતે જે માનવી જીવી શકે, તેનું અંતઃકરણ પોતાના વશમાં છે એમ કહી શકાય. એટલે કે તેનું મન તેના વશમાં છે, તેની બુદ્ધિ સત્યની અનુગામી છે, તેનું ચિત્ત સ્થિર છે, અને તેણે હું પણું ,હું કે કર્તા પણું છોડીને, અહમને પણ ફણા વગરના સાપ જેવો બનાવી દીધો છે. અને સતત આ ચારેય ખૂણાનું સમતોલન કરી શકનારા મનુષ્ય એ અંતઃકરણને વશ કર્યું છે એમ કહી શકાય.

શરીરના નવ દ્વાર પંચ મહાવૃતના બનેલા આ શરીરમાં નવ ઈનદ્રિયના દ્વારા છે, એ આપણે સૌ જાણીએ છીએ એટલે કે બે આંખ, બે કાન, બે નાક, મુખ, લીંગ અને ગુદા એમ નવ દ્વારની વાત છે. સાંખ્ય યોગનું દર્શન કરતાં ખબર પડે કે પંચ મહાભૂત પૃથ્વી, પાણી, પવન, પ્રકાશ, આકાશ ; પાંચ જ્ઞાનેન્દ્રિય, આંખ, કાન, નાક, જીભ,ત્વચા.પાંચ કર્મેન્દ્રિય હાથ, પગ, ગુદા, લિંગ, વાણી, પાંચ ભોગ રસ શબ્દ, સ્પર્શ, રૂપ, રસ ગંધ; અંતઃકરણના ચાર ખૂણા મન, બુદ્ધિ, ચિત્ત, અહંકાર અને આત્મા આમ શરીર ૨૫ તત્ત્વોનું બનેલું છે. આ ઉપરાંત મળ, મૂત્ર, વાછૂર, વીર્ય, ભૂખ, તરસ, હાસ્ય, રૂદન, ઊંઘ, ઊલટી, ઉધરસ, છીંક, બગાસુ- આ શરીરના ૧૩ કુદરતી આવેગો છે. આધિ વ્યાધિ અને ઉપાધિ એ ત્રણ પ્રકારના દુઃખ છે.શાસ્ત્રોમાં શરીરના કામ એટલે વાસના, ક્રોધ, લોભ, મોહ, અહંકાર અને મત્સર ઈર્ષ્યા-આ છ ને શરીરના શત્રુ કહેવામાં આવ્યા છે. જેનો દરેકે ત્યાગ કરવાનો છે. આ ઉપરાંત ત્રણ નાડી ઈડા, પિંગલા, અને સુષુમ્ણા, ચાર અવસ્થા જાગૃત સ્વપ્ર સુષુપ્ત અને તુરીયા ચાર પુરુષાર્થ ધર્મ, અર્થ, કામ, અને મોક્ષ, આ બધી જ સાંખ્ય ક્રિયાઓ એ કોઈ ને કોઈ રૂપે શરીરનાં નવ દ્વાર માંથી શરીરમાં પ્રવેશે છે, અને જો મનુષ્ય એ સમયે સાવધાન ન હોય તો ત્રીગુણ એટલે કે સત્વ રજસ અને તમસના ગુણની પ્રાધાન્યતા જે તે મનુષ્ય તેની સ્થિતિ કે કક્ષા અનુસાર ગ્રહણ કરે છે, અને એને પરિણામે સાચું જ્ઞાન પ્રાપ્ત કરી શકતો નથી! પણ જો જાગૃત હોય તો એ ક્રિયાને પરમાત્માની ચેષ્ઠા સમજી શાંત રહી શકે છે.

સચ્ચિદાનંદઘન સ્વરૂપ પરમાત્મા. આ શબ્દમાં ત્રણ શબ્દ સમાયેલા છે એક તો સચ્ચાઈ, બીજું આનંદ અને ત્રીજું ઘન. આ ત્રણ હોય તો એ પરમાત્મા છે, એમ સ્વીકારી લેવું. એટલે કે જ્યાં સત્ય છે એને નિભાવવા માટે ઈમાનદારી અને પ્રમાણિકતા છે, તેના વાણી વર્તન અને વિચારથી સચ્ચાઈનું સતત વહન અને અનુગમન થતું રહે, તો ત્યાં આગળ ખુશી હોય પ્રસન્નતા હોય, અને આનંદ હોય, જે અન્ય દુનિય્વી વ્યવહાર કે ક્રિયાથી પ્રાપ્ત થતો નથી! એવો આનંદ કે જે કેવળ અને કેવળ હરિ એટલે કે પરમાત્મા સાથે જોડી રાખે છે. ત્રીજો શબ્દ ઘન છે, ઘન એટલે નકર પદાર્થ કે, જેને આપણે સ્પર્શી શકીએ, જેનું ભૌમિતિક રૂપ સ્વરૂપનું બંધારણ નક્કી કરી શકીએ, અથવા તો એની માત્રાનું પ્રમાણ મેળવી શકીએ! એને ભૌતિકશાસ્ત્રની દ્રષ્ટિએ ઘન પદાર્થ કહેવાય કે, જેનું ક્ષેત્રફળ કે ઘનફળ પણ કાઢી શકાય, એવો કોઈ ઠોસ આધાર આપણને પ્રાપત થાય. ટૂંકમાં ઈશ્વર નામે અત્યાર સુધી જે કાલ્પનિક ધારણા હતી, કે આવા આવા લક્ષણો ધરાવે છે, એવી એક કાલ્પનિક છબી કે મૂર્તિ આપણા મનમાં કંડારાયેલી હતી, એનું કોઈ ઠોસ પ્રમાણ પ્રાપ્ત થાય, અને આપણે સ્વીકારી લઈએ કે ના એ જ પરમાત્મા છે ,જેની શોધ મને હતી. દુનિયા કદાચ હજી આપણા આ સત્યને સ્વીકારી ન શકે ,પરંતુ આપણને હવે એવી કોઈ સાબિતી આપવાની પણ જરૂર ન રહે, એ હદે પરમાત્મામાં તલ્લીન થઈ જવું, અને એ ઠોસ આધાર પ્રાપ્ત કર્યાના આનંદમાં જીવવું. ભોગ વિષય બધું આપોઆપ છૂટતું જાય, અને જ્ઞાન અજ્ઞાન બધું જ એની આગળ ફિકુ લાગે, અને બસ એ રૂપ સ્વરૂપ ની રસ માધુરિમા જાત ન્યોચ્છાવર થઈ જાય, એવું છે પરમાત્માનું શુદ્ધ સ્વરૂપ.

તો પરમાત્માએ જ્યારે બાળક સ્વરૂપે જન્મ આપ્યો ત્યારે આ નવ દ્વાર વાળું દેહ દેવળ એકદમ પવિત્ર હતું. પરંતુ આપણી અસાવધાનીને કારણે આ નવ દ્વારમાંથી કોઈને કોઈ મેલ અંદર ગયો અને એને કારણે આ દેહ દેવળ દૂષિત થયું. હવે આપણી ફરજ છે કે આપણે એ મેલ બહાર કાઢી અને પરમાત્માએ આપ્યું હતું એવું સ્વચ્છ અને સુંદર દેહ દેવાય બનાવીએ તો એમાં વસતા આત્મસ્વરૂપ આત્મા જ સચ્ચિદાનંદ ઘન સ્વરૂપ પરમાત્મા છે જે હર ક્ષણ આપણને એની પ્રતીતિ કરાવીને આપણાં ઈશ્વર પ્રેરિત ભાવની પુષ્ટિ કરે છે, અને એ સ્વરૂપને હૃદયના આસન પર બિરાજમાન કરે છે, અને પછી આજીવન દેહને દૂષિત કરનારા અન્ય ભાવથી દૂર રાખે છે. આપણે સૌ ભગવત ગીતાના આ શ્લોકનું આ રીતે મૂલ્યાંકન કરી અને નવ દ્વાર વાળા આ દેહ દેવળને સુંદર અને સ્વચ્છ રાખી શકીએ, એવી એક અનન્ય પ્રાર્થના ઈશ્વર ચરણે રાખી, હું મારા શબ્દોને આજે અહીં જ વિરામ આપું છું. ફરી મળીશું નવા ચિંતન મનન સાથે, તો સૌને મારા આજના દિવસમાં સ્નેહ વંદન અને જય સીયારામ.

# મોર બની થનગાટ કરે, મન મોર બની થનગાટ કરે

# ઘનઘોર ઝરે ચહું ઓર મારું મન મોર બની થનગાટ કરે



**વિશેષ**
યશપાલસિંહ ટી. વાઘેલા



કાળઝાળ ગરમી બફારા ઉકળાટ વચ્ચે મેઘરાજાએ ધમાકેદાર પ ધરામણી કરી છે ત્યારે વિહવળ જીવસૃષ્ટિ આનંદ પુલકિત થઈ ગઈ છે ત્યારે હદય મનમાંથી કંઈક આવો જ સુર નીકળે ને.. આજે વરસાદી માહોલમાં કેટલીક જાણીતી રચનાઓનો આનંદ માણીએ.

વા વાયા ને વાદળ ઊમટ્યાં,

ગોકુળમાં ટહુક્યા મોર,મળવા આવો સુંદીરવર શામળિયા તમે મળવા તે ના'વો શા માટે નહીં આવો તો નંદજીની આણ પ મળવા. તમે ગોકુળમાં ગોધન ચોરંતા,તમે છો રે સદાના ચોર પ મળવા.તમે કાળી તે કામળી ઓઢંતા તમે ભરવાડના ભાણેજ પમળવા. તમે વ્રજમાં તે વાંસળી વાજંતા, તમે ગોપીઓના ચિત્તના ચોર મળવા. મહેતા નરસિંહના સ્વામી શામળિયા એમને તેડી રમાડ્યા રાસ પ મળવા.– નરસિંહ મહેતા.

**તો ભગવતીકુમાર શર્મા**

હવે પહેલો વરસાદ બીજો વરસાદ અને છેલ્લો વરસાદ એવું કાંઈ નહીં !હવે માટીની ગંધ અને ભીનો સંબંધ અને મઘમઘતો સાદ,એવું કાંઈ નહીં !સાવ કોરું કટાક આભ, કોરો કટાક મોભ,કોરાં કટાક બધાં નળિયાં,સાવ કોરી અગાસી અને તેય બાર માસી, હવે જળમાં ગણો તો ઝળઝળિયાં ! ઝીણી ઝરમરનું ઝાડ, પછી ઊજળો ઉધાડ પછી ફરફરતી યાદ,એવું કાંઈ નહીં !હવે માટીની ગંધ અને ભીનો સંબંધ અને મધમધતો સાદ,એવું કાંઈ નહીં !કાળું ભમ્મર આકાશ મને ઘેઘૂર બોલાશ સંભળાવે નહીં;મોર આઘે મોભારે ક્યાંક ટહૂકે તે મારે ઘેર આવે નહીં.આછા ઘેરા ઝબકારા, દૂર સીમે હલકારા લઈને આવે ઉન્માદ,એવું કાંઈ નહીં !હવે માટીની ગંધ અને ભીનો સંબંધ અને મધમધતો સાદ,એવું કાંઈ નહીં !કોઈ ઝૂકી ઝરુખે સાવ કજળેલા મુખે વાટ જોતું નથી; કોઈ ભીની હવાથી શ્વાસ ઘૂંટીને સાનભાન ખોતું નથી. કોઈના પાલવની ઝૂલ, ભીની ભીની થાય ભૂલ, રોમ્રોમે સંવાદએવું કાંઈ નહીં હવે માટીની ગંધ અને ભીનો સંબંધ અને મધમધતો સાદ,એવું કાંઈ નહીં.

તો ન્હાનાલાલ ઝીણા ઝરમર વરસે મેહ,ભીંજે મારી ચૂંદલડી :એવો નીતરે કૌમારનો નેહ,ભીંજે મારી ચૂંદલડી. આજે ઝમે ને ઝરે ચન્દ્રની ચન્દ્રિકા, ભીંજે રસિક કોઈ બાલા રે : ભીંજે સખી, ભીંજે શરદઅલ બેલડી, ભીંજે મારા હૈયાની માલા; હો! ભીંજે મારી ચૂંદલડી વનમાં પપૈયો પેલો પિયુ પિયુ બોલે ટહુકે મયૂર કેરી વેણાં રે : ટમ ટમ ટમ ટમ વાદળી ટમકે,ટમકે મારા નાથનાં નેણાં : હો! ભીંજે મારી ચૂંદલડી. આનન્દ કન્દ ડોલે સુન્દરી નાં વૃન્દ નેમીઠા મૃદંગ પડછાન્દા રે : મન્દ મન્દ હેરે મીટડી મયંકની, હેરો મારા મધુરસચન્દા!હો! ભીંજે મારી ચૂંદલડી. તો ઝવેરચંદ મેઘાણી મોર બની થનગાટ કરે, મન મોર બની થનગાટ કરે ઘનઘોર ઝરે ચહું ઓર મારું મન મોર બની થનગાટ કરે બહુ રંગ ઉમંગનાં પીંછ પસારીને બાદલસું નિજ નેનન ધારીને, મેઘમલાર ઉચારીને આકુલ પ્રાણ કોને કલસાદ કરે મન મોર બની થનગાટ કરે ઘર ઘરર ઘરર મેઘઘટા ગગને ગગને ગરજાટ ભરે ગુમરી ગુમરી ગરજાટ ભરે નવ ધાન ભરી સારી સીમ ઝૂલે નદીયું નવજોબન ભાન ભૂલે નવ દીન કપોતની પાંખ ખૂલે મઘરા મઘરા મલકાઈને મેંડક મેહસું નેહસું બાત કરે ગગને ગગને ઘૂમરાઈને પાગલ મેઘઘટા ગરજાટ ભરેમન મોર બની થનગાટ કરે નવ મેઘ તણે નીલ આંજણીએ મારાં ઘેઘૂર નેન ઝગાટ કરે મારાં લોચનમાં મદઘેન ભરે વનછાંય તળે હરિયાળી પરે

**મારો આતમ લહેર બિછાત કરે સચરાચર શ્યામલ ભાત ધરે**

**મારો પ્રાણ કરી પુલકાટ ગયો પથરાઈ સારી વનરાઈ પરે**

**ઓ રે મેઘ આષાઢીલો આજ મારે દોય નેન નીલાંજન ઘેન ભરે**

મન મોર બની થનગાટ કરે ઓલી કોણ કરી લટ મોકળીયું ખડી આભ મહોલ અટારી પરે ઊંચી મેઘ મહોલ અટારી પરે અને ચાકમચૂર બે ઉર પરે પચરંગીન બાદલ પાલવડે કરી આડશ કોણ ઊભેલ અરે ઓલી વીજ કેરે અંજવાસ નવેસર રાસ લેવા અંકલાશ ચડે ઓલી કોણ પયોધર સંઘરતી વિખરેલ લટે ખડી મે'લ પરે મન મોર બની થનગાટ કરે

**નદી તીર કેરાં કૂણાં ઘાસ પરે પનિહારી એ કોણ વિચાર કરે**

પટકૂળ નવે પાણી ઘાટ પરે એની સૂનમાં મીટ સમાઈ રહી એની ગાગર નીર તણાઈ રહી એને ઘર જવા દરકાર નહિ મુખ માલતી ફૂલની કૂંપળ ચાવતી કોણ બીજા કેરું ધ્યાન ધરે પનિહારી નવે શણગાર નદી કેરે તીર ગંભીર વિચાર કરે મન મોર બની થનગાટ કરે ઓલી કોણ હિંડોળ ચગાવત એકલ ફૂલ બકુલની ડાળ પરે ચકચૂર બની ફૂલ ડાળ પરે વિખરેલ અંબોડાના વાળ ઝૂલે દિયે દેહ નીંડોળ ને ડાળ હલે શિર ઉપર ફૂલ ઝકોળ ઝરે એની ઘાયલ દેહના છાયલ છેડલા આભ ઊડી ફરકાટ કરે ઓલી કોણ ફંગોળ લગાવત એકલ ફૂલ બકુલ ની ડાળ પરે મન મોર બની થનગાટ કરે મોર બની થનગાટ કરે આજે મોર બની થનગાટ કરે મન મોર બની થનગાટ કરેતમરાંને સ્વરે કાળી રાત ધ્રૂજે નવ બાદલને ઉર આગ બૂઝેનદી પૂર જાણે વનરાજ ગુંજે હડૂડાટ કરી સારી સીમ ભરી સરિતા અડી ગામ ની દેવડીએ ઘનઘોર ઝરે ચહું ઓર મારું મન મોર બની થનગાટ કરે મન મોર બની થનગાટ કરે..

## મજબુત ઈરાદાથી શરાબ છોડી શકાય

દેશમાં જુદા જુદા રાજ્યો અને શહેરોમાં મોટી સંખ્યામાં લોકો શરાબની ટેવથી ગ્રસ્ત છે. આ લોકોના પરિવારના સભ્યો પણ તેમની આ પ્રકારની ટેવના કારણે દુખી થયેલા છે. તેમની સાચવણીની કામગીરી પરિવાર માટે પણ મુશ્કેલરૂપ હોય છે. જુદા જુદા સામાજિક પ્રસંગોમાં પણ આ પ્રકારના શરાબ પિવાની ટેવ ધરાવતા લોકો હમેંશા પ્રસંગની મજા બગાડી નાંખે છે. આના કારણે પરિવારના લોકોને અપમાનિત થવાની સ્થિતીનો સામનો કરવો પડે છે. ઘરમાં પણ શરાબ પીનાર લોકોના પરિવાર પર આની અસર થાય છે. એમ કહેવામાં આવે છે કે જુની ટેવ ખુબ મુશ્કેલથી છુટે છે. પરંતુ આનો મતલબ એ નથી કે જુની અને ખરાબ ટેવને છોડી શકાય નહી. ખરાબ ટેવને સરળતાથી છોડી શકાય છે પરંતુ આના માટે મજબુત ઈચ્છાશક્તિની જરૂર હોય છે. એક કઠોર અને સખ્ત નિર્ણય આ ટેવ આપને છોડાવી શકે છે. શરાબની ખોટી ટેવને સરળતાથી છોડી શકાય છે. શરાબની ખોટી ટેવને છોડી દેવા માટે એક મજબુત ઈચ્છાશક્તિની જરૂર હોય છે. જો મજબુત ઈરાદા સાથે આગળ વધવામાં આવે તો મંજિલ નજીક દેખાઈ શકે છે. વિલ પાવરને અથવા તો ઈચ્છાશક્તિને મજબુત કરવાની સૌથી પહેલા જરૂર રહે છે. જો વિલ પાવર મજબુત રહેશે તો જ આની સામે લડત મેળવી શકાય છે. કેટલીક દેશી અને વિદેશી શોધમાં આ વાત નિકળીને સપાટી પર આવી છે કે મન પર નિયંત્રણ કરીને આપને જુની ટેવ છોડવામાં મદદ મળી શકે છે. જ્યારે પણ શરાબની તલબ લાગે છે ત્યારે અન્ય ચીજોનો ઉપયોગ કરવામાં આવી શકે છે. અન્ય ખરાબ ટેવને છોડવા માટે ધીમે ધીમે પ્રયાસ કરવા જોઈએ. કોઈ ટેવને છોડવા માટે તબક્કાવાર રીતે પ્રયાસો હાથ ધરવા જોઈએ. એકદમ બંધ કરી દેવાથી નુકસાન થઈ શકે છે. કારણ કે નશાની શરીરને ટેવ પડેલી હોય છે. જેથી એકદમ છોડી દેવાની સ્થિતીમાં તે વધારે અસર કરી શકે છે. આડ અસર કરી શકે છે. નવા અભ્યાસમાં દાવો કરવામાં આવ્યો છે કે શરાબના કારણે અન્યોને નુકસાન થાય છે. આપની આસપાસના લોકો અને બાળકોને પણ નુકસાન થાય છે. તાજેતરમાં જ કરવામાં આવેલા એક નવા અભ્યાસમાં જાણવા મળ્યું છે કે શરાબ અનેક બિમારીને આમંત્રણ આપે છે. જેમાં કેન્સર જેવી જીવલેણ બિમારી પણ સામેલ છે. અભ્યાસમાં જાણવામાં આવ્યું છે કે આ પ્રકારના વાતાવરણમાં રહેનાર બાળકો પર માઠી અસર થાય છે. આ પ્રકારની શરાબની ટેવથી કેટલીક ગંભીર પ્રકારની આરોગ્યની તકલીફ ઊભી થાય છે. તે પ્રકારના તારણો પહેલાંથી જ બહાર આવી ચૂક્યા છે. હવે નવા અભ્યાસમાં જાણવા મળ્યું છે કે શરાબની ટીનેજરો ઉપર માઠી અસર થાય છે. અભ્યાસમાં જાણવા મળ્યું છે કે નાના બાળકો ધરાવતા માતાપિતા પૈકીના ઘણા માતાપિતા બાળકો ઘરે અભ્યાસ કરે છે ત્યારે અથવા તો રમતા હોય છે ત્યારે ઘરમાં શરાબ સેવન કરે છે. આ પ્રકારના વાતાવરણમાં રહેનાર બાળકોનું સ્કૂલમાં વર્તન પણ અશાંત રહે છે. શિક્ષણમાં પણ નબળા હોય છે. ભણવામાં નબળા હોવાના કારણો જાણવા મળ્યા નથી. તારણોમાં જણાવવામાં આવ્યું છે કે આરોગ્યની ઘણી સમસ્યાઓ શરાબના લીધે ઊભી થાય છે. અસ્થમા, હાર્ટના રોગ, ફેંફસાના કેન્સર સહિતના ઘણા ગંભીર રોગ શરાબની ટેવના કારણે થાય છે તેવા અહેવાલ પહેલેથી જ આવી ચૂક્યા છે.

# જી-૨૦ દેશોની અત્યાર સુધીની બેઠકોની થીમ વિશેની રસપ્રદ બાબતો

| વડોદરા, તા.૧૦ |

એકતાનગર ખાતે જી-૨૦ની ટ્રેડ એન્ડ ઈન્વેસ્ટમેન્ટ વર્કિંગ ગ્રુપની બેઠક યોજાવા જઈ રહી છે. જી-૨૦ની બેઠકોના ચર્ચાસત્રોમાં વેપાર અને રોકાણ એક મહત્વપૂર્ણ વિષય હોય છે. સભ્યો દેશો પરસ્પર સંભાવનાઓ શોધી એક બીજાને સહયોગ કરવાની તકોનું આદાનપ્રદાન કરે છે. ત્યારે, અત્યાર સુધીમાં યોજાયેલી જી-૨૦ની બેઠકોની થીમ વિશે રસપ્રદ બાબતો અત્રે પ્રસ્તુત છે. જી-૨૦ ની સ્થાપના, વર્ષ ૧૯૯૯માં એશિયન નાણાંકીય કટોકટી બાદ કરવામાં આવી હતી. ૧૯ દેશોના નાણાં પ્રધાન અને કેન્દ્રીય બેંકના ગવર્નર અને યુરોપિયન યુનિયન ભેગા મળીને આર્થિક કટોકટીને નાથવામાં માટેના જરૂરી ચર્ચા કરી શકાય તેમાટે મંચ પૂરો પાડવાના હેતુ સાથે શરૂઆત કરવામાં આવી હતી. જી - ૨૦ ના દરેક સભ્ય રાષ્ટ્રોના આર્થિક વિકાસ અને વૃદ્ધિ માટે સમાવેશી પગલાં લેવાય તેમાટે વર્ષ ૨૦૦૮ની વૉશિંગ્ટન ડી.સી. ની બેઠક થી લઈને વર્ષ ૨૦૨૩ની ભારતીય અધ્યક્ષતાની બેઠકમાં વિવિધ મુદ્દાઓને આવરી લઈને થીમ રજૂ કરવામાં આવે છે. જી-૨૦ ની બેઠકમાં થીમની ખુબજ અગત્યની ભૂમિકા રહી છે. જી - ૨૦ એજન્ડાના આધારે બેઠકમાં ચર્ચા થનાર વિવિધ વિષયોને ધ્યાનમાં રાખીને કેન્દ્રબિંદુ તરીકે એક થીમ નક્કી કરવામાં આવે છે. ભારતના જી-૨૦ યજમાન પદની થીમ ''વન અર્થ, વન ફેમિલી, વન ફ્યુચર'' દ્વારા મહા ઉપનિષદના પ્રાચીન સંસ્કૃત પાઠના ''વસુધૈવ કુટુમ્બકમ'' સૂત્રથી પ્રેરિત છે. આવશ્યક પણે આ થીમ જીવનના તમામ સ્વરૂપો, પૃથ્વી અને સમગ્ર બ્રહ્માંડ વચ્ચેના અવિભાજ્ય સંબંધો દર્શાવે છે. આ થીમ વૈશ્વિક સ્તરે પરિવર્તનકારી ક્રિયાઓ થકી સ્વચ્છ, હરિયાળાં અને ઉજ્જવળ ભવિષ્યના નિર્માણની સજ્જતા દર્શાવે છે. ભારતની અધ્યક્ષતા હેઠળની જી -૨૦ થીમ અને લોગો એક સાથે સમગ્ર વિશ્વ માટે ન્યાયી અને સમાન વિકાસ માટે પ્રયત્નશીલ છે તેવો પ્રખર સંદેશો આપી રહ્યાં છે. જ્યારે સમગ્ર વિશ્વ અશાંત સમયમાં, ટકાઉ, સર્વગ્રાહી, જવાબદાર અને સમાવિષ્ટ રીતે આગળ વધી રહ્યુ છે ત્યારે ઈકોસિસ્ટમ સાથે સુમેળમાં રહીને જી -૨૦ પ્રેસિડેન્સી માટેના અનોખા ભારતીય અભિગમનું પ્રતિનિધિત્વ કરી રહ્યુ છે. આ જોયું આપણે ભારતની વિચારધારા અને દુરદર્શિતાથી પ્રેરિત થીમ. તો આવો જોઈએ અત્યાર સુધી વિવિધ રાજ્યોની અધ્યક્ષતામાં યોજાયેલી જી-૨૦ સમિટની થીમ વિશે. વર્ષ ૨૦૦૮માં યુ.એસ. ના વૉશિંગ્ટન ડી.સી. માં યોજાયેલી સૌથી પહેલી જી -૨૦ સમિટ ''ફિનાન્સિયલ માર્કેટ એન્ડ વર્લ્ડ ઈકોનોમી'' ની થીમ સાથે શરૂઆત કરવામાં આવી હતી. જ્યારે વર્ષ ૨૦૦૯માં યુનાઈટેડ કિંગડમના લંડન શહેરમાં યોજાયેલ બીજી જી -૨૦ સમિટ ની થીમ ''સ્ટેબિલીટી- ગ્રોથ - જોબ્સ'' ને પ્રોત્સાહીત કરવા માટેની હતી. વર્ષ ૨૦૦૯ માં યુ.એસના પિટ્સબર્ગના યજમાન પદે યોજાયેલ જી- ૨૦ સમિટમાં પ્રથમ સમિટની થીમ પર સમીક્ષા કરવા માટે યોજાઈ હતી. આમ જોઈએ તો પ્રારંભિક ત્રણ જી-૨૦ શિખર સંમેલન આર્થિક કટોકટી પછીની આર્થિક સ્થિરતાને વરેલી હતી. ત્યારબાદ વર્ષ ૨૦૧૦માં કેનેડાના ટોરન્ટો શહેરમાં જી -૨૦ શિખર સંમેલન યોજાયું હતું. જેની થીમ નવી શરૂઆતને પ્રાધાન્ય આપ તી ''ન્યુ રિકવરી, ન્યુ બિગીનિંગ'' રાખવામાં આવી હતી. જ્યારે સિઓલ, સાઉથ કોરિયામાં યોજાયેલ વર્ષ ૨૦૧૦ની બેઠકની થીમ સભ્ય રાષ્ટ્રોના આર્થિક વૃદ્ધિ માટે સામૂહિક પ્રયાસોના સંકલ્પ માટે ''શેરડ ગ્રોથ બેયોન્ડ ક્રાઈસિસ'' થીમ નક્કી કરવામાં આવી હતી.

# એનરિચે અમદાવાદમાં ત્રણ નવા સ્ટોર્સનો પ્રારંભ કર્યો

## એનરિચે નિકોલ, સાયન્સ સિટી અને શાહિબાગ ખાતે નવા સ્ટોર્સ ખોલ્યા





| અમદાવાદ, તા.૧૦ |

પ્રખ્યાત બ્યુટી અને વેલનેસ બ્રાન્ડ એનરિચ અમદાવાદમાં ત્રણ નવા સ્ટોર્સના ભવ્ય પ્રારંભની જાહેરાત કરવા માટે ઉત્સાહિત છે. નિકોલ, સાયન્સ સિટી અને શાહીબાગમાં સ્થિત આ સ્ટોર્સ એક અન્ય ફોર્મેટ પ્રદાન કરે છે કે જેમાં એક જ સ્થળે સૌંદર્ય સેવાઓ અને છૂટક ઉત્પાદનોનું સંયોજન છે.

એનરિચના નવા સ્ટોર્સ પર, તમે બાલયાજ જેવી સર્જનાત્મક હેર કલર સેવાઓ, કેરાસ્તેસ રિચ્યુઅલ્સ જેવી વાળની સારવાર,હેર બોટોક્સ અને લક્ઝરી ફેશિયલ, મેનિક્યોર અને પેડિક્યોર જેવી ત્વચા સંબંધિત સેવાઓ સહિતની સૌંદર્ય સેવાઓની વિશાળ શ્રેણીનો અનુભવ કરી શકો છો. આ નવા સ્ટોર્સની વિશેષતા પ્રખ્યાત સૌંદર્ય ઉત્પાદનોની વ્યાપક શ્રેણીની રજૂઆત છે જેમાં મેકઅપ, સુગંધિત દ્રવ્યો, સ્કિનકેર અને હેરકેરનો સમાવેશ થાય છે, જે અમારા ગ્રાહકોને પહેલાં ક્યારેય ન મળ્યો હોય તેવો સૌંદર્યનો સર્વાંગી અનુભવ પ્રદાન કરે છે.

**અહીં એનરિચની અનન્ય સુવિધાઓની કેટલીક હાઇલાઇટ્સ છે**

**વૈભવી સુગંધ :** રાલ્ફ લોરેન, પ્રાડા, યવેસ સેઈન્ટ લોરેન્ટ, જ્યોર્જિયો અરમાની, પેકો રબાને, કેરોલિના હેરેરા, ડોલ્સે અને ગબ્બાના, વર્સાચે, સાલ્વાટોર ફેરાગામો, વગેરે.

**વિશિષ્ટ સૌંદર્ય પ્રસાધનો:** લેક્મે, શેમ્બોર,મેબેલિન ન્યુ યોર્ક, એનવાયએક્સ પ્રોફેશનલ મેકઅપ,લોરીઅલ પેરિસ, વગેરે ત્વચા સંભાળ/ વાળ સંભાળમાં **ઉત્કૃષ્ટ:** લોરીઅલ પ્રોફેશનલ, કેરાસ્ટેઝ, ઓલાપ્લેક્સ, ધ ફેસ શોપ, થેલ્ગો, રેમી લોરે, બોર્ન એથિકલ, વગેરે.

એનરિચના સ્થાપક વિક્રમ ભટ્ટે અમદાવાદમાં નવા સ્ટોર્સ શરૂ કરવા અંગે તેમનો ઉત્સાહ વ્યક્ત કર્યો હતો. તેમણે જણાવ્યું હતું કે, ''અમદાવાદ અમારા હૃદયમાં એક વિશિષ્ટ સ્થાન ધરાવે છે અને અમે અમારા ગ્રાહકોને આ વાઈબ્રન્ટ શહેરમાં એક નવો અને અનોખો અનુભવ આપવા માટે રોમાંચિત છીએ. રિટેલને સમાવિષ્ટ કરવા માટે અમારી સેવાઓનું વિસ્તરણ કરીને,અમે અમારા પ્રેક્ષકોને સર્વગ્રાહી વ્યક્તિગત અનુભવ પ્રદાન કરવામાં આનંદ અનુભવીએ છીએ જે અમારા સલુન્સમાં વ્યક્તિગત સેવાઓ પ્રદાન કરવાની અમારી લાંબા સમયથી પ્રતિબદ્ધતા પર આધારિત છે. અમે બ્યુટી અને વેલનેસના ક્ષેત્રમાં નવા માપદંડો સ્થાપિત કરવા માટે પ્રયત્નશીલ હોઈ અમે દરેકને આ રોમાંચક યાત્રાનો ભાગ બનવા માટે આમંત્રિત કરીએ છીએ.'

નિકોલ અને સાયન્સ સિટીમાં નવા સ્ટોર્સના ભવ્ય ઉદઘાટન સમયે માનનીય મહાનુભાવો શ્રીમતી કંચનબેન રાદડીયાજી(માનનીય ધારાસભ્ય ગુજરાત), ગાયક અને અભિનેતા શ્રી અરવિંદ વેગડાજી, શ્રી મહર્ષિ દેસાઈ (મેમ્બર- કલ્ચરલ સેલ ભાજપ ગુજરાત), શ્રી રાકેશ ભાવસાર પ્રેસિડન્ટ-ભાજપ ખાડિયા, શ્રી ભાવેશ દવે મેનેજિંગ એડિટર - નમો ટાઈમ્સ ઉપસ્થિત રહ્યા હતા. અને અમને એ જાહેરાત કરતાં આનંદ થાય છે કે આ સ્ટોર્સ હવે સંપૂર્ણ રીતે કાર્યરત છે. શાહીબાગ સ્ટોર ઓગસ્ટમાં શરૂ થશે જે અમદાવાદમાં અમારા એનરિચ પરિવાર માટે વધુ એક આનંદદાયક સ્થળ હશે.

# ગાય આધારિત ખેતી અને ગાયના છાણમાંથી જીવન જરૂરિયાતની વસ્તુઓ બનાવતા નિરાળા ખેડૂતોની ત્રિપુટી



| છોટાઉદેપુર, તા.૧૦ |

પૃથ્વી પર સૌથી નિરુપદ્રવી પ્રાણી કોઈ હોય તો તે ગાય છે. આપણા ગુજરાતની અને સૌરાષ્ટ્રની ગીર ગાયો તો આખા જગત માં વખણાય છે. ભાવનગરના રાજાએ એ જમાનામાં બ્રાઝીલમાં ગાય ભેટ આપેલી અને તેની પ્રજાતિઓ હજુ પણ બ્રાજીલમાં અસ્તિત્વ ધરાવે છે. આ કિસ્સો જગજાહેર છે. આપણા ગુજરાતમાં તો ખેડૂતોના ઘરોમાં ગાયોને એક ઘરના સભ્ય તરીકે જ ગણવામાં આવે છે. નસવાડી તાલુકાના રનેડા ગામના રહેવાસી એવા રાકેશભાઈ રાઠવા પ્રાકૃતિક ખેતી અને ગાય આધારિત ખેતી સાથે ગાય ઉછેર અને ગૌમૂત્ર તેમજ તેના છાણમાંથી જાત જાતની વસ્તુઓ બનાવી અને કુટીર અને ગ્રામોદ્યોગ વિભાગ અંતર્ગત મેળાવડા અને એક્ઝીબીશનમાં ઠેર ઠેર આ પ્રોડક્ટ સપ્લાય કરે છે. તેમની સાથે અન્ય ૩ ખેડૂતો પણ ગૌ-યજ્ઞમાં જોડાયેલ છે. રાકેશભાઈને આ પ્રેરણા ગૌસેવા ગતિવિધિ- વડોદરા દ્વારા મળી. તેઓ પંચગવ્યમાંથી જાત જાતની વસ્તુઓ જેવી કે કોડિયા, દીવડા, ગોનાઈલ, પંચામૃત, હવન કંડા, મોબાઈલ એન્ટી-રેડીએશન સ્ટેન્ડ, તોરણ, સાબુ વગેરે ચીજ વસ્તુઓ બનાવી તેનું વેચાણ કરે છે. તેઓ કહે છે કે તેમની આ સંસ્થામાં ફક્ત ગાયમાતા નહિ પરંતુ બળદ, નંદી, વાછરડા સહીત તમામ ગૌવંશની ચિંતા કરવામાં આવે છે. આ ગૌસેવા સમિતિની દરેક બેઠક ઋગ્વેદમાં આપેલા ગાયના શ્લોક બોલીને કરે છે. ચાર વેદોમાં ગાયનો ૧૩૩૧ વખત ઉલ્લેખ કરવામાં આવ્યો છે. રાકેશભાઈ કહે છે કે પંચગવ્યમાં એટલી તાકાત છે કે તેનાથી ભારત રોગમુક્ત, કર્જમુક્ત થશે અને સ્વાવલંબી ભારતનું નિર્માણ થશે. ગાયના ઘીમાંથી પ્રગ્ટાવેલા દીવાથી વાતાવરણ બેક્ટેરિયા મુક્ત થાય છે. રાકેશભાઈ પોતે એમ્બોસિંગ મશીન દ્વારા આ બધી વસ્તુઓ રોજ ગાયના છાણના ઉપયોગથી બનાવે છે. આ માટે તેમણે નાગપુરમાં ટ્રેનિંગ લીધી છે. તેઓ ગાયના છાણમાંથી ગણપતિની મૂર્તિ બનાવી છે જે ગણપતિ ઉત્સવમાં ખુબ પ્રચાર પામી છે. આ મૂર્તિ ઈકો ફ્રેન્ડલી છે અને તેનું નદીમાં કે તુલસી ક્યારામાં વિસર્જન કરવાથી કુદરતી ખાતર બની જાય છે. આજના યુગમાં લોકો પોતાના સ્વાસ્થ્ય માટે બધું જ કરવા માંગે છે તેમ છતાં ઝેરી દવા વાળું ખાતર યુક્ત શાકભાજીથી બચી શકતા નથી. ઝેરી રાસાયણિક ખાતરની અસર કોબીજ, ફ્લાવર અને રીંગણમાં ખુબ વધારે પ્રમાણમાં થાય છે અને આપણે તેને લીલા શાકભાજી સમજી સ્વાસ્થ્ય માટે ફાયદાકારક સમજી હોશે હોશે ખાઈએ છીએ. સરકારના આત્મા પ્રોજેક્ટમાં જોડાઈને તેઓ પ્રાકૃતિક ખેતીનો પ્રચાર-પ્રસાર કરી માસ્ટર ટ્રેનર તરીકે પણ સેવા આપે છે. જેમાં તેઓ ગૌમૂત્ર આધારિત દશપર્ણી અર્ક અને નીમાસ્ત્ર ખાતર બનાવી ખેડૂતોમાં જાગૃતિ લાવે છે.

# સ્વચ્છતાનો સંદેશ ફેલાવતા સેલુડ પ્રાથમિક શાળાના બાળકો

| તાપી, તા.૧૦ |

'રાષ્ટ્રીય મત્સ્ય ખેડૂત દિવસ'ની ઉજવણી અંતર્ગત સેન્ટર ઓફ એક્સેલન્સ ઈન એકવાકલ્ચર, કામધેનું યુનિવર્સીટી, ઉકાઈ અને મદદનીશ મત્સ્યોદ્યોગ નિયામકશ્રીની કચેરી, ઉકાઈના સહયોગથી તાપી જિલ્લાના ઉચ્છલ તાલુકાના સેલુડ ગામ ખાતે ''તાપી નદી સ્વચ્છતા અભિયાન'' કાર્યક્રમ યોજાયો હતો. જેમાં સેલુડ પ્રાથમિક શાળાના બાળકો દ્વારા તાપી કિનારેથી કચરો એકઠ્ઠો કરી નદીને સ્વચ્છ બનાવવાનો સરાહનિય પ્રયાસ હાથ ધરવામાં આવ્યો હતો. તાપી કિનારે વસેલું સેલુડ ગામ મત્સ્યપાલનની દ્રષ્ટીએ શ્રેષ્ઠ ગામ છે. પરંતુ પાણીવાટે નદીમાં કચરો પણ જતો હોય છે. જેના કારણે નદીમાં પ્રદુષણ થવાની સાથે–સાથે પાણી દુષિત થવું અને માછલીઓ અને મત્સ્ય પેદાશોમા ઘટાડો થવા જેવી સમસ્યા ઉભી થાય છે. સેલુડ ગામમાં મોટેભાગે ગ્રામજનો માછીમારી કરી જીવન નિર્વાહ કરે છે ત્યારે આ બાળકો મત્સ્ય પેદાશોમાં થતા ઘટાડા અંગે ભલીભાતી અવગત છે. જેના માટે પોતે જાગૃત બની આજે નદી સાફસફાઈની ઝુંબેશ ઉપાડી હતી. જેમાં બાળકોને નદી કિનારેથી પ્લાસ્ટીક અને કાચ જેવો કચરો એકઠ્ઠો કરી ગામની કચરા પેટીમાં નાખ્યો હતો. અને કાર્યક્રમમાં ઉપસ્થિત ગ્રામજનોને પ્લાસ્ટીકનો ઉપયોગ નહિવત કરવાની સાથે ગામમાં સ્વચ્છતા જાળવવા અનુરોધ કર્યો હતો.

BOLLYWOOD NEWS FLASH

## બવાલના ટ્રેલરની શરૂઆત બૂલેટ પર આવી રહેલા અજ્જૂ ભૈયાથી થાય છે, અજ્જૂ સ્કૂલમાં હિસ્ટ્રી ટીચર છે



# વરૂણ ધવન અને જાહન્વીની બવાલનું ટ્રેલર રિલીઝ થયું

| મુંબઈ, તા.૧૦ |

બોલીવુડ અભિનેતા વરૂણ ધવન અને જાહન્વી કપૂરની ફિલ્મ બવાલનું ટ્રેલર રિલીઝ થઈ ગયું છે. આ ટ્રેલરનું ગ્રાન્ડ લોન્ચિંગ દુબઈમાં થયું છે. નીતેશ તિવારીના નિર્દેશનમાં બનેલી આ ફિલ્મ થિએટરમાં નહીં, પરંતુ ઓટીટી પ્લેટફોર્મ પર રિલીઝ થશે. આ ફિલ્મને સાજિદ નડિયાદવાલાના પ્રોડક્શન હેઠળ નડિયાદવાલા ગ્રાન્ડસન એન્ટરટેઈન્મેન્ટે અશ્વિની અય્યર અને નીતેશ તિવારીની અર્થસ્કાય પિક્ચર્સે મળીને પ્રોડ્યુસ કરી છે. તો આવો જણાવીએ કેવું છે બવાલનું ટ્રેલર. બવાલના ટ્રેલરની શરૂઆત બૂલેટ પર આવી રહેલા અજ્જૂ ભૈયા (વરૂણ ધવન)થી થાય છે. અજ્જૂ સ્કૂલમાં હિસ્ટ્રી ટીચર છે. આગળની સ્ટોરી અજ્જૂ અને નિશા (જાહન્વી કપૂર)ની મિત્રતા અને પછી લવ સ્ટોરી તરફ આગળ વધે છે. ટ્રેલરમાં કેટલાક પંચ એવા છે, જેને સાંભળ્યા પછી તમે હસવા માટે મજબૂર થઈ જશો, પરંતુ સ્ટોરીમાં વળાંક ત્યારે આવે છે. જ્યારે અજ્જૂ અને નિશા લગ્ન કરી લે છે અને યુરોપ પહોંચે છે. ત્યાં શરૂ થાય છે બંને વચ્ચે વર્લ્ડવોર. આ સ્ટોરીમાં દર્શકોને પ્રેમ, લડાઈ અને દરેક વ્યક્તિની અંદરનું યુદ્ધ જોવા મળશે. બવાલની સ્ટોરી હાઈસ્કૂલમાં ઈતિહાસ ભણાવનારા એક સાધારણ અજય દિક્ષિત એટલે કે અજ્જૂની છે, જેણે પોતાના શહેરમાં લોકોની વચ્ચે ખોટી છબી બનાવી છે અને આ જ કારણે તે ત્યાંના લોકો માટે સેલિબ્રિટીથી ઓછો નથી. આવી સ્થિતિના કારણે મજબૂર થઈને તેને બીજા વિશ્વયુદ્ધ દરમિયાન યુરોપના પ્રવાસે જવું પડે છે અને મંજૂર ન હોવા છતાં તેને પોતાની પત્ની નિશાને સાથે લઈ જવું પડે છે.

# ડિરેક્ટર ઈચ્છતા હતા કે હું મારી સાડીની પિન હટાવી દઉં

| મુંબઈ, તા.૧૦ |

હિન્દી સિનેમામાં ડ્રીમ ગર્લ તરીકે પ્રખ્યાત પીઢ અભિનેત્રી હેમા માલિની ભારતીય સિનેમાની સૌથી ફેવરિટ અભિનેત્રીઓમાંથી એક છે. અત્યારના દર્શકોને પણ તેઓ પોતાની કળાથી પ્રભાવિત કરવામાં સફળ રહ્યાં છે. તેવામાં હાલમાં એક ઈન્ટરવ્યૂમાં હેમા માલિનીએ એ ઘટના અંગે વાત કરી હતી, જેનો સામનો તેમને ઈન્ડસ્ટ્રીમાં શરૂઆતી દિવસોમાં કરવો પડ્યો હતો. તેમણે એ પણ ખૂલાસો કર્યો હતો કે, રાજ કપૂરે તેમને ફિલ્મ સત્યમ્ શિવમ્ સુંદરમ્ માટે પણ સંપર્ક કર્યો હતો. એક ઈન્ટરવ્યૂમાં પીઢ



અભિનેત્રી હેમા માલિનીએ એક ડિરેક્ટર અંગે વાત કરતા જણાવ્યું હતું કે, તેઓ ઈચ્છતા હતા કે, હું મારી સાડીની પિન હટાવી દઉં. તેમણે યાદ કર્યું કે, કઈ રીતે તેઓ (ડિરેક્ટર) ઈચ્છતા હતા કે, એક સીન દરમિયાન મારી સાડી ખભા પરથી હટી જાય. હેમા માલિનીએ જણાવ્યું હતું કે, તેઓ આવા પ્રકારનો સીન શૂટ કરવા માગતા હતા. કારણ કે, હું હંમેશા મારી સાડી પર પિન લગાવતી હતી. મેં કહ્યું હતું કે, સાડી નીચે પડી જશે, પરંતુ ડિરેક્ટરે જણાવ્યું હતું કે, હું એ જ ઈચ્છું છુ. રાજ કપૂરની ફિલ્મ સત્યમ્ શિવમ્ સુંદરમમાં ઝિનત અમાન અને શશી કપૂરે કામ કર્યું હતું. આ ફિલ્મ ૧૯૭૮માં આવી હતી, જેને દર્શકો ઘણી પસંદ કરી હતી, પરંતુ શું તમે જાણો છો કે, આ ફિલ્મ સૌથી પહેલા હેમા માલિનીને ઑફર થઈ હતી? તે જ ઈન્ટરવ્યૂમાં હેમાએ ખૂલાસો કર્યો હતો કે, રાજ કપૂર એ જાણતા હતા કે, હું એ ફિલ્મ નહીં કરું તેમ છતાં તેમણે આ રોલ મને ઑફર કર્યો હતો. રાજ કપૂરે મને કહ્યું હતું કે, આ એક એવી ફિલ્મ છે, જેને તમે નહીં કરો, પરંતુ હું ઉત્સુક છું કે, તમે આ ફિલ્મ કરો. આ તમામની વચ્ચે હેમા માલિની અત્યારે ઘણા ચર્ચામાં છે. કારણ કે, તેઓ હાલમાં જ ધર્મેન્દ્રના પૌત્ર કરણ દેઓલના લગ્નમાં નહતાં ગયાં. એટલું જ નહીં, તેમની ૨ પુત્રી અહાના અને ઈશા દેઓલ પણ કરણના લગ્નમાં નહતી ગઈ. જોકે, હવે ઈશાએ ઈન્સ્ટાગ્રામ સ્ટોરી પર એક નોટ શેર કરી કરણ અને તેની પત્ની દ્રિશા આચાર્યને નવી શરૂઆત માટે શુભેચ્છા આપી હતી.

## મહિલા ફેને અભિષેક બચ્ચનને કહ્યું હતું કે, તે પિતા અમિતાભ બચ્ચન અને પરિવારનું નામ ડૂબાડી રહ્યો છે

# Big Bના કારણે મહિલા ફેન્સે અભિષેકને મારી હતી થપ્પડ

| મુંબઈ, તા.૧૦ |

ફિલ્મ અભિનેતા અભિષેક બચ્ચન પર હંમેશા તેની એક્ટિંગ માટે નિશાન સાધવામાં આવે છે. સોશિયલ મીડિયા પર ઘણી વાર યુઝર્સે અભિષેકની એક્ટિંગ પર કમેન્ટ કરી અને મજાક ઊડાડી છે, પરંતુ શું તમને ખબર છે કે, એક વાર તો એક ફેને અભિષેક બચ્ચનને થપ્પડ મારી દીધી હતી? અભિષેકે આ વાત એક વાર એક ઈન્ટરવ્યૂમાં જણાવી હતી, જેનો વીડિયો સોશિયલ મીડિયા પર વાઈરલ થઈ રહ્યો છે. ને અભિષેકને થપ્પડ મારીને કહ્યું હતું કે, તે એક્ટિંગ છોડી દે. અભિષેકની



સાથે આ ઘટના એક થિએટરમાં બની હતી. અભિષેક બચ્ચન જ્યારે ધૂમ ૩નું પ્રમોશન કરી રહ્યો હતો. તે દરમિયાન તેણે એક ન્યૂઝ ચેનલને આપેલા ઈન્ટરવ્યૂમાં આ ઘટના અંગે ખૂલાસો કર્યો હતો. ત્યારે તેની સાથે કેટરિના કૈફ, આમિર ખાન અને ઉદય ચોપડા પણ હતા. અભિષેકે જણાવ્યું હતું કે, એક મહિલા આવી અને તેણે જણાવ્યું કે, શરારત ફિલ્મમાં તેને મારી એક્ટિંગ જરાય ન ગમી. ત્યારબાદ તેણે મને થપ્પડ મારી દીધી હતી. એ મહિલાએ તો મને એક્ટિંગ છોડી દેવાની સલાહ પણ આપી હતી. મહિલાએ એ પણ જણાવ્યું હતું કે, હું એટલી ખરાબ એક્ટિંગ કરી રહ્યો છું કે, મારા પિતાનું નામ હું ખરાબ કરી રહ્યો છું. અભિષેક બચ્ચને વર્ષ ૨૦૦૦માં ફિલ્મ રિફ્યૂઝીથી એક્ટિંગ ડેબ્યૂ કર્યું હતું. ફિલ્મ મેં પ્રેમ કી દિવાની હું માટે તેને ફિલ્મફેરનો બેસ્ટ સપોર્ટિંગ એક્ટરનો ખિતાબ પણ મળ્યો હતો.

# સુરતમાં અભિનેતા સંજીવ કુમારના નામે સ્કૂલ પણ છે

| મુંબઈ, તા.૧૦ |

સંજીવ કુમારે તેમના કરિયરમાં અનેક પ્રકારની પડકારજનક ભૂમિકાઓ ભજવી જે પૈકી રોમાન્ટિક, હાસ્ય અને ગંભીર ભૂમિકાઓમાં તેઓને વધુ પસંદ કરવામાં આવ્યા. બોલિવૂડના જાણીતા એક્ટર સંજીવ કુમારનો જન્મ તારીખ ૯ જુલાઈ, ૧૯૩૮ના રોજ સુરત શહેરના મધ્યમવર્ગીય ગુજરાતી પરિવારમાં થયો હતો. તેમનું મૂળ નામ હરિભાઈ ઝરીવાલા હતું અને પોતાના ૨૫ વર્ષના ફિલ્મી કરિયરમાં તેમણે અનેક યાદગાર રોલ કર્યા. આજીવન અપરિણીત રહેલા સંજીવ કુમારનું તારીખ ૬ નવેમ્બર, ૧૯૮૫ના રોજ માત્ર ૪૭ વર્ષની ઉંમરમાં હાર્ટ અટેકના કારણે મૃત્યુ નીપજ્યું હતું. એવું કહેવાય છે કે સંજીવ કુમારના પરિવારમાં કોઈપણ પુરુષ ૫૦ વર્ષ



કરતા વધારે જીવી શક્યો નથી. સંજીવ કુમારને પણ એવું લાગતું હતું કે તેઓ પણ ૫૦ વર્ષ કરતા વધારે જીવી શકશે નહીં. આખરે તેમનું મૃત્યુ પણ ૪૭ વર્ષની ઉંમરમાં થઈ ગયું હતું. એક્ટ્રેસ હેમા માલિનીને સંજીવ કુમાર ખૂબ જ પસંદ કરતા હતા, ત્યારબાદ એક્ટ્રેસ સુલક્ષણા પંડિત સાથે પણ તેમનું નામ જોડાયું હતું. એક્ટિંગ માટે નેશનલ એવોર્ડ સહિત અનેક એવોર્ડ જીતી ચૂકેલા સંજીવ કુમાર, ગુલઝારના પ્રિય કલાકાર હતા. ફિલ્મ 'શોલે'માં સંજીવ કુમારે 'ઠાકુર'નું પાત્ર ભજવ્યું હતું કે જે લોકો આજે પણ યાદ કરે છે. લેખક-ડિરેક્ટર ગુલઝારની કોશિશ, આંધી, મોસમ, અંગૂર અને નમકીન જેવી ફિલ્મોમાં સંજીવ કુમારે યાદગાર અભિનય કર્યો હતો. 'નયા દિન નયી રાત' નામની ફિલ્મમાં સંજીવ કુમારે કુલ ૯ પાત્રો ભજવ્યા હતા.

# છેલ્લા ૧૮ દિવસથી NICUમાં છે દીપિકા કક્કરનો દીકરો

| મુંબઈ, તા.૧૦ |

ટીવી એક્ટ્રેસ દીપિકા કક્કરે ૨૧ જૂનના રોજ દીકરાને જન્મ આપ્યો છે. દીપિકા કક્કરની પ્રીમેચ્યોર ડિલિવરી થઈ છે. તેમનો દીકરો પ્રીમેચ્યોર હોવાથી તેને જન્મથી જ NICUમાં રાખવામાં આવ્યો હતો. દીપિકાના પતિ અને એક્ટર શોએબ ઈબ્રાહિમે સતત પોતાના વ્લોગ દ્વારા દીપિકાની ડિલિવરી વખતના માહોલ અને દીકરાની હેલ્થ અપડેટ વિશે જાણકારી આપી છે. હવે એક્ટરે ખુશખબર આપ્યા છે. શોએબ ઈબ્રાહિમે શનિવારે મોડી રાત્રે ઈન્સ્ટાગ્રામ પર દીકરાના સ્વાસ્થ્ય અંગે અપડેટ આપી છે. શોએબે જણાવ્યું કે, તેના દીકરાને હવે NICUની બહાર લાવી દેવામાં



આવ્યો છે. હાલમાં જ માતાપિતા બનેલા શોએબ અને દીપિકા ફેન્સને હોસ્પિટલમાંથી સતત અપડેટ આપી રહ્યા છે. ડિલિવરીથી લઈને અત્યાર સુધીમાં જે કંઈપણ થયું તેનાથી તેઓ ફેન્સને અવગત કરી રહ્યા છે. સાથે જ દીકરો જલ્દી જ NICUમાંથી બહાર આવી જાય અને તેઓ તેને ઘરે લઈ જઈ શકે તેવી પ્રાર્થના કરવાની પણ કપલે વિનંતી કરી હતી. હવે લાગે છે કે, સૌની પ્રાર્થનાઓનું ફળ મળ્યું છે કારણકે કપલના 'છોટુ' (પ્રેમથી દીપિકા-શોએબ આ રીતે બોલાવે છે)ને NICUમાંથી બહાર લાવી દેવામાં આવ્યો છે. શોએબે ઈન્સ્ટાગ્રામ સ્ટોરીમાં છોટુની હેલ્થ અપડેટ આપતાં લખ્યું, અલહમદુલિલ્લાહ. આજે અમારા દીકરાને NICUની બહાર શિફ્ટ કરી દેવામાં આવ્યો છે.

### ગોવાભાઇને ભાજપ ફળ્યુ !

# ડીસા માર્કેટયાર્ડ ચેરમેન તરીકે બીનહરીફ નીમાયા

### ૩૫ વર્ષથી વધુ સમયથી કોંગ્રેસના સાર્થી ભાજપના મહારથી બની ગયા !



। મહંમદ રફીક શેખ (રાજુ) ડીસા, તા.૧૦ ।

માર્કેટયાર્ડના ચેરમેન પદે દાયકા બાદ ગોવાભાઈ દેસાઈ ની વાપસી જ્યારે ભાચરવાના વતની અરજણભાઈ ચૌધરીને પણ વાઈસ ચેરમેન પદે બીનહરીફ નીમાયા. ઉત્તર ગુજરાતમાં બીજા નંબરે મોખરાનું સ્થાન ધરાવતી ડીસા માર્કેટયાર્ડની ચૂંટણી ૧૦ જુલાઈના રોજ યોજાવાની હતી. જેમા ચેરમેન અને વાઈસ ચેરમેન પદને લઈને રાજકીય ગરમાવો જોવા મળ્યો હતો. પરંતુ આજે તે ચૂંટણી અંતરગ કોંગ્રેશ સાથેના અંદાજે ૩૫ વર્ષ થી વધુ સમયનો પૂર્ણવિરામ કરી ભાજપ સાથે જોડાયા બાદ ગોવાભાઈ દેસાઈ ડીસા માર્કેટયાર્ડના ચેરમેન તરીકે ની તથા ભાચરવા ગામના વતની અરજણભાઈ ચૌધરીને વાઈસ ચેરમેન તરીકે બીનહરીફ નીમણુક કરાઈ હતી. ધી ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતિ ડીસાના ચેરમેન પદે ગોવાભાઈ દેસાઈને નિયુક્ત કરાયા છે.

ભાજપના ચૂંટાયેલા ૧૫ ડિરેક્ટરોને સાઈડ લઈન કરી તાજેતરમાં જ કોંગ્રેસમાંથી આવેલા ગોવાભાઈને ચેરમેન બનાવતા રાજકારણમાં અનેક તર્ક વિતર્ક ઉત્પન થયા છે. ડીસા માર્કેટયાર્ડના વ્યવસ્થાપક મંડળની અઢી માસ અગાઉ ચૂંટણી યોજાઈ હતી. જેમાં માર્કેટયાર્ડના ચેરમેન અને ધાનેરાના ધારાસભ્ય માવજીભાઈ દેસાઈ તેમજ પૂર્વ ધારાસભ્ય ગોવાભાઈ દેસાઈની પેનલો સામસામે હતી. ૧૬ ડિરેક્ટરો માટેની ચૂંટણી યોજાતા ભાજપ સમર્થિત માવજીભાઈ દેસાઈની પેનલના ૧૫ ડિરેક્ટરો જ્યારે કોંગ્રેસમાંથી એકમાત્ર ગોવાભાઈ દેસાઈ જ ચુંટણી જીત્યા હતા. ત્યારબાદ ચેરમેન અને વાઈસ ચેરમેનની ચૂંટણીને લઈ ભારે સસ્પેન્સ સર્જાયું હતું. તે સમય દર્મિયાન ગોવાભાઈ દેસાઈએ કોંગ્રેસ સાથે છેડો ફાડી ભાજપમાં ઝોડાતા તેઓ ચેરમેન બનવા ભાજપ સાથે શરત કરીને આવ્યા હોય તેવી અટકળો ચાલી રહી હતી. તો ભાજપ દ્વારા પણ પ્રથમ વખત ચેરમેન વાઈસ ચેરમેન પદ માટે ડિરેક્ટરોના સેન્સ લેવામાં આવ્યા હતા. જેમાં ૧૫ ડિરેક્ટરો એક તરફ હતા. જ્યારે બીજી તરફ માત્ર ગોવાભાઈ જ હતા. અંતે આજે માર્કેટયાર્ડના ચેરમેન અને વાઈસ ચેરમેન પદની ચૂંટણી પાટણ જિલ્લા રજીસ્ટ્રાર સહકારી મંડળીઓના અધ્યક્ષ પદે યોજાઈ ગઈ. જેમાં નાટયાત્મક વળાંક આવ્યો હોય તેમ ચેરમેન પદે ગોવાભાઈ દેસાઈના નામની દરખાસ્ત પૂર્વ ચેરમેન માવજીભાઈ દેસાઈએ મૂકી હતી. જેને ડિરેક્ટર રમેશભાઈ માળીએ ટેકો આપતા ગોવાભાઈ દેસાઈની ચેરમેન તરીકે બિનહરીફ વરણી કરવામાં આવી હતી. તથા વાઈસ ચેરમેન તરીકે અરજણભાઈ ધર્માભાઈ પટેલના નામની દરખાસ્ત ઈશ્વરભાઈ દેસાઈએ કરતા વેપારી ડિરેક્ટર રાજુભાઈ ભરતીયાએ ટેકો આપતા તેઓની પણ બિનહરીફ વરણી થઈ હતી. નવનિયુક્ત ચેરમેન અને વાઈસ ચેરમેનને તમામ સભ્યોએ તેમજ માર્કેટયાર્ડમાં ઉપસ્થિત ભાજપ ના જિલ્લા પ્રમુખ કિર્તીસિંહ વાઘેલા, ડીસાના ધારાસભ્ય પ્રવીણ માળી સહિત આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા, ઉલ્લેખનીય છે કે ભાજપ પાર્ટી દ્વારા પ્રથમવાર ચેરમેન અને વાઈસ ચેરમેન માટે ચૂંટાયેલા ડિરેક્ટરોના સેન્સ લેવામાં આવ્યા હતા. તેના અંતરગત ચાર દિવસ અગાઉ ડીસા માર્કેટયાર્ડના રેસ્ટ હાઉસ ખાતે પૂર્વ મંત્રી અને જિલ્લા પ્રભારી જયંતિ કાવડીયા દ્વારા ચૂંટાયેલા તમામ ૧૬ ડિરેકટરો અને ભાજપના હોદ્દેદારોના એકપછી એક સેન્સ લેવાયા હતા. નિરીક્ષક અને આગેવાનોએ પાર્ટીના મેન્ડેડ બાદ જે નિર્ણય લે તેમાં સહમત રહેવા ડિરેક્ટરોને સૂચના અપાઈ હતી. તો ડિરેક્ટરોએ પણ પોતાની માંગણી રજુ કરી હતી. જેમાં જયંતિ કાવડીયાને સામુહિક રજૂઆત સમયે ગોવાભાઈ રબારીને બાકાત રાખવામાં આવ્યા હતા અને ધાનેરાના ધારાસભ્ય માવજી દેસાઈની આગેવાનીમાં રજૂઆત કરાઈ હતી. આ બાબતે પૂર્વ મંત્રી અને પ્રભારી જયંતિ કાવડીયાએ જણાવ્યું હતું કે, તમામ પાર્ટીને માનનારા ડિરેક્ટરો છે અને જેને પણ મેન્ડેડ આપે તેની સાથે રહેવાની ખાત્રી પણ આપી છે.

# આણંદ જિલ્લામાં છેલ્લા ૨૪ કલાક દરમિયાન ૨૭૫ મી.મી., અત્યાર સુધી કુલ-૨૭૦૭ મી.મી. વરસાદ નોંધાયો

મનીષ પ્રજાપતિ
। આણંદ, તા.૧૦ ।

આણંદ જિલ્લામાં છેલ્લા ૨૪ કલાક દરમિયાન તારાપુર તાલુકામાં ૧૦ મી.મી., સોજીત્રા તાલુકામાં ૧૯ મી.મી., ઉમરેઠ તાલુકામાં ૩૧ મી.મી., આણંદ તાલુકામાં ૨૩ મી.મી., પેટલાદ તાલુકામાં ૫૧ મી.મી., ખંભાત તાલુકામાં ૫૬ મી. મી., બોરસદ તાલુકામાં ૪૩ મી.મી. અને આંકલાવ તાલુકામાં ૪૨ મી.મી. મળીને છેલ્લા ૨૪ કલાકમાં કુલ ૨૭૫ મીલીમીટર વરસાદ નોંધાયો છે. જે સવારે ૬-૦૦ કલાક સુધીનો વરસાદ દર્શાવે છે.

અત્યાર સુધીમાં જિલ્લામાં સૌથી વધુ વરસાદ આણંદ તાલુકામાં ૪૮૨ મી.મી.નોંધાયો છે જ્યારે સૌથી ઓછો વરસાદ આંકલાવ તાલુકામાં ૨૫૬ મી.મી. નોંધાયો છે. અન્ય તાલુકાઓની વાત કરીએ તો તારાપુર તાલુકામાં ૩૦૫ મી.મી., સોજીત્રા તાલુકામાં ૩૪૯ મી.મી., ઉમરેઠ તાલુકામાં ૨૮૫ મી.મી., પેટલાદ તાલુકામાં ૪૦૪ મી.મી., ખંભાત તાલુકામાં ૩૪૦ મી.મી. અને બોરસદ તાલુકામાં ૨૮૬ મી.મી. મળી જિલ્લામાં કુલ ૨૭૦૭ મી.મી. વરસાદ નોંધાયો હોવાનું જિલ્લા ડિઝાસ્ટર કંટ્રોલરૂમ દ્વારા જણાવાયું છે.



ફોટો : મનીષ પ્રજાપતિ, આણંદ

આણંદમાં નાની ઉંમરમાં સારું અને મોર્ડન આર્ટ પ્રમાણે ચિત્ર તૈયાર કરનાર મુદ્રા હર્ષાંગકુમર પ્રજાપતિ મુદ્રા પ્રજાપતિ જેની ઉંમર હાલ ૧૦ વર્ષની છે અને આણંદ ખાતે પોદાર ઈન્ટરનેશનલ સ્કૂલમાં ધોરણ ૫ માં અભ્યાસ કરી રહેલ છે. હાલમાં તેને હનુમાનજી દાદાનું ચિત્ર તૈયાર કરેલ છે જે જોતા લાગે કે મોટા ચિત્રકારે તૈયાર કાર્યું હોઈ મુદ્રા ને ૫ વર્ષની હતી ત્યારથી ચિત્રો તેમજ માટીમાંથી અલગ અલગ વસ્તુ બનવાનો શોખ છે ખરેખર તેના માતા પિતાને ધ્યન્ય છે, આગામી સમયમાં મુદ્રા ગુજરાતમાં નામના મેળવે તેવા અભિનંદન.

# એકતાનગરના આંગણે ડેલીગેટ્સ દ્વારા રીબીન કાપીને G-20 અંતર્ગત પ્રદર્શની ખુલ્લી મુકાઈ





। રાજપીપળા, તા.૧૦ ।

ભારત દેશને એકસૂત્રમાં જોડનાર લોહપુરુષ સરદાર વલ્લભભાઈ પટેલ સાહેબના સાનિધ્યમાં ફર્ન હોટેલ એકતાનગર ખાતે વસુધેવ કુટુંબકમના થીમ સાથે ડેલીગેટ્સ દ્વારા રીબીન કાપીને G-20 પ્રદર્શનીનો શુભારંભ કરાયો હતો.

આ પ્રસંગે યોજાયેલ એક્ઝિબિશનમાં ઉદ્યોગ મંત્રાલય હેઠળ PM ગતિશક્તિ (નેશનલ માસ્ટર પ્લાન ફોર મલ્ટી મોડલ કનેક્ટિવિટી) સહિત વિવિધ મિનિસ્ટ્રીઓની સિદ્ધિઓ-કામગીરીઓ અંગે પ્રદર્શની ઉભી કરવામાં આવી હતી. જ્યાં વિવિધ દેશોના ડેલીગેટ્સ ઉપસ્થિત રહ્યા હતા, અને વિવિધ પ્રદર્શની નિહાળી હતી. ઉપરાંત, આંતરરાષ્ટ્રીય મિલેટ્સ વર્ષની ઉજવણી પ્રસંગે મિલેટ્સ સ્ટોલ, ભારતમાં ઉત્પાદિત વિવિધ પ્રકારની ચા-કોફી, મરી-મસાલાના ઉત્પાદનોની વિગતોથી વાકેફ થયા હતા.

### ૧૧ જુલાઈ - વિશ્વ વસ્તી દિન

# ભવિષ્યમાં ઈ-સેન્સસ વડે વસ્તી ગણતરી કેવી રીતે થશે, ચાલો જાણીએ

। મિનેશ પટેલ અમદાવાદ, તા.૧૦ ।

વિશ્વભરમાં ૧૧ જુલાઈનો દિવસ ‘વિશ્વ વસ્તી દિન’ તરીકે ઊજવવામાં આવે છે. આ દિવસે વિશ્વભરમાં વસ્તીવધારાના સારાં- નરસાં પાસાંઓ, હકારાત્મક વસ્તી નિયંત્રણ માટેની યોજનાઓ સહિત વસ્તીવધારાના લીધે ઉદ્દભવતી ગરીબી, બેરોજગારી જેવી નકારાત્મક અસરો અંગે વિચાર વિમર્શ કરવામાં આવતો હોય છે. આ ઉપરાંત લોકોમાં પણ આ બાબતે જાગૃતિ કેળવાય એ માટેના પ્રયત્નો કરવામાં આવે છે.

આ તબક્કે એવો વિચાર સ્વાભાવિક રીતે આવે કે વસ્તી ગણતરી થતી કેવી રીતે હશે? ભારત જેવા દેશમાં સરકાર દ્વારા વસ્તી ગણતરી કેવી રીતે કરવામાં આવતી હશે અને કયાં કયાં પરિબળો વસ્તી ગણતરીને અસર કરતાં હશે અથવા વસ્તી ગણતરી વખતે ધ્યાનમાં રાખવામાં આવતા હશે. ભારત સરકાર આવનારા સમયમાં ઈ-સેન્સસના માધ્યમથી વસ્તી ગણતરી કરવાની વિચારણા કરી રહી છે. તો ચાલો સમજીએ વસ્તી ગણતરીની પરંપરાગત અને ભાવિ પદ્ધતિ એવી ઈ-સેન્સસ વિશે.

**વસ્તી ગણતરીની પરંપરાગત પદ્ધતિ**

વસ્તી ગણતરીની પરંપરાગત પદ્ધતિમાં જે તે વ્યક્તિને ડોર ટુ ડોર સર્વે અથવા તો પ્રત્યક્ષ મુલાકાત દ્વારા અલગ અલગ સવાલો પૂછીને તેમની માહિતી એકત્ર કરવામાં આવે છે. સર્વેમાં જે તે વ્યક્તિના નામ, ઉંમર, પરિવારના સભ્યો, શિક્ષણ અને આવક અંગેની વિગતો સહિતની માહિતી મેળવવામાં આવે છે. આ માહિતી વિવિધ સવાલો ધરાવતા ફોર્મમાં ભરવામાં આવે છે. ભારતમાં ૧૯૫૧થી લઈને આ પદ્ધતિથી ૨૦૧૧ સુધી દર ૧૦ વર્ષે વસ્તી ગણતરી કરવામાં આવી છે. વર્ષ ૨૦૦૧માં નવા અભિગમ પ્રમાણે વસ્તી ગણતરીની માહિતી મેળવેલા તમામ ફોર્મ ઝોન વાઈસ ડેટા પ્રોસેસિંગ સેન્ટરોને મોકલવામાં આવે છે અને ત્યાંથી આ વિગતો સોફ્ટવેરમાં ફીડ કરવામાં આવે છે.

**ઈ-સેન્સસ**

આવનારા વર્ષોમાં ભારતમાં વસ્તી ગણતરી પરંપરાગત પદ્ધતિને બદલે ઈ-સેન્સસ દ્વારા કરવાનું લક્ષ્યાંક સેવવામાં આવ્યું છે. ઈ-સેન્સસમાં વસ્તી ગણતરી તેના નામ પ્રમાણે જ ઈલેક્ટ્રોનિક ગેજેટ્સ એટલે કે મોબાઈલ કે ટેબલેટ જેવાં ઉપકરણો વડે કરવામાં આવશે. આ પદ્ધતિમાં કાગળ આધારિત દસ્તાવેજો કે ફોર્મની જરૂર પડશે નહીં. ઈ-સેન્સસ દ્વારા વસ્તી ગણતરી માટે એક કોમન સોફ્ટવેર/ એપ લોન્ચ કરવામાં આવશે, જેમાં દેશનો દરેક વ્યક્તિ કે પરિવાર મોબાઈલ કે અન્ય ઉપકરણોના માધ્યમથી પોતાની વિગતો ભરી શકશે. આ પદ્ધતિમાં તમામ વિગતો એક જ કોમન સોફ્ટવેરમાં સંગ્રહિત થશે, જેના લીધે તેનું ડેટા પ્રોસેસિંગ કરવું સરળ બનશે.

**પરંપરાગત પદ્ધતિની સામે ઈ-સેન્સસના ફાયદાઓ**

- વધુ સચોટ અને યોગ્ય વિગતો સરળતાથી પ્રાપ્ત કરી શકાય
- પોલીસી મેકિંગ માટે ડેટા પ્રોસેસિંગ દ્વારા મળતી વિગતો ખૂબ જ ઉપયોગી
- દસ્તાવેજ આધારિત પદ્ધતિમાંથી છુટકારો મેળવી શકાય
- ઓછાં સંસાધનોની જરૂરિયાત
- જન્મ, મરણ સહિતની વિગતો ઉપલબ્ધ થતાં સમયાંતરે નાગરિકોને મતાધિકાર અને અન્ય લાભો પૂરાં પાડવામાં સરળતા રહેશે
- સરકારી દસ્તાવેજો ઓછાં થશે અને તેમને સાચવવાની ઝંઝટમાંથી મુક્તિ મળશે.
- દેશના નાગરિકોની સચોટ ભૌગોલિક, સામાજિક અને સાંસ્કૃતિક વિગતો ઉપલબ્ધ થતાં સરકારી યોજનાઓ ઘડવામાં સરકતા રહે.

શરૂઆતમાં પરંપરાગત વસ્તી ગણતરી પદ્ધતિની સાથે સાથે ઈ-સેન્સસનો પ્રયોગ કરવામાં આવી શકે, એટલે કે બંને પદ્ધતિ દ્વારા વસ્તી ગણતરી કરવામાં આવે, જેમાં અમુક ભાગોમાં ડેટા ઈ-સેન્સસના માધ્યમથી લેવામાં આવે, જ્યારે બાકીના અમુક ભાગોમાં વસ્તીની વિગતો પરંપરાગત રીતે ફોર્મ ભરીને મેળવવામાં આવે. ત્યારબાદ ધીમે ધીમે ઈ-સેન્સસનો ઉપયોગ વધારવામાં આવી શકે. ડિજિટલાઈઝેશનના જમાનામાં ભારત જેવા વિકાસશીલ દેશમાં આવનારા સમયમાં વસ્તી ગણતરીની ઈ-સેન્સસ પદ્ધતિ ગુડ ગવર્નન્સ અને પોલીસી મેકિંગમાં ખૂબ જ મહત્ત્વની સાબિત થઈ શકે તેમ છે.

# જિલ્લા કલેક્ટરશ્રી પ્રભવ જોશીના અધ્યક્ષ સ્થાને નશામુક્ત અભિયાનની કમિટીની બેઠક યોજાઈ

। રાજકોટ, તા.૧૦ ।

જિલ્લા કલેક્ટરશ્રી પ્રભવ જોશીના અધ્યક્ષ સ્થાને કલેક્ટર કચેરી ખાતે જિલ્લા સ્તરની નશામુક્ત અભિયાનની કમિટીની બેઠક યોજાઈ હતી.આ બેઠકમાં આગામી માસથી શરૂ થનાર કાર્યક્રમ અને અભિયાન અંતર્ગતની વિવિધ પ્રવૃત્તિઓ વિશેનો એક્શન પ્લાન રજૂ કરાયો હતો. જેને મંજૂરી આપી કલેકટરશ્રીએ સોશિયલ મીડિયા દ્વારા પણ નશામુક્તિ અભિયાન ચલાવવા પર ભાર મૂક્યો હતો. રાજકોટ જિલ્લામાં વિવિધ સંસ્થાઓના સહયોગથી ૧૧૦ જેટલા સ્વયંસેવકો અભિયાન માટે નિમણૂક



પામેલ છે. કલેકટરશ્રીએ સ્વયંસેવકોને અદ્યતન તાલીમ આપવા તેમજ નશામુક્ત થનાર લોકોની સફળતાને પ્રસિધ્ધ કરવા અને જિલ્લામાં ચાલતા સપોર્ટ ગૃપ વિશે વધુ પ્રચાર કરવા સૂચન કર્યું હતું. બેઠકમાં જિલ્લા સમાજ સુરક્ષા કચેરી દ્વારા જણાવવામાં આવ્યું હતું કે, નશા મુક્તિ અભિયાન અંતર્ગત રાજકોટ જિલ્લામાં ગ્રામ્ય કક્ષાએ ખાસ ફરતા રથ દ્વારા લોકોને નશાથી થતા નુકસાન વિશે જાગૃત કરવામાં આવી રહ્યા છે. સાથે જ ગ્રામ્ય કક્ષાએ કઠપૂતળીના ખેલ દેખાડીને અને અન્ય કાર્યક્રમ દ્વારા લોકોને નશાથી દૂર રહેવા માટે સમજાવવામાં આવ્યા છે.

હાલ ભારત સરકારના સામાજિક અને ન્યાય અધિકારિતા વિભાગ તથા બ્રહ્માકુમારી સંસ્થા દ્વારા નશામુક્ત ભારત અભિયાન અંતર્ગત જોડાણ સાથે ઝુંબેશ ચલાવવામાં આવી રહી છે. ત્યારે બ્રહ્માકુમારી અંજુબહેનએ જણાવ્યું હતું કે, છેલ્લા ૪૧ દિવસમાં ૩૬૭ શાળાઓમાં અભિયાન ચલાવી ૭૮૦૦૦ જેટલા બાળકોને જાગૃત કરવામાં આવ્યા છે.

# આજનું રાશિ ભવિષ્ય.....

**મેષ (અ,લ,ઇ) :**
આજના દિવસે વધુ પડતું ભોજન લેવાનું ટાળો અને તમારા વજન પર નજર રાખો. આજે કરેલું રોકાણ તમારી સમૃદ્ધિ તથા આર્થિક સુરક્ષામાં વધારો કરશે. તમને ખુશ કરે એવી બાબતો કરો, પણ અન્યોના કાર્યવ્યાપથી દૂર રહેવાનો પ્રયાસ કરજો. સઘન પ્રયત્નો કરો તમે ચોક્કસ જ નસીબવાન પુરવાર થશો કેમ કે આજનો દિવસ તમારો છે. તમારા લગ્નજીવનના આનંદ માટે આજે તમને એક અદભુત સરપ્રાઈઝ મળવાની શક્યતા છે.

**વૃષભ (બ,વ,ઉ) :**
આજના દિવસે અન્યો સાથે તમે ખુશહાલ ક્ષણો માણી રહ્યા હોવાથી તમારૂં સ્વાસ્થ્ ખીલી ઉઠશે. પર સાવચેત રહેજો કેમ કે સ્વાસ્થય પ્રત્યેની બેદરકારી તમને આગળ જતાં પજવી શકે છે. લાંબા ગાળાથી આવવાના બાકી નાણાં અથવા કોઈને ઉછીની આપેલી રકમ પરત આખરે પરત મળશે. પારિવારિક મોરચો ખુશખુશાલ તથા સરળ નથી લાગતો.

**મિથુન (ક,છ,ઘ) :**
આજના દિવસે તમારા વિનમ્ર વર્તનની સરાહના થશે. અનેક લોકો તમારા છુટ્ટા મોંએ વખાણ કરશે. વેપાર ને મજબૂત કરવા માટે તમે કોઈ મહત્વપૂર્ણ પગલાં લાયી શકો છો જેના માટે તમારા કોઈ નજીકી તમારી નાણાકીય મદદ કરી શકે છે. તમારા પરિવારના કલ્યાણ માટે સખત મહેનત કરો. તમારૂં કાર્ય પ્રેમ અને હકારાત્મક દષ્ટિકોણથી સંચાલિત હોવું જોઈએ લાલચથી નહીં.

**કર્ક (ડ,હ) :**
આજના દિવસે ભાગ્ય પર આધાર ન રાખો અને તમારૂં સ્વાસ્થ્ય સુધારવાના પ્રાયાસ કરો કેમ કે નસીબ એવી આળસું દેવી છે જે ક્યારેય તમારી પાસે નહીં આવે. સમય આવી ગયો છે જ્યારે તમારે તમારા વધતા વજન પર અંકુશ મુકીને સ્વાસ્થ પાછું મેળવવા કસરત પાછી શરૂ કરવી જોઈએ. કોઈ બાબત કે ઘટના બને તેની રાહ ન જોતા-બહાર નીકળો અને નવી તકોને શોધો.

**સિંહ (મ,ટ) :**
આજના દિવસે મિત્રો સાથે સાંજ આહલાદક રહેશે પણ સાવચેત રહેજો, વધુ પડતું ખવાઈ જશે તો તમારી સવાર બગડશે. પરિણીત લોકો ને પોતાના સંતાન ની શિક્ષા ઉપર આજે વધારે ખર્ચ કરવું પડશે? પરિવારના સભ્યો સાથેના મતભેદો દૂર કરીને-તમે તમારા ધ્યેયોને આસાનીથી પ્રાપ્ત કરી શકશો. પ્રેમ જીવનમાં થોડીક મુશ્કેલી આવી શકે છે.

**કન્યા (પ,ઠ,ણ) :**
આજના દિવસે તમારે અનેક ટેન્શન તથા મતભેદોનો સામનો કરવો પડે જે તમને બેચેન અને ગુસ્સાવાળા બનાવી દે એવી શક્યતા છે. આજે ધન લાભ થવાની શક્યતા તો છેજ પરંતુ એવું પણ થયી શકે છે કે પોતાના ગુસ્સેલ સ્વભાવ ના લીધે તમે પૈસા કમાવા માં સક્ષમ ના થયી શકો. નિકટના મિત્રો તથા ભાગીદારો આક્રમક થઈને તમારૂં જીવન મુશ્કેલ બનાવી દેશે.

**તુલા (ર,ત) :**
આજના દિવસે મનોરંજનમાં રમતગમતની પ્રવૃત્તિઓ તથા બાહ્ય કાર્યક્રમોનો સમાવેશ થવો જોઈએ. ઘર ની નાની નાની વસ્તુઓ પર આજે તમારું ઘણું ધન ખરાબ થયી શકે છે જેથી તમને માનસિક તાણ થયી શકે છે. તમારી મોહિની તથા વ્યક્તિત્વ તમને નવા મિત્રો બનાવવામાં મદદ કરશે. આજે રોમેન્ટિક લાગણીનો એવો જ બદલો મળશે.

**વૃશ્ચિક (ન,ય) :**
આજના દિવસે માનસિક તાણ છતાં સ્વાસ્થ્ય સારૂં રહેશે. તમારું ધન તમારા કામ માં ત્યારેજ આવી શકે છે જયારે તમે પોતાની ફિજૂલખર્ચી બંધ કરો. આ વાત તમને આજે સારી રીતે સમજ માં આવી શકે છે. જરૂર પડશે તો તમારા મિત્ર તમારી મદદે આવશે. કામ પર ધ્યાન કેન્દ્રિત કરો અને લાગણીશીલ સંઘર્ષથી દૂર રહો. આજે ઓવું વર્તન કરો જાણે કે તમે સ્ટાર છો-પણ માત્ર પ્રશંસાને પાત્ર ઠરે એની જ ચીજો કરજો.

**ધન (ભ,ધ,ફ) :**
આજના દિવસે શારીરિક માંદગીમાંથી સાજા થવાની શક્યતા છે, જે તમને રમતગમતની સ્પર્ધામાં ભાગ લેવામાં મદદરૂપ થશે. બહાર કોઈ ચીજ ખરીદવા દોડવાને બદલે તમારી પાસે જે હો તેનો ઉપયોગ પહેલા કરો. ઘરને લગતી બાબતો તથા ઘરના બાકી રહી ગયેલા કામ પૂરાં કરવા માટે અનુકૂળ દિવસ. આજે ખાલી સમય નું સાચું ઉપયોગ કરવા માટે તમે પોતાના જુના મિત્રો ને મળવા નું પ્લાન બનાવી શકો છો?

**મકર (ખ,જ) :**
આજના દિવસે તમારૂં મંતવ્ય વ્યક્ત કરતા અચકાતા નહીં. આત્મવિશ્વાસની કમીને તમારા પર અંકુશ જમાવવા ન દો કેમ કે એનાથી તમારી સમસ્યાઓની ગૂંચવણ ઓર વધશે અને તમારો વિકાસ મંદ પડશે. આત્મવિશ્વાસ પાછો મેળવવા માટે તમારી જાતને વ્યક્ત કરો તથા સમસ્યા સાથે પનારો પાડવા ખુલ્લા દિલે સ્મિત કરો. કામના સ્થળે પરિસ્થિતિ સારી જણાય છે.

**કુંભ (ગ,શ,સ) :**
આજના દિવસે રચનાત્મક કામ તમને નિરાંતવા રાખશે. કોઈ નજીક ના મિત્રો થી અમુક વેપારીઓ ને સારું ધન લાભ થવા ની શક્યતા છે. આ ધન તમારી ઘણી મુશ્કેલીઓ ને દૂર કરી શકે છે. સામાજિક કાર્યક્રમોમાં હાજર રહેવાની તકો મળવાની શક્યતા છે-જે તમને વગદાર લોકોના નિકટ સંપર્કમાં લાવી શકે છે. આજે તમને તમારા જીવનમાં સાચા પ્રેમની કમી સાલશે.

**મીન (દ,ચ,ઝ,થ) :**
આજના દિવસે વધુ આશાવાદી બનવા માટે તમારી જાતને પ્રોત્સાહિત કરો. તે તમારો આત્મવિશ્વાસ તથા લવચિકપણું વધારશે પણ તેની સાથે જ ભય, નફરત, ઈર્ષા અને બદલો જેવી નકારાત્મક ભાવનાઓ છોડવા તૈયાર કરો. અણધાર્યા બિલ આર્થિક બોજો વધારશે. બાળકો તેમની સિદ્ધિ દ્વારા તમને ગર્વની અનુભૂતિ કરાવશે.




હરિદ્વારમાં ભગવાન શિવ ભક્તો દ્વારા શ્રવણ મહિનાની યાત્રા દરમિયાન ગંગા નદીમાંથી પવિત્ર જળ લઈ જતાં શ્રદ્ધાળુઓ.

ન્યૂઝ બ્રિફ

## વિરાટ દ્રવિડ સાથેની તસવીર પોસ્ટ કરીને ભાવુક થયો

### વિરાટ કોહલીએ લખ્યું, માત્ર બે ખેલાડીઓ ૨૦૧૧માં ડોમિનિકામાં રમાયેલી છેલ્લી ટેસ્ટ મેચનો ભાગ હતા



। ડોમિનિકા, તા.૧૦ ।

ભારત અને વેસ્ટ ઈન્ડીઝ વચ્ચે ૧૨ જુલાઈથી ટેસ્ટ સિરીઝ રમાશે. આ ટેસ્ટ સિરીઝ પહેલા ભારતીય ક્રિકેટ ટીમના સ્ટાર ખેલાડી વિરાટ કોહલીએ તેના કોચ રાહુલ દ્રવિડ સાથે સોશ્યલ મીડિયા પર એક ખાસ પોસ્ટ શેર કરી છે, જે ક્રિકેટ ચાહકોમાં હલચલ મચાવી રહી છે. ભારત અને વેસ્ટ ઈન્ડિઝ વચ્ચે સિરીઝની પ્રથમ ટેસ્ટ મેચ ડોમિનિકામાં રમાશે. આ સ્થિતિમાં કોહલીએ દ્રવિડ સાથેની પોસ્ટ શેર કરી અને લખ્યું કે, માત્ર બે ખેલાડીઓ ૨૦૧૧માં ડોમિનિકામાં રમાયેલી છેલ્લી ટેસ્ટનો ભાગ હતા. ક્યારેય વિચાર્યું ન હતું કે આ સફર આપણને વિવિધ ક્ષમતાઓમાં અહીં પાછા લાવશે. ખૂબ આભારી. ભારતીય ક્રિકેટ ટીમે છેલ્લે વર્ષ ૨૦૧૧માં ડોમિનિકામાં ટેસ્ટ મેચ રમી હતી. તે મેચમાં કોહલી અને દ્રવિડ ખેલાડીઓ તરીકે એકસાથે ટીમનો ભાગ હતા. હવે ૧૨ વર્ષ બાદ ભારતીય ટીમ ફરી એકવાર ડોમિનિકામાં ટેસ્ટ મેચ રમવા જઈ રહી છે. આ વખતે કોહલી એક ખેલાડી તરીકે ટીમનો ભાગ છે જ્યારે દ્રવિડ કોચ તરીકે ટીમની સાથે છે. આ જ કારણ છે કે ટેસ્ટ સિરીઝની શરૂઆત પહેલા કોહલી દ્રવિડ સાથેની ફોટો શેર કરતા ભાવુક જોવા મળ્યો હતો. દ્રવિડ સાથે શેર કરેલી આ ફોટો પર કોમેન્ટ કરતાં હરભજન સિંહે કોહલીને શુભેચ્છા પાઠવી હતી. કોહલી વર્ષ ૨૦૧૧ ટેસ્ટ સિરીઝ રમવા માટે વેસ્ટ ઈન્ડિઝ ગયો હતો, તે ટેસ્ટ સિરીઝ કોહલીની ડેબ્યુ ટેસ્ટ સિરીઝ હતી. કોહલીએ ડોમિનિકા ટેસ્ટ મેચમાં ૩૦ રનની ઈનિંગ રમી હતી. ભારતીય ટીમ વેસ્ટ ઈન્ડિઝના પ્રવાસ પર ૨ ટેસ્ટ મેચ, ૩ વન-ડે અને ૫ મેચની ટી૨૦ સિરીઝ રમશે.

### નદીઓ ગાંડીતૂર, રસ્તા પાણીમાં ગરકાવ

## દેશભરમાં વરસાદને કારણે હાહાકાર મચી ગયો છે, જનજીવન અસ્તવ્યસ્ત કરી નાખ્યું

### ઉત્તરાખંડના ઘણા જિલ્લાઓમાં હવામાન વિભાગે આગામી ત્રણ દિવસ સુધી ભારે વરસાદ માટે ઓરેન્જ એલર્ટ જાહેર કર્યું છે

। નવી દિલ્હી, તા.૧૦ ।

દેશભરમાં વરસાદને કારણે હાહાકાર મચી ગયો છે. છેલ્લા કેટલાક દિવસોથી મુશળધાર વરસાદે જનજીવન અસ્તવ્યસ્ત કરી નાખ્યું છે. સોમવારે ૧૦ જુલાઈએ રાષ્ટ્રીય રાજધાનીમાં ઓરેન્જ એલર્ટ જારી કરવામાં આવ્યું છે. દિલ્હીમાં છેલ્લા ૨૪ કલાક દરમિયાન વરસાદમાં ૧૫ ઈમારતો ધરાશાયી થઈ છે. અનેક સાંસદોના ઘરોમાં પાણી ઘૂસી ગયા છે. દિલ્હીના ગાઝિયાબાદમાં આજે શાળાઓ બંધ રાખવામાં આવી છે. ગુરુગ્રામમાં વરસાદને કારણે લોકોની હાલત દયનીય છે. ઉત્તરાખંડના ઘણા જિલ્લાઓમાં હવામાન વિભાગે આગામી ત્રણ દિવસ સુધી ભારે વરસાદ માટે ઓરેન્જ એલર્ટ જાહેર કર્યું છે. તેને જોતા પાંચ જિલ્લા દેહરાદૂન, ઉત્તરકાશી, નૈનીતાલ, અલ્મોડા અને ઉધમ સિંહ નગરમાં ધોરણ ૧ થી ૧૨ સુધીની તમામ શાળાઓ અને આંગણવાડી કેન્દ્રો બંધ કરી દેવામાં આવ્યા છે. ઉત્તરકાશી અને દેહરાદૂનમાં ૧૦ જુલાઈ, ૧૦ અને ૧૧ જુલાઈએ ઉધમ સિંહ નગર, અલ્મોડામાં ૧૦ થી ૧૨ જુલાઈ અને નૈનીતાલમાં ૧૦ થી ૧૩ જુલાઈ સુધી ચાર દિવસની રજા જાહેર કરવામાં આવી છે. હવામાન વિભાગે આગામી ૫ દિવસમાં પશ્ચિમ બંગાળ અને સિક્કિમ, આસામ અને મેઘાલય, અરુણાચલ પ્રદેશ, નાગાલેન્ડ અને મણિપુરમાં ભારે વરસાદની આગાહી કરી છે.

### આરોપીઓ દોષી ઠેરવાશે તો ૩૦ વર્ષની થશે જેલ

## USમાં કોરોના સમયે ૫.૩ કરોડ ડોલરનું થયું હતું ફ્રોડ

### રોગચાળા દરમિયાન લાખો લોકો જીવન માટે સંઘર્ષ કરી રહ્યા છે

। ન્યૂયોર્ક, તા.૧૦ ।

કોરોનાકાળમાં થયેલા અનેક ગોટાળા હવે દિવસેને દિવસે સામે આવી રહ્યા છે. ત્યારે અમેરિકામાંથી એક મોટો ગોટાળો સામે આવ્યો છે. અમેરિકામાં કુલ ૧૪ લોકો પર કોરોનાકાળમાં ખોટી રીતે કોવિડ રાહત કાર્યક્રમ હેઠળ ૫.૩ કરોડ ડૉલરની લોન લેવાનો આરોપ લાગ્યો છે. આ ગોટાળામાં મોટા ભાગના ભારતીયો સંકળાયેલા છે. ટેક્સાસના ઉત્તરી જિલ્લાના અમેરિકાના અટૉર્નીએ જણાવ્યુ હતુ કે, આરોપીઓની છેલ્લા અઠવાડિયે ટેક્સાસ, કેલિફોનિયા અને ઓક્લાહોમમાં PMRC ટાસ્ક ફોર્સ સામે દ્વારા તપાસ બાદ ધરપકડ કરવામાં આવી હતી. અમેરિકામાં ૧૪ લોકો પર કોરોના સમયગાળા દરમિયાન કથિત રીતે ખોટી રીતે લોન લેવાનો આરોપ છે,૧૪માંથી ૧૦ આરોપીઓ ભારતીય મૂળના છે. આરોપ છે કે આ લોકોએ કોવિડ રાહત કાર્યક્રમ હેઠળ કુલ ઈ૫૩૦ મિલિયનની લોન લીધી હતી. ટેક્સાસના નોર્ધન ડિસ્ટ્રિક્ટના યુએસ એટર્નીએ જણાવ્યું હતું કે આરોપીઓની ગયા અઠવાડિયે ટેક્સાસ, કેલિફોર્નિયા અને ઓક્લાહોમામાં પેન્ડેમિક રિસ્પોન્સ એકાઉન્ટબિલિટી કમિટી ફ્રોડ ટાસ્ક ફોર્સ દ્વારા ધરપકડ કરવામાં આવી હતી. આરોપ મુજબ, આ ૧૪ લોકોએ પેચેક પ્રોટેક્શન પ્રોગ્રામ હેઠળ ઈ૫૩ મિલિયનથી વધુની વિવિધ નાણાકીય સંસ્થાઓ સાથે છેતરપિંડી કરી છે. પેચેક પ્રોટેક્શન પ્રોગ્રામ કોવિડ -૧૯ મહામારી દરમિયાન શરૂ કરાયેલ એક નાણાકીય કાર્યક્રમ છે. ટેક્સાસના નોર્ધન ડિસ્ટ્રિક્ટના યુએસ એટર્ની લે સિમોન્ટને આરોપોની ગંભીરતા પર ભાર મૂકતા કહ્યું કે સરકાર સાથે છેતરપિંડી કરવીએ અમેરિકન કરદાતાઓનું અપમાન છે. રોગચાળા દરમિયાન લાખો લોકો જીવન માટે સંઘર્ષ કરી રહ્યા છે.

### શ્રાવણના પ્રથમ સોમવારે જ મોટી દુર્ઘટના

## ગંગા ઘાટ પર પાણી લેવા જતાં ચાર બાળકો ડૂબી ગયા

। કટિહાર, તા.૧૦ ।

પવિત્ર શ્રાવણ માસના પ્રથમ સોમવારે જ બિહારમાં મોટી દુર્ઘટના સર્જાવાના મોટા અહેવાલ સામે આવ્યા છે. બિહારના કટિહાર જિલ્લામાં કાઢાગોલા ઘાસ પાસે સ્નાન દરમિયાન ૬ બાળકો ડૂબ્યા હોવાની ઘટના સામે આવી છે. આ તમામ પૂજા માટે ગંગા ઘાટ પર પાણી લેવા આવ્યા હતા. આ દુઃખદ ઘટના જિલ્લાના બરારી બ્લોકના કાઢાગોલા ગંગા ઘાટ પાસે બની છે. ગંગામાં ડુબેલા ૬ બાળકોમાંથી ૨ બાળકોનો જીવ બચાવી લેવાયો છે, જ્યારે ૪ બાળકોના મોત નિપજ્યા છે. મળતા અહેવાલો મુજબ આ તમામ બાળકો કોઢાગોલા બ્લોકના ખેરિયા ગામમાંથી ગંગા સ્નાન કરવા માટે કાઢાગોલા ઘાટ પર આવ્યા હતા. ઘટના બાદ સ્થાનિક લોકોએ તુરંત તમામ કિશોરોને નજીકના આરોગ્ય કેન્દ્રમાં લઈ ગયા હતા, જેમાંથી ડોક્ટરોએ ૪ બાળકો મૃત જાહેર કર્યા છે.

મૃતકોમાં તરુણ દાસનો પુત્ર શિવમ કુમાર (૧૫ વર્ષ), રતન દાસનો પુત્ર મોહન કુમાર (૧૮ વર્ષ), સંજય દાસનો પુત્ર હર્ષ કુમાર (૧૪ વર્ષ) અને પપ્પુ કુમાર (૧૬ વર્ષ)નો સમાવેશ થાય છે. આ તમામ કોઢા બ્લોકના એક જ ગામમાં રહેતા હતા.

## તનિષ્ક દ્વારા 'બ્રાઇડ્સ ઓફ ગુજરાત ગ્રાન્ડ ફિનાલે'નું આયોજન

તનિષ્ક દ્વારા રિવાહ, ટાટાના હાઉસની ભારતની સૌથી મોટી જ્વેલરી રિટેલ બ્રાન્ડ તનિષ્કની વેડિંગ જ્વેલરી સબ બ્રાન્ડ 'ધ બ્રાઈડ્સ ઑફ ગુજરાત' રજૂ કરે છે. એક ખાસ ગ્રાહક કનેક્ટ અને બેસ્પોક પહેલ જે પસંદ કરેલા થોડા ગ્રાહકોને ગુજરાતમાં તનિષ્કનો ચહેરો બનાવે છે. તનિષ્કે સરખેજ ગાંધીનગર હાઈવે, અમદાવાદની શાલ્બી હોસ્પિટલ સ્પ્રિંગ વેલી મુમતપુરા સામે કર્ણાવતી ક્લબ ગોલ્ડન ગ્લોરી હોલમાં ૪૦૦ જેટલા સહભાગીઓ સાથે 'ધ બ્રાઈડ્સ ઑફ ગુજરાત' માટે ગ્રાન્ડ ફિનાલેનું આયોજન કર્યું હતું જેમાં




ફેશન શો ઈવેન્ટની મુખ્ય હાઈલાઈટ હતી. તનિષ્કે રંગીન રત્નોની સાથે દુર્લભ અને કિંમતી હીરાના તેના નવીનતમ ઉત્કૃષ્ટ સંગ્રહ 'ટેલ્સ ઓફ મિસ્ટિક' કલેક્શનને પણ લોન્ચ કર્યું. આ પ્રદર્શનમાં તનિષ્ક ટેલ્સ ઓફ મિસ્ટિક સેલેસ્ટે એક્સ સચિન તેંડુલકર, રોમાન્સ ઓફ પોલ્કી અને રેડ કાર્પેટ કલેક્શન તેના ગ્રાહકો માટે પ્રસ્તુત કરતું મનમોહક કલેક્શન પ્રદર્શિત કરવામાં આવ્યું હતું. આ પ્રદર્શન પછી ધ બ્રાઈડ્સ ઓફ ગુજરાત ઈવેન્ટ યોજાઈ હતી જેમાં અમદાવાદ, વડોદરા અને સુરત જેવા ગુજરાતભરના શહેરોમાંથી વરરાજાઓએ ભાગ લીધો હતો જ્યાં ટોચની ૫ દુલ્હનોને તનિષ્કના ચહેરા તરીકે પસંદ કરવામાં આવી હતી.

**વિશેષ લેખ** | દુનિયાભરમાં વિવિધ ક્ષેત્રોમાં સૌથી યુવાન દેશ ભારતની યુવા શક્તિની વધતી માંગ

# ૨૦૦૯થી કાર્યરત "ગુજરાત કૌશલ્ય વિકાસ મિશન" અંતર્ગત તાલીમ મેળવી લાખો યુવાનોએ પ્રાપ્ત કર્યું આત્મનિર્ભર જીવન

જુલાઈ મહિનાની ૧૧ તારીખે વિશ્વ વસ્તી દિવસની ઉજવણી કરવામાં આવે છે. ત્યારે વિશ્વના સૌથી વધુ વસ્તી ધરાવતા અને સૌથી યુવાન દેશ ભારતમાં યુવાનોના કૌશલ્યવર્ધન માટે કેન્દ્ર સરકાર કટિબદ્ધ છે. સાથોસાથ ગુજરાતનો યુવાન કૌશલ્ય અને રોજગાર ક્ષેત્રે અગ્ર હરોળમાં સ્થાન પામે તે માટે મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલની આગેવાનીમાં રાજ્ય સરકાર પણ પ્રયાસરત છે. ગુજરાતને રોજગારીના ક્ષેત્રમાં અવ્વલ રાખવામાં ગુજરાત કૌશલ્ય વિકાસ મિશનની મહત્વપૂર્ણ ભૂમિકા છે.

**શું છે ગુજરાત કૌશલ્ય વિકાસ મિશન ?**

ગુજરાત કૌશલ્ય વિકાસ મિશન (GSDM)ની સ્થાપના ફેબ્રુઆરી, ૨૦૦૯માં રાજ્ય સ્તરની વ્યૂહરચના અને કૌશલ્ય વિકાસ થકી રોજગાર તરફ દોરી જતા કાર્યક્રમોનું સંકલન કરવા માટે કરવામાં આવી છે. GSDM ગુજરાતમાં રોજગારલક્ષી કૌશલ્ય વિકાસ અને ઉદ્યોગસાહસિકતાની પ્રવૃત્તિઓ પર દેખરેખ, સંકલન અને સંચાલન માટે સર્વોચ્ચ સંસ્થા તરીકે કાર્ય કરે છે. આ મિશનનો ઉદ્દેશ્ય રાજ્યના તમામ કૌશલ્ય વિકાસ કાર્યક્રમોના સંપૂર્ણ ચિત્ર પ્રસ્તુત કરવાની સાથે માહિતી એકત્રિત કરવાનો છે. વિવિધ યોજનાઓ હેઠળ ઉમેદવારોના કૌશલ્ય, વિસ્તાર અને લાભાર્થી જૂથનો અભ્યાસ કરીને તાલીમ પામેલા કેટલા યુવાનોને રોજગારી મળી છે તેનો અભ્યાસ કરવાનો છે.

આ ઉપરાંત રાજ્યમાં કૌશલ્ય વિકાસના પ્રયાસોને સુવ્યવસ્થિત કરી એવા વાતાવરણનું સર્જન કરવું. જેમાં ભારત અને વિશ્વમાં કુશળ માનવબળની વધતી જતી બજારની માંગને પહોંચી વળવા અને બદલાતા




પ્રવાહો વચ્ચે સતત વ્યક્તિત્વ વિકાસ અને તાલીમ થકી યુવાનોને રોજગાર આપવાનો છે. ગુજરાત કૌશલ્ય વિકાસ મિશન અંતર્ગત આવતી વિવિધ યોજના

**ગુજરાત કૌશલ્ય વિકાસ મિશનના ઉદ્દેશ્યો**

- રાજ્યમાં યુવાનોની રોજગાર ક્ષમતા વધારવા માટે એક સંકલિત વ્યૂહરચના તૈયાર કરવી.
- કૌશલ્ય વિષયક વર્તમાન સ્થિતિનું સર્વેક્ષણ/સંશોધન કરવું
- કૌશલ્ય વિકાસ માટે વ્યાપક વ્યૂહરચના બનાવવી.
- લક્ષ્યાંકની દૃષ્ટિએ વ્યૂહરચનાને કૌશલ્ય મુજબ અને લાભાર્થી મુજબ અલગ-અલગ કરવા
- શિક્ષણ, આદિજાતિ વિકાસ, શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગ, પંચાયત અને ગ્રામીણ ગૃહ નિર્માણ તથા ગ્રામ વિકાસ વિભાગ, ઉદ્યોગ અને ખાણ વિભાગ, શ્રમ અને કૌશલ્ય વિકાસ અને રોજગાર વિભાગ, સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગ સાથે સંકલનમાં રહીને તેમને તાલીમબદ્ધ કર્મચારીઓ પૂરા પાડવા.

ગુજરાત કૌશલ્ય વિકાસ મિશન સાથે સંલગ્ન યોજનાઓ અને કાર્યક્રમો

**૧. પ્રધાનમંત્રી કૌશલ્ય વિકાસ યોજના**

વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના દેશમાં કૌશલ્ય વિકાસને પ્રોત્સાહન આપવા તથા કૌશલ્યવર્ધનની ટૂંકાગાળાની નિઃશુલ્ક તાલીમ આપી પ્રમાણપત્ર તેમજ નાણાકીય પુરસ્કાર થકી યુવાનોને પ્રોત્સાહિત કરવાના વિચારને સાકાર કરવા માટે પ્રધાનમંત્રી કૌશલ વિકાસ યોજના (PMKVY) યોજનાનું પ્રથમ સંસ્કરણ ૨૦૧૫માં શરૂ કરવામાં આવ્યું હતું. હાલમાં પ્રધાનમંત્રી કૌશલ્ય વિકાસ યોજના ૩.૦ કાર્યરત છે. જે અંતર્ગત યુવાનોને તાલીમબદ્ધ કરી લાંબાગાળાની ઓળખ પ્રસ્થાપિત કરી રોજગારી મેળવવામાં મદદરૂપ થવાનો છે.

**૨. મુખ્યમંત્રી કૌશલ્ય વિકાસ પહેલ**

રાજ્યને ગુણવત્તાયુક્ત કૌશલ્ય માળખા સાથે સુસજ્જ કરવા અને વિશ્વને પહોંચાડવા માટે રાજ્યમાં એક સંકલિત, એકીકૃત અને સહયોગી પ્રયાસોને સંસ્થાકીય બનાવવા માટે આ પહેલને શરૂ કરવામાં આવી છે. જેના થકી કૌશલ્ય પ્રશિક્ષણ અને કૌશલ્ય ઈકોસિસ્ટમનો વિકાસ કરી તાલીમાર્થીઓને રોજગાર ઉપલબ્ધ કરાવવાનો મુખ્ય ઉદ્દેશ્ય છે. રાજ્યના જ વિવિધ વિભાગો જેવા કે શિક્ષણ, આદિજાતિ વિકાસ, શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગ, પંચાયત અને ગ્રામીણ ગૃહ નિર્માણ તથા ગ્રામ વિકાસ વિભાગ, ઉદ્યોગ અને ખાણ વિભાગ, શ્રમ અને કૌશલ્ય વિકાસ અને રોજગાર વિભાગ, સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગને તાલીમબદ્ધ કર્મચારીઓ આપવાનો છે.

**૩. સક્ષમ**

ગુજરાત કૌશલ્ય વિકાસ મિશન (GSDM) ની 'સક્ષમ'–દ્રફદ્ર ૨.૦ યોજનાનો હેતુ રાજ્યમાં ગ્રામ્ય તેમજ શહેરી વિસ્તારમાં લાભાર્થીઓના જૂથ માટે કૌશલ્ય અને ઉદ્યોગસાહસિકતા વિકસાવતા કાર્યક્રમો યોજવાનો છે. જે અંતર્ગત જિલ્લા/બ્લોક સ્તરે કૌશલ્ય વર્ધન કેન્દ્ર (KVK) ની સ્થાપના કરવામાં આવે છે. આ કેન્દ્રોમાં મહિલાઓ, એસસી અને એસટી, ટ્રાન્સજેન્ડર, પીડબલ્યુડી, માનસિક બીમારીમાંથી સાજા થયેલા દર્દીઓ, વરિષ્ઠ નાગરિકો વગેરે જૂથો માટે વિશેષ પ્રોજેક્ટ્સનું આયોજન કરી તેમને આર્થિક ઉપાર્જનના મુખ્યપ્રવાહમાં સામેલ કરવાનો છે.

**૪. પ્રોજેક્ટ સંકલ્પ**

આ યોજનાનો ઉદ્દેશ્ય ઉદ્યોગોને તાલીમમાં ભાગીદાર બનવા પ્રોત્સાહિત કરવાનો છે. સાથોસાથ સામાન્ય કૌશલ્યના ધોરણો સાથે સંલગ્ન રહીને સરકારના સમર્થન દ્વારા યુવાનોને ઉદ્યોગ સંબંધિત તાલીમ અને રોજગારની ખાતરી આપવાનો છે.

**૫. નેશલન સ્કીલ ક્વોલિફિકેશન ફ્રેમવર્ક કૌર્સિસ**

નેશનલ સ્કિલ ક્વોલિફિકેશન ફ્રેમવર્ક (NSQF) જ્ઞાન, કૌશલ્ય અને યોગ્યતાના સ્તરોની શ્રેણી અનુસાર તાલીમનું આયોજન કરે છે. આ કોર્સિસના માધ્યમથી વ્યક્તિ ઈચ્છિત યોગ્યતાના સ્તરો પ્રાપ્ત કરવા, નોકરી માટે સક્ષમ બનવા તથા પોતાને વધુ અપગ્રેડ કરવામાં મદદરૂપ થાય છે. આ કોર્સિસ ગૃહિણીઓ અને વિદ્યાર્થીઓ માટે કૌશલ્યવર્ધનનો શ્રેષ્ઠ વિકલ્પ બની શકે છે.

**૬. એપ્રેન્ટિસશીપ**

કોઈપણ રાષ્ટ્રના ઔદ્યોગિક વિકાસ માટે માનવ સંસાધનનો વિકાસ મહત્વપૂર્ણ છે. કૌશલ્યોનું અપ ગ્રેડેશન એ માનવ સંસાધન વિકાસનું મહત્વનું ઘટક છે. માત્ર સંસ્થાઓમાં આપવામાં આવતી તાલીમ કૌશલ્યોના સંપાદન માટે પર્યાપ્ત નથી અને કાર્યસ્થળ પર તાલીમ દ્વારા તેને પૂરક બનાવવાની જરૂર છે. એપ્રેન્ટિસ એક્ટ, ૧૯૬૧ ઉદ્યોગ માટે કુશળ માનવબળની જરૂરિયાતોને પહોંચી વળવા માટે પ્રાયોગિક તાલીમ આપવા માટે ઉદ્યોગમાં ઉપલબ્ધ સુવિધાઓનો સંપૂર્ણ ઉપયોગ કરવાના મુખ્ય ઉદ્દેશ્ય સાથે ઘડવામાં આવ્યો હતો. શરૂઆતમાં, અધિનિયમમાં વેપાર એપ્રેન્ટિસ માટે એપ્રેન્ટિસશિપ તાલીમ આવરી લેવામાં આવી હતી અને ત્યારબાદ અનુક્રમે સ્નાતકો, ટેકનિશિયન, ટેકનિશિયન (વોકેશનલ) અને વૈકલ્પિક ટ્રેડ એપ્રેન્ટિસને તેના કાર્યક્ષેત્ર હેઠળ લાવવા માટે ૧૯૭૩, ૧૯૮૬ અને ૨૦૧૪ માં સુધારો કરવામાં આવ્યો હતો.

અત્યાર સુધીમાં ગુજરાત કૌશલ્ય વિકાસ મિશન હેઠળ વિવધ યોજનાઓ અને કાર્યક્રમોના માધ્યમથી તાલીમ મેળવીને રાજ્યના લાખો લોકોએ રોજગારી મેળવી છે. આમ, આ મિશન ખરા અર્થમાં રોજગાર મેળવનાર લોકો માટે જીવન જીવવાની નવી રાહ સમાન સાબિત થયું છે.

## ન્યૂઝ બ્રિફ

### અનિડા ગામે સીમ વિસ્તારમાં સિંહના હુમલાની ઘટના બની

। જામનગર, તા.૧૦ ।

બોટાદ જિલ્લાના ગઢડા તાલુકાના અનિડા ગામે સીમ વિસ્તારમાં સિંહના હુમલાની ઘટના બની છે, જેને લઈ વન વિભાગના ઉચ્ચ અધિકારી સહિતનો કાફલો ઘટના સ્થળે પહોંચ્યો છે. જ્યારે ઈજાગ્રસ્તને સારવાર માટે હોસ્પિટલ ખસેડવામાં આવ્યો છે. અહીં સિંહનુ લોકેશન હોવાનુ વન વિભાગના અધિકારીએ પુષ્ટિ કરી છે અને ડોક્ટરની ટીમ બોલાવેલી છે. માનવભક્ષી સિંહને રેસ્ક્યૂ કરવાની કામગીરી હાથ ધરાઈ છે તેવું વન વિભાગના અધિકારીઓએ જણાવ્યું. ત્યારે આ વચ્ચે એક રસપ્રદ બાબત સામે આવી છે. છેલ્લા ઘણા દિવસોથી બોટાદ જિલ્લામાં પણ સિંહના આંટાફેરા જોવા મળી રહ્યા હતા. ભાવનગર જિલ્લાના પાલીતાણા, મહુવા, તળાજા અને ગારીયાધાર વિસ્તારમાં વિસ્તારમાં મોટી સંખ્યામાં સિંહનો વસવાટ છે. જોકે હવે સિંહે તેનો વિસ્તાર વધાર્યો હોય તેમ થોડા દિવસોથી બોટાદ જિલ્લાના ગઢડા આજુબાજુના ગ્રામ્ય પંથકમાં પણ સિંહના સગડ મળી રહ્યા છે.

### ઇડરમાં બે કલાકમાં ૪ ઈંચ વરસાદ ખાબક્યો

। સાબરકાંઠા, તા.૧૦ ।

રાજ્યમાં ઠેર ઠેર ધોધમાર વરસાદ વરસી રહ્યો છે જેના પગલે ક્યાંક લોકોને મુશ્કેલીનો સામે કરવો પડી રહ્યો છે તો ક્યાંક ખુશીનો માહોલ જોવા મળી રહ્યો છે. સાબરકાંઠામાં વરસાદના પગલે જળબંબાકાર જેવી સ્થિતિ સર્જાઈ છે. વરસાદની તોફાની બેટિંગને લઈ ઈડરમાં આભ ફાટ્યો હોય તેવા દ્રશ્યોનું નિર્માણ થયું છે તો બીજી તરફ તલોદમાં ૫ ડીપ બંધ કરાયા છે. સાબરકાંઠાના તલોદમાં ૯ ઈંચ વરસાદથી જળબંબાકાર જેવી પરિસ્થિતિ નિર્માણ પામી છે. ભારે વરસાદને લઈ છત્રીસા ગામ બેટમાં ફેરવાયુ છે જેને લઈ તાલુકા વિકાસ અધિકારી સહિતનુ વહીવટી તંત્ર ઘટનાસ્થળે દોડી આવ્યું હતું. પાણી ભરાતા ૧૦૦ લોકોનું સ્થળાંતર કરાયુ હતું.

### આડેધડ ફેંકાતા કચરાના કારણે શહેરીજનો મુશ્કેલીમાં

# અમદાવાદમાં એઠવાડનો પ્રશ્ન હલ કરવા AMCએ આરંભી કવાયત

## ખાણી-પીણી બજારો, મોલ જેવા એકમો પાસેથી કિચન વેસ્ટ એકઠો કરી પીરાણા ડમ્પિંગ સાઈટ ખાતે ઠાલવવાનો કોન્ટ્રાક્ટ અપાશે

। અમદાવાદ, તા.૧૦ ।

અમદાવાદના શહેરીજનોને રોડ પર આડેધડ ફેંકાતા કચરાના કારણે મુશ્કેલીમાં મુકાવું પડે છે. ખાસ કરીને ખાણી-પીણીનાં બજારો તેમજ ખાણી-પીણીના વિવિધ એકમો મોડી રાતે તેમનો વધેલો એઠવાડ રોડ પણ બિનધાસ્તપણે ફેંકતા હોય છે, જેના કારણે મોર્નિંગ વોકમાં નીકળેલા અનેક નાગરિકોની સવાર બગડે છે. એઠવાડ ફેંકવાના કારણે રખડતાં ઢોર ઉપરાંત એઠવાડ ખાતાં કૂતરાં, ડુક્કર વગેરેનાં વરવાં દશ્યો સવારથી નાગરિકોને જોવા પડે છે. લોકોના પગની અડફેટે ચઢતા એઠવાડનો પ્રશ્ન હલ કરવા મ્યુનિસિપલ કોર્પોરેશને કવાયત આરંભી છે. ખાસ કરીને પશ્ચિમ અમદાવાદમાં આ સમસ્યાનું ઝટ નિરાકરણ આવે તેવું લાગી રહ્યું છે. રોડ પર કેટલાંક નઠારા તત્ત્વો ઘરનો કચરો ફેંકતાં હોય છે. અમુક જગ્યાએ વિવિધ કન્સ્ટ્રક્શનના ડેબ્રિજનો ઢગલો જોવા મળે છે. રોડ પરના કચરામાં હોટલ અને રેસ્ટોરાં, મોલ, હોલ, ખાણી-પીણીનાં બજારો, કેન્ટીન, લગ્ન પ્રસંગના મંડપ જેવા એકમોના કિચન વેસ્ટ એટલે કે ખાદ્યપદાર્થોનો કચરો પણ ઉમેરાય છે. મ્યુનિસિપલ કમિશનર એમ. થેન્નારસન દ્વારા શહેરમાં સ્વચ્છતા ઝુંબેશને ગંભીરતાથી લેવાઈ છે. લોકો પોતાના



ઘરેલુ કચરાને સૂકો અને ભીનો એમ અલગ પાડીને ડસ્ટબિનમાં એકત્રિત કરે અને તંત્રની કચરાગાડીને આપે તે માટે સમયાંતરે ખાસ વિવિધ પ્રકારના જાગૃતિ કાર્યક્રમો તંત્ર દ્વારા ચલાવાય છે. આ માટે નાગરિકોને ૧૦ લિટર ક્ષમતાનાં ભૂરા અને લીલા રંગનાં ડસ્ટબિન પણ વિનામૂલ્યે અપાઈ રહ્યાં છે. પ્રતિબંધિત પ્લાસ્ટિક રોડ પર નજરે ન પડે તે માટે પણ કમિશનર થેન્નારસનના આદેશથી તંત્ર રોજેરોજ આ મામલે વિવિધ બજારોમાં ચેકિંગ હાથ ધરી કસૂરવાર ધંધાર્થીઓને દંડે છે.

જોકે, કિચન વેસ્ટના મામલે પણ હવે તંત્ર ખૂબ ગંભીર બન્યું છે. અગાઉ પણ કમિશનરે સંબંધિત વિભાગને કિચન વેસ્ટના અસરકારક નિકાલ માટે જે તે હોટલ-રેસ્ટોરાં વગેરેની યાદી બનાવીને તે તમામને કિચન વેસ્ટના કોન્ટ્રાક્ટ હેઠળ આવરી લેવાની તાકીદ કરી હતી. અનેકવાર ઘણી હોટલ-રેસ્ટોરાં અને અન્ય ખાણી-પીણીના એકમોના લેભાગુ સંચાલકો કિચન વેસ્ટના કોન્ટ્રાક્ટથી બચવાનો પ્રયાસ કરતા જોવા મળ્યા છે.

ખાદ્યપદાર્થોના કચરાના મામલે પશ્ચિમ અમદાવાદની વાત કરીએ તો આ વિસ્તારમાં આવેલા ત્રણ ઝોન એટલે કે પશ્ચિમ ઝોન, ઉત્તર-પશ્ચિમ ઝોન અને દક્ષિણ-પશ્ચિમ ઝોનમાં આવેલા હોટલ-રેસ્ટોરાં, ખાણી-પીણીનાં બજારો, વાડી- હોલ, મોલ જેવા એકમોમાં ઉત્પન્ન થતા કિચન વેસ્ટને સ્થળ ઉપરથી જ અલગ અલગ એકત્ર કરી પોતાના બંધ બોડીના વાહન દ્વારા તેના પીરાણા ડમ્પિંગ સાઈટ ખાતે નિકાલ કરવાની કામગીરી માટે ઈ-ટેન્ડર બહાર પડાયું છે.

### તમામ વયના લોકોમાં જોવા મળ્યું ઇન્ફેક્શન

# સુરતમાં આંખમાં ઇન્ફેક્શનના કેસોમાં મોટો ઉછાળો આવ્યો

## સુરત સિવિલ હોસ્પિટલમાં આવતા દર્દીઓમાંથી ૪૦% જેટલા દર્દીઓની આંખમાં ઇન્ફેક્શન જોવા મળી રહ્યું છે

। સુરત, તા.૧૦ ।

ચોમાસાની ઋતુ શરૂ થતાની સાથે જ વિવિધ પ્રકારના રોગચાળામાં સતત ઉછાળો જોવા મળી રહ્યો છે. પાણીજન્ય અને મચ્છરજન્ય રોગો બાદ હવે કંજંક્ટિવાઈટિસના રોગમાં વધારો જોવા મળી રહ્યો છે. સુરત સિવિલ હોસ્પિટલમાં આવતા દર્દીઓમાંથી ૪૦% જેટલા દર્દીઓની આંખમાં ઈન્ફેક્શન જોવા મળી રહ્યું છે. સતત વધી રહેલા કંજંક્ટિવાઈટિસ બીમારીના કારણે ડોક્ટરો પણ સાવચેત રહેવા માટે જણાવી રહ્યાં છે. છેલ્લા પખવાડિયાથી સુરત શહેરમાં કંજંક્ટિવાઈટિસ (આંખ આવવા)નો વાવર દેખાઈ રહ્યો છે. આંખના રોગના નિષ્ણાંત ડૉ.ઈશા પટેલના કહેવા મુજબ શહેરમાં કંજંક્ટિવાઈટિસના કેસ ૪૦ ટકા જેટલા વધ્યા છે. એડીનો વાયરસ, ઈકો વાયરસ, કોકાઈ વાયરસ અને ફ્લૂ જેવા ઘણા વાયરસથી કંજંક્ટિવાઈટિસ થાય છે. હાલ મોટી ઉંમરના લોકોની સાથે બાળકોમાં આ બીમારી જોવા મળી રહી છે. જેના લક્ષણો અર્થાત ક્લિનીક પેટર્ન જોતા ‘એડીનો વાયરસ’ના ચેપને કારણે કંજંક્ટિવાઈટિસના કેસ વધ્યા હોવાનું જણાઈ રહ્યું છે. તેમણે જણાવ્યું કે, ‘એડીનો વાઈરસ’ને કારણે શરદી, ખાંસી, તાવ, ઝાડા અને આંખનો ચેપ થાય છે. બીજા વાયરસની તુલનામાં ‘એડીનો વાયરસ’ને કારણે થતું કંજંક્ટિવાઈટિસ વધારે ગંભીર હોય છે. એર બોર્ન ડ્રોપલેટ્સ એટલે કે ખાંસી કે છીંક ખાતી વખતે એ કફ સાથે હવામાં ફેંકાતા કણો અને ડાયરેક્ટ કોન્ટેક્ટથી ફેલાતો હોઈ સંક્રમિત વ્યક્તિના સંપર્કમાં આવનારા ૯૦ ટકા લોકોને કંજંક્ટિવાઈટિસનો ચેપ લાગવાની શક્યતા રહેલી છે. શહેરમાં કંજંક્ટિવાઈટિસનો ચેપ ખૂબ જ ઝડપથી પ્રસરી રહ્યો છે.

સુરત શહેરના સિવિલ હોસ્પિટલમાં હાલ ચોમાસા દરમિયાન રોજિંદી ૩૦૦ જેટલી આંખ વિભાગ પાસે ઓપીડી આવે છે, જેમાંથી ૪૦% એટલે કે ૧૦૦થી વધુ દર્દીઓ કંજંક્ટિવાઈટિસ રોગના જોવા મળી રહ્યા છે. છેલ્લા ૧૫ દિવસથી આ બીમારીના દર્દીઓની સંખ્યામાં સતત વધારો જોવા મળી રહ્યો છે. જેના કારણે ત્યાં એવી ગેરમાન્યતા છે કે કોઈકની આંખોમાં જોવાથી આ રોગ થઈ શકે છે જે વાત તદ્દન ખોટી હોવાનુ પણ ડોક્ટર જણાવી રહ્યા છે. આંખ રોગના નિષ્ણાંત ડૉ.ઈશા પટેલના જણાવ્યા અનુસાર, પિંક આઈઝ તરીકે ઓળખાતી આ બીમારીમાં જો ચેપ તીવ્ર હોય તો આંખના પારદર્શક પટલ કે આંખને હાનિ થઈ શકે છે.

### ભાવ વધતા લોકોની જીવન જરૂરિયાત શાકભાજીની પણ ચોરી થવા લાગી

# સુરતના માર્કેટમાંથી ટામેટાંની ચોરી કરનાર આરોપી ઝડપાયો

## ટામેટા ચોરીની આ ઘટના સીસીટીવીમાં પણ કેદ થઈ હતી, હવે પોલીસે સીસીટીવીના આધારે ચોરની ધરપકડ કરી

। સુરત, તા.૧૦ ।

ગુજરાત સહિત અનેક દેશોમાં ટામેટાંના ભાવમાં સતત વધારો થઈ રહ્યો છે. ટામેટાંની કિંમત આસમાને પહોંચી ગઈ છે. દેશભરમાં ટામેટા ૧૫૦થી ૨૦૦ રૂપિયા પ્રતિ કિલો મળી રહ્યાં છે. આ વચ્ચે ટામેટાં પર હવે ચોરોની નજર પડી છે. અનેક જગ્યાએ ટામેટાની ચોરી થવાની ઘટના સામે આવી રહી છે. સુરતમાં પણ એક ચોરે ટામેટાંની ચોરી કરી હતી. આ ઘટનાની પોલીસમાં ફરિયાદ દાખલ કરવામાં આવી હતી. ટામેટા ચોરીની આ ઘટના સીસીટીવીમાં પણ કેદ થઈ હતી. હવે પોલીસે સીસીટીવીના આધારે ચોરની ધરપકડ કરી છે. બજારમાં શાકભાજીના ભાવ વધતા લોકોની જીવન જરૂરિયાત એવા શાકભાજીની પણ ચોરી થવા લાગી છે. ત્રણ દિવસ પહેલા મોટા વરાછા વિસ્તારમાંથી બટેકાની ચોરી થયા બાદ હવે ટામેટાની પણ ચોરીની ઘટના સામે આવી છે. બજારમાં ટામેટાના ભાવ ૨૦૦ને પાર થતાં હવે ટામેટાંની ચોરી પણ થવા માંડી છે. કાપોદ્રા વિસ્તારમાં આવેલા શાકભાજી બજારમાંથી ૧૫૦ કિલોથી વધુના ટામેટા ની ચોરી થઈ હોવાની ઘટના સામે આવી છે. માર્કેટમાંથી ટામેટાની ચોરી સીસીટીવીમાં કેદ થઈ છે. હાલ બજારમાં શાકભાજીના ભાવ આસમાને પહોંચી રહ્યા છે. ત્યારે ચોરો પણ કિંમતી ચીજ વસ્તુ નહીં પરંતુ જીવન જરૂરિયાતની ગણાતી શાકભાજીની ચોરી કરવા માંડ્યા છે. શહેરના પોલીસ ચોપડે શાકભાજી ચોરી થવાની ફરિયાદ નોંધાઈ રહી છે. સુરતમાં ત્રણ દિવસ પહેલા જ મોટા વરાછા વિસ્તારમાંથી ૧૭ કટ્ટા બટાકાની ચોરીની ફરિયાદ ઉતરાણ પોલીસ મથકમાં નોંધાઈ હતી. ત્યાં કાપોદ્રા વિસ્તારમાંથી વધુ એક શાકભાજી ની ચોરીની ઘટના સામે આવી છે. જેમાં ૨૦૦ કિલોને પાર પહોંચેલા ટામેટાની ચોરીની ઘટના બની છે. સુરતમાં કાપોદ્રા વિસ્તારમાં આવેલા અક્ષર ડાયમંડ નજીક આવેલી શાકભાજી માર્કેટમાંથી ટામેટા, રિંગણ અને લસણની ચોરી થયાની અરજી કાપોદ્રા પોલીસ સ્ટેશનમાં થઈ છે. વેપારી રાત્રે તમામ સામાન બાંધીને ગયા બાદ સવારે આવ્યો તો ટામેટાંની ૩ ગુણની ચોરી થઈ હોવાનું ધ્યાન પર આવ્યું હતું.

કાપોદ્રાની શાક માર્કેટમાંથી ટમેટા સહિતના શાકભાજીની ચોરીની સમગ્ર ઘટના સીસીટીવીમાં કેદ થઈ ગઈ હતી. વેપારીને સવારે શાકભાજીની ચોરી થયા હોવાની જાણ થતા શાક માર્કેટમાં લગાવેલા સીસીટીવીની તપાસ કરી હતી.



ગોધરા ખાતે ભાજપના રાષ્ટ્રીય અધ્યક્ષ જે.પી. નાડ્ડાને જાહેર સભા દરમિયાન ફૂલના હારથી સ્વાગત કરવામાં આવ્યું હતું.

### ગૃહિણીઓનું બજેટ બગડ્યું

# ગુજરાતમાં શાકભાજીના ભાવમાં કમરતોડ વધારો

## સિંહે કહ્યું કે હિમાચલ પ્રદેશ કોબી, કોબીજ અને કેપ્સિકમનો મુખ્ય સપ્લાયર છે, જે દિલ્હીથી અન્ય રાજ્યોમાં સપ્લાય કરે છે

। અમદાવાદ, તા.૧૦ ।

અત્યારે સમગ્ર દેશમાં ટામેટાના ભાવને લઈને હાહાકાર છે ત્યારે ગુજરાતમાં પણ ટામેટાથી લઈને અન્ય શાકભાજી પણ મોંઘા થઈ ગયા છે. શાકભાજીની આવક ઘટવાને લીધે ભાવ પર માઠી અસર પડી છે. આ ભાવ વધારાને કારણે ગૃહિણીઓ ત્રાહિમામ પોકારી ગઈ છે. સરકારે આશા વ્યક્ત કરી છે કે હિમાચલ પ્રદેશ જેવા પહાડી વિસ્તારોમાંથી ટામેટાં અને અન્ય શાકભાજીના આગમનને કારણે ભાવમાં તીવ્ર ઘટાડો થશે. બીજી તરફ અમુક શાકભાજીના ભાવ ઘટવાને બદલે સ્થિર રહી શકે છે, પરંતુ હવે એવું થાય તેમ લાગતું નથી. કારણ કે હિમાચલ પ્રદેશ જેવા વિસ્તારોમાં ભારે વરસાદ ચાલુ છે, જેના કારણે શાકભાજીની લણણી અને માલની હેરફેરમાં અવરોધ આવી રહ્યો છે. આવી સ્થિતિમાં, શાકભાજી ખૂબ જ ઓછી માત્રામાં બજારમાં પહોંચી રહી છે. બેંગલુરુના ઈન્ડિયન ઈન્સ્ટિટ્યૂટ ઓફ હોર્ટિકલ્ચરલ રિસર્ચના ડાયરેક્ટર એસકે સિંહે જણાવ્યું કે ઉત્તર ભારતીય પહાડીઓમાં રેકોર્ડ વરસાદને કારણે આ



અવરોધ સર્જાયો છે. આવી સ્થિતિમાં, ત્યાંથી આવતા શાકભાજીના ભાવમાં વધુ વધારો થઈ શકે છે, જેમાં કોબીજ, કોબીજ, કાકડી, પાંદડાવાળા ગ્રીન્સ અને કેપ્સિકમ જેવા શાકભાજીનો સમાવેશ થાય છે. એસ. કે. સિંહે કહ્યું કે પાણી ભરાવાને કારણે વાઈરસ અને મરડો પાકને સડી જશે, જેના કારણે ભાવમાં વધુ વધારો થઈ શકે છે. સિંહે કહ્યું કે હિમાચલ પ્રદેશ કોબી, કોબીજ અને કેપ્સિકમનો મુખ્ય સપ્લાયર છે, જે દિલ્હીથી અન્ય રાજ્યોમાં સપ્લાય કરે છે.

### પ્રવાસીઓ માટે ચેતવણી રૂપ કિસ્સો

# ટૂર્સ એન્ડ ટ્રાવેલ્સ કંપનીએ ૩૮ પ્રવાસીઓ સાથે રૂા. ૪.૪૧ લાખની છેતરપિંડી કરી

## હરિદ્વાર, દહેરાદૂન, મસૂરી, ઋષિકેશ ૧૩,૩૧૧ રૂપિયામાં લઇ જવાની લાલચ આપી ચીટિંગ કરતાં મામલો પોલીસ સ્ટેશન સુધી પહોંચ્યો

। અમદાવાદ, તા.૧૦ ।

ખોખરા વિસ્તારમાં આવેલા પરિષ્કાર એપાર્ટમેન્ટમાં રહેતા મહર્ષિ શાહે મણીનગર પોલીસ સ્ટેશનમાં હેમાંગ પંચાલ (મહાલક્ષ્મી એપાર્ટમેન્ટ, મણિનગર) વિરુદ્ધ ચીટિંગની ફરિયાદ કરી છે. મહર્ષિ શાહે ત્રણ મહિના પહેલાં મિત્રો સાથે હરિદ્વાર, ઋષિકેશ દર્શન કરવા માટે જવાનો પ્લાન બનાવ્યો હતો જેથી તેમણે મણીનગર ખાતે એચ.એસ.હોલિડેઝ નામની ટૂર એન્ટ ટ્રાવેલ્સની કંપની ધરાવતા હેમાંગ પંચાલનો સંપર્ક કર્યો હતો. મહર્ષિ શાહ ફેસબુક પર સર્ચ કરતા હતા ત્યારે તેમને એચ.એસ.હોલિડેઝની વિગતો મળી હતી. મહર્ષિએ ૩૮ લોકોનું પેકેજ નક્કી કર્યું હતું. જેમાં પુખ્તવયના લોકોની ૧૩,૩૧૧ રૂપિયા ટિકિટ અને બાળકોની ૯,૭૬૦ રૂપિયા ટિકિટ હતી.

૨૬ મેથી ૧ જૂન સુધી ટૂરમાં જવાનું હતુ જ્યારે મહર્ષિએ તમામ ડોક્યુમેન્ટ જમા કરાવી દીધા હતા. ૨૬મીના સવારથી હેમાંગે મહર્ષિના ફોન ઉપાડવાનું બંધ કરી દીધું હતું. મહર્ષિ હેમાંગની ઓફિસ ગયો ત્યારે તેની ઓફિસ પણ બંધ હતી. મહર્ષિએ આ મામલે ઓનલાઈન ચેક કર્યું તો હેમાંગે તમામની ફલાઈટનું બુકિંગ કેન્સલ કરાવી દીધું હતું જ્યારે ટ્રેનની ટિકિટ પણ કેન્સલ કરાવી દીધી હતી.

### સવારથી જ અરવલ્લી જિલ્લામાં ભારે વરસાદ વરસ્યો

# અરવલ્લી જિલ્લામાં અનરાધાર વરસાદ, બજારમાં નદીની જેમ પાણી વહેતા થયા

## મોડાસામાં ૪ ઈંચ વરસાદ વરસ્યો છે બાયડમાં સાડા ત્રણ ઈંચ વરસાદ વરસ્યો છે માલપુરમાં પોણા બે ઈંચ વરસાદ વરસ્યો છે

। અરવલ્લી, તા.૧૦ ।

હવામાન વિભાગની આગાહી વચ્ચે આજે સવારથી જ અરવલ્લી જિલ્લામાં ભારે વરસાદ વરસ્યો છે. અરવલ્લી જિલ્લામાં અનરાધાર વરસાદ વરસ્યો છે. મોડાસા સહિત ધનસુરા, બાયડ, માલપુર, ભીલોડા અને મેઘરજમાં જળબંબાકારની સ્થિતિ સર્જાઈ છે. બપોરના ૪ વાગ્યા સુધીમાં ધનસુરામાં સાડા ચાર ઈંચ વરસાદ ખાબક્યો છે. મોડાસામાં ૪ ઈંચ વરસાદ વરસ્યો છે. બાયડમાં સાડા ત્રણ ઈંચ વરસાદ વરસ્યો છે. માલપુરમાં પોણા બે ઈંચ વરસાદ વરસ્યો છે. મેઘરજમાં દોઢ ઈંચ વરસાદ વરસ્યો છે. ભારે વરસાદના કારણે જિલ્લામાં જળબંબાકારની સ્થિતિ સર્જાઈ છે. ગ્રામ્ય વિસ્તારો પણ પાણીમાં ગરકાવ થયા હતા. મૂશળધાર વરસાદને લઈ મોડાસા ચાર રસ્તા હંગામી બસ સ્ટેશન સહિતના વિસ્તારમાં પાણી ભરાયા છે. મોડાસાના માર્કેટ યાર્ડમાં પણ વરસાદી પાણી ફરી વળ્યા છે. યાર્ડની દુકાનોમાં વરસાદી પાણી ઘૂસી જતાં વેપારીઓ મુશ્કેલીમાં મુકાયા હતા. મોડાસાના મેઘરજ રોડ પર પાણી ભરાતા વાહનચાલકો અને રાહદારીઓને ભારે હાલાકીનો સામનો કરવો પડ્યો છે. જાણે નદીમાંથી વાહનો પસાર થતાં હોય તેવા દ્રશ્યો સર્જાયા હતા. મૂશળધાર વરસાદને લઈ મોડાસાની રામ પાર્ક, બદ્રીનાથ અને કેદારનાથ સોસાયટીમાં પાણી ભરાતા રહીશોને હાલાકી પડી હતી.

ચેનલ નાઈન નેટવર્ક ગુજરાત
દૈનિક સમાચાર પત્ર
ઉપાડો ફોન
9800708900
આ નંબર પર માત્ર વોટ્સએપ મેસેજ જ કરવો
આપની આસપાસ બનતી ઘટનાઓના ફોટાઓ વિડીયો મોકલી આપો
દરેક જાતના પ્રસંગ, ઉમંગ, શાળાઓ, કોલેજોથી લઈને સોસાયટીઓ સુધી અવસરથી લઈને તહેવારો સુધી બધા જ સમાચારોને આવરી લેતુ અખબાર “ચેનલ નાઈન નેટવર્ક ગુજરાત” દૈનિક હંમેશા તૈયાર રહે છે, આપની આસપાસ બનતી રસપ્રદ ઘટનાઓની માહિતી વોટ્સએપ નંબર ઉપર અથવા ઈ-મેઈલ પર અમને લખીને મોકલો...
cnngujarat@gmail.com

માલિક - મુદ્રક - પ્રકાશક અને તંત્રી પટેલ સુરેશ રમણલાલ દ્વારા એલાઈડ ઓફસેટ પ્રિન્ટર્સ (ગુજરાત) પ્રા.લિ. ૧૪/૨, કાલીદાસ મીલ કમ્પાઉન્ડ, ગોમતીપુર, અમદાવાદ-૨૧. ખાતેથી છપાવી ૩૧૫ - સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રોડ, વસ્ત્રાપુર, અમદાવાદ - ૩૮૦ ૦૧૫ ખાતેથી પ્રકાશિત. ફોન : ૯૯૨૪૦૦૦૭૩૩, ૯૯૯૮૮૫૦૯૯૨